કોંગ્રેસ પત્રિકા

[illegible] [illegible]

અર્ધ વિરામ

વ્હાલાઓ!

[illegible] દસ મહિનો [illegible] રહેશે, ને આજે તમારી [illegible] [illegible] [illegible]. ત્યારે અમને [illegible] નથી છતાં અમે તમારાથી દૂર નથી અને [illegible] [illegible] તમારા [illegible] આવી ગઈ છે. ફરીથી [illegible] [illegible] પ્રસંગોએ વધારે [illegible] [illegible] પ્રચાર થતો રહ્યો છે. [illegible] શહેરોને [illegible] [illegible] [illegible] [illegible] હતો. એ સિવાય [illegible] [illegible] [illegible] [illegible], એવો [illegible] [illegible] સામે [illegible] [illegible], તેમજ [illegible] [illegible] સામે [illegible] [illegible] અનેક [illegible] [illegible] શકે. એવી મુશ્કેલીઓ સામે લડીને મંઝિલ પર [illegible] રહ્યો છે તમારા [illegible] અને તમારી મદદ વિના અમારું [illegible] [illegible] [illegible] [illegible].

એ [illegible] [illegible] [illegible] તમારો [illegible] એ ઘણું ઘણું [illegible] એનો [illegible] [illegible] છે, [illegible] છે, [illegible] [illegible] એવા [illegible] [illegible]. [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. એનો [illegible] [illegible] એ [illegible] [illegible] એનો [illegible] [illegible] [illegible] [illegible] તમે [illegible] [illegible] [illegible] વિના નહીં રહો . ... છતાં એ [illegible] પણ [illegible], [illegible] [illegible] [illegible] "હું તમારી વિદાય લઉં છું. [illegible] પર શું [illegible]. એ તમે [illegible] જાણશો. તમારો [illegible] હું ભૂલીશું એમ નથી ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થયું છે. તમે [illegible] પણ ન [illegible], [illegible] [illegible] પણ [illegible] નહીં, [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible]. પણ એ સર્વમાં તમારો [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] — [illegible] [illegible] [illegible] [illegible] [illegible] — [illegible] રહીશ. આજ સુધી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. તમારો પ્રેમ — તમારી [illegible] ———————"

બાપુ [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રહ્યા છે. [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રહે.

હવે ——— [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]! —

[illegible] - ——— ——— [illegible]

કોંગ્રેસ પત્રિકા.

અર્ધવિરામ

સાથીઓ!

પત્રિકા દોઢ મહિનો અટકી રહેશે. ને અમે અમારી રજામાંથી આ લખીએ છીએ. તમે અમને જાણતા નથી છતાં અમે તમારાથી દૂર નથી અને ઇતિહાસનું પણ મહત્વ તમારા જેવા આગળ ગયા છે. કેટલીક વાર બ્રિટિશ જુલમોએ વધારે સારી પત્રિકા સમિતિમાંથી પ્રગટ થતી રહી છે. સોરઠના શહીદોને ફાંસી આપવાના શોકદિને પત્રિકાએ જે ખાસ અંક કાઢ્યો હતો. એ સિવાય ફેડપુર પાડી ભરેલા એવા મરચાઓમાં, એવી કુદરતી આફતો સામે ટક્કર ઝીલી, તેમજ મનુષ્ય મનુષ્ય સામે જે કે લડાઈઓ અનેક લોકો જાતે કરી રહે. એવી મુશ્કેલીઓ સામે લડીને પત્રિકા પગભર થતી રહી છે. તમારા સહકાર વિના અને તમારી મદદ વિના અમારું જીવન અને જીવન સંગ્રામ નિરાધાર હોત.

એ પત્રિકાને જવાબ હોત તો તમારા સામર્થ્ય એ ઘણું ઘણું હોત, એનો ઇતિહાસ રસિક છે, મોટો છે, પ્રેમ કર્યો પણ નહીં એવા આદર્શોથી ભરપૂર છે. અણુએ અણુ ભાગ્યા કર્યા છે. ફરજ કરવામાં ચિંતામાં ગયા છે અણુઅણુનો આમળો વેઠ્યો છે. એનો આખો ઇતિહાસ એ જાહેર કરશે એવી રસિક આત્મકથાનું નિવેદન પ્રગટ કરતાં તમે ક્રૂર અમલદારોમાં ગરકાવ થયા વિના નહીં રહો . ... છતાં એ અબળા પણ સરળ, માતૃભૂમિ બોલતાં શરમાય છે "હું તમારી વિદાય લઉં છું. મારા પર શું ગુજર્યું. એ તમે કોઈવાર જાણશો. તમારો પ્રેમ હું ભૂલીશ એમ નથી. તમારે લીધે જ હું દેશદેશાવર ફરીને દરિયામાં મારું સન્માન થયું છે. તમે પહોંચી પણ ન શકો, સુરજ કિરણો પણ જઈ ન શકે, એવા છૂપા શત્રુના દરબારગઢમાં પણ મેં હૃદય સરસો મારો આત્મા રાખ્યો, અને માતૃભૂમિનો જાદુ મને લાગ્યો છે. પણ એ સર્વેમાં તમારો પ્રેમ ભૂલાય એમ નથી. ફરી હું ને જઈશ ત્યારે શહેરો જનો! દરેક ઘરમાંથી ફરી ઝોળીઓ બોલ બોલાયો હોય ત્યારે ખરું ખોટું કહેવાયું હોય તો — ભૂલી જજો માફ કરજો હું તમારી જ હું —— તમારી જ રહીશ. આજ સુધી મારી મારી શબ્દો પૂરતાથી અત્યારે મારી પાસે તમારો આભાર માનવાને શબ્દો નથી તમારો પ્રેમ — તમારી લાગણી -------- "

વાચક, એનાથી વધારે નથી બોલાતું. એની આંખમાં જમના ગંગા-જળ ઝળઝળાં આવી રહ્યાં છે. એના એ ગરીબ અને નિર્દોષ આંસુ ખરે એ પહેલા એ છો બંધ રહે.

એનો —— રજા હાલ તુરત છે. એનું તમારા સ્વાગત કરવાનું બાકી છે, ઘણું 'ઘણું બાકી છે' ફરી આપણે મળીશું જ! ત્યારે મારા પહેલાં મારાયે રજા લેતાં આંસુભીના વદન —

પ્રકાશક. —————— સંચાલક સમિતિ.

Reg No B 2337

ખાદીભંડારની [illegible]
[illegible]

સ્વરાજ્યનો ધ્રુવતારક

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૩] તંત્રીઃ વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૫

મુદ્રણસ્થાનઃ નવજીવન મુદ્રણાલય, અમદાવાદ; મુદ્રક અને પ્રકાશક મોહનલાલ મગનલાલ ભટ્ટ

અમદાવાદ—સંવત ૧૯૮૫ના પોષ સુદ ૨
બુધવાર, તા. ૧ લી, જાન્યુઆરી ૧૯૩૦

વાર્ષિક લવાજમ દેશમાં રૂા ૦-૮-૦
દેશાવર રૂા ૧-૦-૦

સ્વરાજ્યનો ધ્રુવતારક

હિંદની સ્વતંત્રતા માટે સ્વરાજ્યપ્રાપ્તિ હોવી જ જોઈએ, અને સ્વરાજ્ય સારુ તલસતી પ્રજાએ તેની પ્રાપ્તિ અર્થે પોતાની લાયકાત પુરવાર કરવી જોઈએ લાયકાત પુરવાર કરવા માટે કાંઈક એવું કરવું જરૂરી હોય છે કે જે બધા કરી શકે અને તે સાધન આખા જનસમાજને એકસરખુ લાગુ પણ પડી શકે આવું શું હોય તે શોધી કાઢનાર વ્યક્તિ પ્રજાનો નેતા કહેવાય. હિંદી પ્રજાના સદ્ભાગ્યે તેને એવો નેતા પ્રાપ્ત થયો છે. આ મહાન નેતાએ 'એવી એક જ વસ્તુ બતાવી છે અને તેને સિદ્ધ કરી બતાવવા દેશને હાકલ પણ કરી છે

સામાન્ય રીતે હિંદી પ્રજાએ આ સિદ્ધિદાયક માત્રા સમજી લીધી, માન્ય રાખી પણ અમલમા મૂકતા ઢીલ કરી આ ઢીલ જેટલી લબાય તેટલો લાયકાત પુરવાર કરી બતાવવામા વિલબ થાય. લાયકાતપ્રાપ્તિ વિના સ્વરાજ્યપ્રાપ્તિ અસભવિત છે સ્વતત્રતાને બદલે ગુલામી જજીરોનું બધન તેટલું વધુ ભારે ગુલામીને ફગાવી દેવા અને આઝાદી અર્થે લડી લેવા સમસ્ત પ્રજા ઢીલ કરે તે સિદ્ધિનાયકને ન પરવડે ટકે લડી લેનારુ એવુ લશ્કર તે તૈયાર કરે

આ નાયક તે ગાંધીજી અને સિદ્ધદાયક માત્રા તે રેંટિયો અને ખાદી લડી લેનારુ લશ્કર તે અખિલભારત ચરખાસઘને નામે ઓળખાયુ

આ સૈન્યની ભરતીમા આજે હજારો લડવૈયાઓ જોડાઈ ગયા છે, પણ લડાઈ એટલી તો મહાભારત અને જબરદસ્ત છે કે એમા લાખો યોદ્ધાઓ પણ બસ નહિ થાય આ માટે ભરતીનું કામ નિરતર જારી રાખવુ જોઈએ એમ નાયકને લાગી ગયુ આ ભરતી સારુ તેમણે પોતાનું કામ નિરતર પ્રવાહિત અને જાગૃતિમય રાખીને એવો તો પ્રયાસ આદર્યો કે આખી પ્રજાનુ લક્ષ એ તરફ નિરતર ચોટેલું રહે અને દિનપ્રતિદિન ભરતીમા વધારો ને વધારો જ થતો રહે

આ લશ્કરમા જોડાયા સિવાય આરો નથી એમ પ્રજાનો મોટો ભાગ માનતો થયો છે એટલું જ નહિ પણ તેની મહત્તા પણ સમજતો થયો છે છતાંય બહુ જનસખ્યા એકત્ર થતા જે વિલબ થાય તે વિલબ આમા પણ ચાલુ રહ્યો છે આ ગતિ વેગભરી થાય તે માટે તેમ જ પ્રજા જે બીજું વિચારવા રોકાઈ ગઈ છે તે વિચારસરણીમાથી મુક્ત કરી તેને એક ધ્યેયધારી બનાવવા જે જે આવશ્યક લાગ્યું તે અમલમા આવવા લાગ્યું છે

૧. આખી પ્રજાને એક ધ્યેય માટે જાગૃત કરવા આ પૈકી 'નવજીવન' અને 'યગ ઇંડિયા' દ્વારા તથા તે પ્રકારના બીજાં સાહિત્યોથી પ્રચારકાર્ય શરુ થયુ પ્રજાએ પણ અમુક પ્રમાણમા તે ઝીલ્યુ, પચાવ્યું.

૨ આખી પ્રવૃત્તિનો વ્યવસ્થિત કાર્યભાર ચલાવવા અખિલ ભારત ચરખાસઘની યોજના કરી.

૩ આ વિચારોને પ્રજાશરીરમા રેડવા, ગામેગામ ને ઘેરેઘેર તેનો નાદ સભળાવવા, ભ્રમણ આદર્યું

૪ કાર્યસિદ્ધિ માટે ધનસંચય, અને ધનસચય માટે ઉઘરાણું થયું

૫ આખો પ્રજાસમુદાય એકાગ્ર અને એક ધ્યેયધારી થાય તો તેનું કેવુ પરિણામ આવે તે બતાવવા જ્યારેજ્યારે પણ તક મળી ત્યારેત્યારે નાના અથવા મોટા પ્રમાણમા સામુદાયિક અખતરા થયા જેમકે બારડોલી.

ખાદી અને રેંટિયાનો આ એક જ ઉપાય આઝાદી માટે બસ થાય એમ સાફસાફ સમજાતું હોવા છતા, અને પ્રજાનો શિક્ષિતવર્ગ કે જે બુદ્ધિશાળી છે, સહૃદય છે અને સમજે છે કે આ બતાવેલા એક જ માર્ગનું અવલબન કરવાથી સ્વરાજ્યસિદ્ધિ પ્રાપ્ત થશે, છતા તેના પાલનમા બહુ શિથિલતા પ્રદર્શિત થાય છે તેને અમલમા મૂકતા શા માટે તેઓ ખમચાય છે તે સમજવુ કઠિન છે

રેંટિયા અને ખાદીના આ એક જ કાર્યને સમસ્ત હિંદ સ્વરાજ્યનો વતારક સમજી પોતાનું કરી લે તે જ ઘડીએ સ્વરાજ્યપ્રાપ્તિ અથવા સ્વતત્રતાની ઝાંખી થોડી સમજવી

વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી

કાશ્મીર શાખાને સુવર્ણપદક

કાશ્મીરરાજ્ય તરફથી ભરાયેલ શ્રીનગરના પ્રદર્શનમા ગરમ કાપડના વણાટ તથા જાત માટે જે જુદાજુદા પારિતોષિક અપાયા તેમા અખિલ ભારત ચરખાસઘની કાશ્મીરશાખાને 'ટવીડ' નામના ગરમ કાપડ માટે સુવર્ણચંદ્રક આપવામા આવ્યો છે આ શાખા કાશ્મીરમા માત્ર બે વર્ષ થયા કામ કરી રહી છે, તેની આટલી ટૂંકી કારકિર્દીમા તેણે કાશ્મીરના ગરમ કાપડના વણાટના ક્ષેત્રમા પ્રગતિ કરી આ પદક પ્રાપ્ત કર્યો છે આ વસ્તુ આ શાખાના કાર્યકર્તાઓની કાર્યશક્તિનો પુરાવો આપે છે. સમસ્ત હિંદુસ્તાનમા આવા અણુખેડાયેલા કેટલાય ક્ષેત્રો હશે કે જ્યા, જો પદ્ધતિસર કામ ઉપાડવામા આવે તો ખાદીપ્રગતિને અજબ વેગ મળે સુવર્ણપદક માટે કાશ્મીરશાખાને અને પ્રદર્શન માટે કાશ્મીર રાજ્યને અમારા અભિનદન !

વિ૦ વ૦ જે૦

નોંધ

ખાદી સૂચીપત્રક

આ માસની તા ૧લી ડિસેમ્બરે 'ખાદી પત્રિકા'ની પૂર્તિ તરીકે જે સૂચીપત્રક શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીએ કાઢેલું છે એ મેળવી લેવા દરેક ખાદીપ્રેમીને મારી ભલામણ છે આ પત્રક અસલ પત્રકની નવી આવૃત્તિ છે અસલની સાથે સરખાવતા જેમ આ નવીમા સારી પેઠે પ્રગતિ જોવામા આવે છે તેમ જ ખાદીનું સમજવુ આ નવી આવૃત્તિમા નવા સુન્દર ચિત્રો અપાયેલા છે એમા આપણે શાકભાજીનો થેલો, બગલથેલો, બાગ્ડોની થેલો, બર્માથેલી વગેરેના વર્ણનો વાચીએ છીએ ખાદીની ટોપી ધોવાની ખોટી રીત અને સાચી રીતના ચિત્રો જોવાલાયક છે સાચી રીતથી તેની આવરદા વધારી શકાય છે, અને તે હમેશાં સુઘડ રહે છે ખાદીટોપી પહેરનાર જો તેને સાફ ન રાખે અને મેલી થવા દે તો પોતાની અને ખાદીની પ્રતિષ્ઠા ખૂએ છે ખાદીની ટોપી ધોવી એ સાવ સહેલી વસ્તુ છે એમ ચિત્ર જોયા પછી તરત સમજાઈ જાય છે ખાદીની ટોપીનો વિચાર કરતા એટલુ પણ ઉમેરુ કે શ્રી દયાળજીએ ખાદીના જોઈતી લબાઈના ટુકડામાથી ઇચ્છામા આવે ત્યારે વગરસિવે ટોપી બનાવી લેવાની રીત શોધી કાઢી છે એ મને સૌથી ઉત્તમ રીત લાગે છે તેનું વર્ણન પણ હવે પછીના સૂચીપત્રકમા આપવાની મારી ભલામણ છે એથી વળી ધોવાની સગવડ વધે છે, અને સિલાઈનું ખર્ચ બચે છે પણ આ પત્રકમા સૌથી વધારે આકર્ષક તેમા આપેલી બાયધરીની સૂચના છે એ હું નીચે ઉતારુ છું

અમે ખાતરી આપીએ છીએ કે આ સૂચીપત્રકમા બતાવેલ દરેક વસ્તુ ચોક્સ રીતે વર્ણવાયેલી છે, અને ચિત્રમા પણ બરાબર દર્શાવાયેલી છે અમે બાયધરી લઈએ છીએ કે અમારી કનેથી ખરીદેલ પ્રત્યેક વસ્તુ તમને સંપૂર્ણ સંતોષકારક નીવડશે, અને તમારી ખર્ચેલી કિંમતનો તમને પૂરો બદલો આપશે

ખાદી હાથે કાતેલ અને હાથે વણેલ હોય છે પણ ઘણા નવીન વર્ષો આપનાર ગ્રાહકો ભૂલથી ખાદીકાપડમા પરદેશી મિલકાપડ જેવી આશા બાંધે છે તેથી કેટલીક વખતે તેમને સહેજ નિરાશ પણ થવુ પડે છે પણ જો અમારી કનેથી ખરીદેલ ખાદીકાપડ માટે તમને કેઈ વાજબી કારણસર અસંતોષ થયો હોય તો અમારે ખર્ચે તમારે તે પાછી મોકલવી એમ અમે વિનવણી કરીએ છીએ અમે તે રાજીખુશીથી પાછુ સ્વીકારીશું અને તેના બદલામા બીજું કોઈ ખાદીકાપડ આપીશું, અથવા તો તમને લાગેલ ખર્ચસહિત મૂળ કિંમત પાછી દઈશું"

આમા આપેલી બાયધરી ઘણી જાહેર ખબરોમાં આવતી બાયધરી જેવી ખોટી વસ્તુ નથી એ પ્રમાણે ખરીદનારે પાછા પૈસા મેળવેલા છે એવુ હું જાણું છુ આ સિવાય બીજી પણ આ સૂચીપત્રકમા જાણવાજોગ ખબરો જોવામા આવશે, જેમકે કાશ્મીરી જૂના કાપડને નવા જેવુ કરવાની રીતોનું વર્ણન, ઊની કાપડ ધોવાની રીત, ઊની કાપડ સાચવવાની રીત, અને એવી જ બીજી ખબરો અને સૂચનાઓ આ પત્રકમાથી મળી રહે છે

('નવજીવન' તા ૧૫-૧૨-'૨૯) મો૦ ક૦ ગાંધી

કાલાકાંકરનું ખાદીપ્રેમી રાજકુટુંબ

શ્રી 'અ' તા ૨૧મી નવેમ્બર ૧૯૨૯ના 'યંગ ઇંડિયા'ના પોતાના સંયુક્ત પ્રાતના પત્રમા બે અમૂલ્ય પ્રસંગો વર્ણવે છે, જે ખાદીરસિકને લગતા હોઈ અમે આ સ્થળે અમારા વાચકો સમક્ષ રજુ કરીએ છીએ

જરકસી જામાની હોળી

પરંતુ આ સ્થળે કેટલીક એવી બાબતો પણ હતી કે જે જોઈને ગાંધીજીને અત્યત આનંદ થયો કાલાકાંકરના રાજકુટુંબની સ્ત્રીઓએ પડદો કાઢી નાખ્યો છે રાજાસાહેબ પોતે તેમ જ રાજકુટુંબની સ્ત્રીઓ શુદ્ધ ખાદીને વરેલાં છે અને એમના મહેલમા વિદેશી વસ્ત્રનો એક તાતણો સરખો પણ ન રાખવાના હેતુથી રાજાસાહેબે જાહેરસભાને અંગે વિદેશી વસ્ત્રોની હોળીનો પણ એક કાર્યક્રમ ગોઠવ્યો હતો રાજકુટુંબમા એક નવા વહુરાણી પણ આવેલા તેમની પેટીઓમા સ્વાભાવિક રીતે વિદેશી વસ્ત્રો ઠીકઠીક જથામા હતા તેમણે પણ યોજાયેલા યજ્ઞકુંડમા પોતાના વિદેશી વસ્ત્રો હોમવા આપ્યા પરંતુ આ વિદેશી વસ્ત્રોની હોળીમા સૌથી મોટો ફાળો તો સમસપુરના રાજા લાલસાહેબ તરફથી મળ્યો હતો આ બધા વસ્ત્રોનો મોટો ઢગલો સભાના એક ખૂણામા આસપાસ વાડ કરી સુરક્ષિત ગોઠવવામા આવ્યો હતો એ જરકસી વસ્ત્રોના ઢગને અગ્નિસંસ્કાર દેતા પહેલા ગાંધીજીએ લગભગ દરેકે દરેક વસ્ત્રને બારીકીથી જોયુ અને તપાસ્યુ જરીકથી ભરચક ભરેલા મોટા ભારે ડગલાઓ, પેરિસની ઉંચામાઉંચી ફેશનની સફાઈ અને કુમાસદાર કીમતી કોરો તેમ જ કીમતી રેશમી સાડીઓ વગેરે ઉપર એમની નજર પડી ત્યારે પ્રેક્ષકગણે ગાંધીજીની મુખમુદ્રા ઉપર સ્વાભાવિક હાસ્ય છવાયેલુ જોયુ આ સમયે વસ્ત્રોના ઢગની વાડની આસપાસ માણસોની ઠઠ જામી ગઈ હતી, અને ગાંધીજીએ મશાલ વડે જેવી હોળી પ્રગટાવી કે તરત જ ટોળે વળેલા જનસમૂહે તેમને હર્ષનાદથી વધાવી લીધા

રૂપામઢી મશાલ

એ પ્રસંગે ગાંધીજીને આપવામા આવેલી મશાલનો હાથો રૂપામઢ્યો હતો એ જ મશાલની પાછળથી હરાજી કરવામા આવી અને સમસપુરના રાજા લાલસાહેબે તે રૂ ૫૦૦એ ખરીદી

આ વખતે ગાંધીજીએ કાઢેલા પ્રસંગોચિત ઉદ્ગારો ખાસ મનનીય છે અને તેથી તે વણનોધ્યા જાય એમ નથી એમણે કહ્યું "તમે જોયુ કે જમીનદારોના કીમતી પરંતુ વિદેશી ઝભ્ભાઓ તેમ જ વિદેશી સૂતરના બીજા કપડાઓને મે હમણા જ અગ્નિસંસ્કાર કર્યો હું તો એને એક પ્રકારની ધાર્મિક ક્રિયા ગણું છુ આ હવન અને આ યજ્ઞનુ રહસ્ય તમને હમણા સમજાવુ અશક્ય છે પણ મને તો ખાત્રી છે કે આ રૂપામઢી મશાલને જો એનો ખરીદનાર સાચવી રાખશે તો ભાવિ પ્રજાકીય ગજતંત્ર તરફથી સ્થપાવાના કળાસંગ્રહસ્થાન (મ્યુઝિયમ)મા એ જરૂર પોતાનું સ્થાન પ્રાપ્ત કરશે, અને દેશસ્વાતંત્ર્યની ઝુંબેશને અંગે કેવાકેવા અખતરાઓ થયેલા તેનો ભાવિ પ્રજાને એ એક સચોટ પુરાવો આપશે ખાદી મારફતે વિદેશી વસ્ત્રનો બહિષ્કાર, દેશના ભૂખે મરતા લાખોને રોજી અને રોટી આપનો હોવાથી, પ્રજાકીય કાર્યક્રમનુ સૌથી વધુ અગત્યનુ અંગ નહિ તો અગત્યના અંગોમનુ એક તો જરૂર છે આજે આ જાગીરદારો અને રાજાઓએ આ વિદેશી ઝગઝગાટને દીવાસળી ચાંપીને એક તો એ દર્શાવી આપ્યુ છે કે હવે તેઓ તમારા જેવા સામાન્ય જનસમૂહ સાથે એક પ્રકારના જીવત પાશથી બધાઈ ચૂક્યા છે અને બીજું એ પણ ફલિત થાય છે કે તેમણે આજથી નૈતિક અધમતા અને નામર્દાઈસૂચક ઝગઝગતા વસ્ત્રો અને ઘરેણાના મેહને હમેશને માટે તિલાંજલિ આપી છે તમે કદાચ મનોમનને સારુ જીવન માણતાં હશો, પરંતુ તેમણે તો આજથી સાદાઈનો સ્વેચ્છાએ અંગીકાર કર્યો છે'

ખાદીભંડારનાં વેચાણ

માસ	મુંબઈ ખાદીભંડાર (કાલબાદેવી)નાં [illegible] માસિક વેચાણ		મુંબઈ ખાદીદુકાન (ગિરગામ)નાં વેચાણ
	સને ૧૯૨૯	સને ૧૯૨૮	સને ૧૯૨૯
ઓગસ્ટ	રૂ ૨૩,૫૧૫	રૂ ૧૯,૫૨૧	રૂ ૩,૨૩૧
સપ્ટેમ્બર	રૂ ૨૭,૩૧૭	રૂ ૧૬,૭૩૫	રૂ ૪,૧૪૦
ઓક્ટોબર	રૂ ૩૩,૫૨૭	રૂ ૨૧,૯૮૦	રૂ ૩,૨૫૩
નવેમ્બર	રૂ ૩૩,૦૭૨	રૂ ૨૫,૮૪૧	રૂ ૩,૫૧૬

'ખાદી પત્રિકા'નું

લવાજમ

'ખાદી પત્રિકા'ના લવાજમનું આ માસમા બીજુ વર્ષ પૂરુ થશે ફેબ્રુઆરીથી લવાજમનુ નવુ વર્ષ શરૂ થશે

'ખાદી પત્રિકા'નુ વાર્ષિક લવાજમ

આઠ આના છે.

આ લવાજમ પોસ્ટની ટિકિટોથી મોકલી આપવા આપને વિનવણી છે. અંગ્રેજી અને ગુજરાતી 'પત્રિકા'ની કુલે ૬,૦૦૦ નકલો ઘરાકોમા મોકલાય છે.

તેમા ગયે વર્ષે ૧૦૦૪ ઘરાકો તરફથી જ લવાજમ મળ્યુ છે.

બધા ગ્રાહકો જો વાર્ષિક આઠ આના જેવી નાની રકમ મોકલી આપે તો 'પત્રિકા'ના પ્રચારકાર્યને સારી મદદ મળે

—ખાદીસંગઠન—

ખાદી ભંડારની સગઠનયોજનાનુ આ વર્ષ જાન્યુઆરીની આખરે પૂરુ થાય છે. ફેબ્રુઆરીથી સગઠન યોજનાનું નવું વર્ષ શરૂ થશે.

સંગઠનયોજનાના સભ્યનું વાર્ષિક લવાજમ એક રૂપિયો છે.

આ યોજનાનો ગ્રાહકોને લાભ

તેમને ખાદીની ખરીદી ઉપર દરેક રૂપિયે રૂા. ૦ ૦ ૩નુ વળતર આપવામા આવે છે, ઉપરાત દર મહિને 'ખાદી પત્રિકા' પણ મફત મોકલાય છે

આ ઉપરાત ખાદી સૂચીપત્ર (કેટેલોગ) જ્યારે પ્રકટ થાય ત્યારે તે પણ મોકલવામાં આવે છે.

દર વર્ષે સગઠનયોજનાના સભ્યોની સંખ્યા·

વર્ષ	સખ્યા	વર્ષ	સંખ્યા
૧૯૨૪–૨૫	૯૬૩	૧૯૨૭–૨૮	૫૬૨
૧૯૨૫–૨૬	૫૪૦	૧૯૨૮–૨૯	૭૦૪
૧૯૨૬–૨૭	૫૦૭	૧૯૨૯–૩૦	૮૨૫

સગઠનયોજનાના ગ્રાહક થવા આપે એક રૂપિયો મનીઑર્ડરથી મોકલી આપવો

'પત્રિકા'નું લવાજમ અથવા સગઠનયોજનાનું લવાજમ વી. પી. થી વસૂલ કરવાનું ખર્ચાળ હોવાથી તેમ કરવામા નથી આવતું.

ખાસ ધ્યાન આપો

'ખાદી પત્રિકા' સબધમા કોઈપણ ગ્રાહકને કઈ ફરિયાદ હોય, અથવા પોતાના સરનામામા ફેરફાર કરાવવો હોય તો એ વિષેના પત્રવ્યવહારમા તેમણે હમેશા પોતાના રેપર ઉપરના સરનામાનો નબર ટાકવો જેમને નામ બેવડાઈ જવાથી એક કરતા વધુ નકલ મળતી હોય તેમણે વધારાની નકલ પરત કરવી.

ક્રમાંક———— **ખાદી વાપરનારાઓનું સંગઠન** તા૦————

ખાદી ભંડારના વ્યવસ્થાપક જોગ,

ખાદી ભડારના સગઠન/'ખાદી પત્રિકા'ના ગ્રાહક તરીકે મારુ નામ નોધશો વાર્ષિક લવાજમનો રૂ ૧/આના ૮ આ સાથે મોકલેલ છે

પૂરુ નામ ————————

ઠેકાણું ————————

————————

તા૦ ક૦ ગ્રાહક તરીકે સને ૧૯૩૦ ના ફેબ્રુઆરીની તા ૧ લીથી નોધવાનુ શરૂ થઈ ૧૯૩૧ ના જાન્યુઆરીની ૩૧મી સુધી એક વર્ષ ગણવામા આવશે, અને તે જ પ્રમાણે દરેક વર્ષે ગણાશે.

સૂતરને બદલે ખાદી

Reg. No. B. 2339

ખાદીભંડારની સંગઠનયોજનાને
સફળ કરો [illegible]

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૩] તંત્રી: વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૯

મુદ્રણસ્થાન: નવજીવન મુદ્રણાલય, અમદાવાદ; મુદ્રક અને પ્રકાશક: મોહનલાલ મગનલાલ ભટ્ટ | અમદાવાદ—સંવત ૧૯૮૬ના વૈશાખ સુદ ૩ ગુરુવાર, તા. ૧લી મે ૧૯૩૦ | વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૦-૮-૦ દેશાવર રૂા. ૧-૦-૦

સૂતરને બદલે ખાદી

[મુબઈના ભંડારમા દિવસેદિવસે ખાદીનો જથ્થો ઓસરતો ચાલ્યો અને ખાદીઉત્પત્તિકેન્દ્રોમાથી પણ પૂરતા પ્રમાણમાં ખાદી મેળવવાની આશા ખૂટતી ગઈ. આ કારણે મુબઈને ખાદી પૂરી પાડવા માટે શુ કરવું જોઈએ એ સબધી મસલત કરવા ગાંધીજીની રૂબરૂ મુલાકાત લીધી.

આખી એ વસ્તુસ્થિતિ સમજી લઈને તેનો જે તોડ એમણે સૂચવ્યો તે પત્રરૂપે લખી આપ્યો. આ પત્ર જેમનો તેમ રજૂ થાય છે.

વિ૦ વ૦ જે૦]

૨૬

ભાઈશ્રી ૫ વિઠ્ઠલદાસ જેરાજાણી,

ખાદીની ચળવળમા અને તેથી તમારા કામમા વખતોવખત ફેરફારો થયા જ કર્યા છે. હુ માનું છુ કે તેતે ફેરફાર ખાદીને સારુ એટલે દરિદ્રનારાયણને અર્થે આવશ્યક હતા. જો કે તેતે વખતે એ ફેરફારો બુદ્ધ એકાએક કબૂલ નહોતી કરી લેતી. [illegible] લાગણીનો અનુભવ એમ કહે છે કે તે ફેરફારો છેવટે તો [illegible] પણ લાગ્યા અને પરિણામે તો યોગ્ય અને આવ[illegible] આપણે જોઈ ગયા. હવે જે ફેરફાર હુ સૂચવુ છુ તે મારા [illegible] આગલા ફેરફાર કરતા બહુ વધારે ભયંકર લાગે એવો છે. પણ હુ માનું છુ કે એ જેટલો ભયંકર ઉપરટપકે વિચારતા ખાદીપ્રેમીઓને લાગશે તેટલો જ તે ખાદીને અર્થે જ ઉપયોગી અને આવશ્યક છે. વિદેશી વસ્ત્રના બહિષ્કારના શાસ્ત્રને યથાર્થ જાણનાર આ ફેરફારની આવશ્યકતા તુરત સમજી જશે. અત્યારે ખાદીની માગ પ્રમાણે આપણી પાસે ખાદીનો ભડોળ નથી. માગ રોજ વધતી જાય છે અને આપણે તેટલી ખાદી ઉત્પન્ન કરી શકતા નથી. એટલે જો ઉત્પન્ન કરવાની શક્તિ કોઈ રીતે પેદા ન કરીએ તો ખાદી ખૂટે ને ખાદી ખૂટે તો બહિષ્કાર વ્યર્થ જાય એ વાત આપણે અકગણિતના હિસાબથી પણ સિદ્ધ કરી શકીએ. તેથી મારી નવી સૂચના આ છે:

જેટલી ઉતાવળે થઈ શકે તેટલી ઉતાવળે એટલે આજકાલમાં જ તમારે મુંબઈની પ્રજાને ખબર આપી દેવી જોઈએ કે જેને ખાદી જોઈએ તે પૈસા આપીને નહિ મેળવી શકે, પણ હાથે કંતાયેલું સૂતર આપીને જ લઈ શકશે. આમ કરવાથી જ લોકો સમજી શકશે કે ખાદી એ વિદેશી વસ્ત્રના વેપાર જેવો સોદો નથી. પણ એ તો પ્રજાની શક્તિ ને તેની ભાવનાનુ માપ છે. ખાદીનું શાસ્ત્ર તો એવું છે કે જ્યા લગી રૂ મળી શકે ત્યાં લગી ખાદીની તાણ પડી ન શકે, પણ તેને સારુ લોકોમાં કાંતવાની ભાવના પેદા થવી જોઈએ. જો આ અગ્નિને સમયે અને સ્વરાજ સ્થાપવાને સમયે કાતવાની ભાવના વ્યાપક ન થઈ શકે તો ખાદીમા કંઈ અર્થ જ નથી, એટલુ જ નહિ પણ આપણે એક કરોડ રતલ ખાદી થોડા વખતમાં પેદા ન જ કરી શકીએ. તેથી આપણો ધર્મ સરળ છે. લોકોમા ખાદીની ભાવના ખરેખર હોય તો તેમણે કાતવું જ જોઈએ. મારી સૂચનામા ઉપરટપકે જોતાં જે કઠિનતા લાગશે તે છે નહિ. કેમકે ખાદી લેવા આવનારની પાસેથી માગણી તેણે પોતે કાતેલા સૂતરની નથી, પણ કોઈના પણ હાથથી કંતાયેલા સૂતરની છે એટલે મુબઈનિવાસી ગમે તેવી રીતે હાથે કાતેલુ સૂતર પેદા કરી શકે છે. પોતે કાતીને, કુંટુંબીઓ પાસે કતાવીને, ગરીબ પડોશી પાસે કતાવીને અથવા હિંદુસ્તાનમા ગમે તે ગામડાની પાસે કતાવીને સૂતર પેદા કરી શકે છે. માત્ર તેણે થોડીઘણી પણ તસ્દી તો ઉઠાવવી જ જોઈએ. અને એટલી પણ તસ્દી ન ઉઠાવે તે ખાદી વિના રહી જાય એમા જ તેનું, ખાદીનુ અને બધાનું શ્રેય છે. સૂતર કેવી જાતનું હોવું જોઈએ અને કઈકઈ વસ્તુઓ રોકડેથી હજી આપી શકાય એમ છે વગેરે વાતો તો તમે પોતે જ વિચારી લેશો. મારી ઉમેદ છે કે મુબઈનિવાસી જેઓ અત્યારે લડાઈમા ખૂબ ભાગ આપી રહ્યા છે તેઓ આટલી સરળ વાત સમજી જશે અને પોતાને જોઈતી ખાદી મેળવતામેળવતા થોડો પ્રયાસ કરવાનો બોજો તેમની ઉપર આવી પડે છે તે ભોગવી છૂટશે.

સાબરમતી તા. ૨૩-૪-'૩૦ બાપુના આશીર્વાદ

ખાદીના ભાવ ઘટયા

ખાદીની માગણી વધુ પડતી નીકળી છે છતા ખાદીના ભાવ કેટલીક જાતોમા ઘટાડી શકાયા છે.

એપ્રિલની પત્રિકામા રાજપૂતાનાની ખાદીના ભાવ ઘટયાની ખબર અપાઈ છે. હમણાં તિરુપુરની કેટલીક જાતોના ભાવ પણ ઘટયા છે.

વિ૦ વ૦ જે૦

બહિષ્કાર અને ખાદી

ખાદી વિના બહિષ્કાર કદી સિદ્ધ ન થઈ શકે એમ જેઓ માને છે તે જાણે છે કે બહિષ્કૃત કપડાને બદલે ખાદી મેળવાય તો જ તેટલો બહિષ્કાર ટક્યો ગણાય ને પાછળથી પસ્તાવું ન પડે. એટલે બહિષ્કારને અંગે આપણી પાસે મોટામા મોટો પ્રશ્ન અત્યારે ખાદીઉત્પત્તિનો જ છે. એ ન હોય તો વિદેશી વસ્ત્ર આગલેથી નહિ તો પાછલે બારણેથી હિંદુસ્તાનમા આવ્યા જ કરે. આવી સ્થિતિમા ખાદીભંડારોએ શું કરવુ એ વિચારવાજેવું છે.

મુંબઈવાસી પ્રત્યે

અને આમાંયે મુબઈના ભંડારે શું કરવું? મુબઈનો ભંડાર આખા હિંદુસ્તાનમા મોટામા મોટો છે. તેની પાસે ચોમેરથી ખાદી આવે છે, પણ બધી જગ્યાએ ખાદીની ખપત વધવાથી મહામુસીબતે ખાદી થોડીક આપી શકે છે. આ સ્થિતિમાં જો મુબઈનો ભંડાર કંઈ યુક્તિ ન શોધે તો તેણે દરવાજા બંધ કરવા જોઈએ. આ બાબતની વાટાઘાટ કરતા શ્રી. વિઠ્ઠલદાસ જેરાજાણીને મેં કહ્યું: "તમારે હવેથી ઘરાકોની પાસેથી પૈસાને બદલે હાથે કાતેલું સૂતર માગવુ. આમ કરશો એટલે જેઓ ખરેખર ખાદીની વાટે જ બહિષ્કાર કરવા માગે છે તે જ ખાદી લેવા આવશે. આમ કરતા ખાદીની ખપત નિર્મળ થશે, કાતનારની સંખ્યા વધશે ને સૂતરનો ઢગલો થશે. અને જ્યારે બધુ બરોબર ગોઠવાઈ જશે ત્યારે પાછો ખાદીનો પહાડ ઊભો થશે. સૂતર પોતે કાંતેલુ હોય તો ઉત્તમ, પણ તેમ ન બની શકે તો આખા કુટુંબનું સૂતર એકઠું કરે. ચતુર મનુષ્ય ગામડાગા પહોંચી સૂતર કંતાવે ને લાવે. કરોડોની વસ્તીમાથી સૂતર પેદા કરવું એ સાવ સહેલુ છે. સૂતર આવે તેને તુરત વણાવવાની સગવડ તમારે કરી લેવી જોઈએ. મુંબઈમાં વણકરો ઘણા છે. બહિષ્કાર થતા પરદેશી સૂતર તો બજારમા ન જ જવું જોઈએ. સ્વદેશી મિલોનું સૂતર હોય. તે મિલો પણ જો સમજે તો હાથે કાંતેલા સૂતર સાથે હરીફાઈ ન કરે. વણકરો જેનામા સ્વદેશપ્રેમ ઉત્પન્ન કરી શકાય તેઓ પણ હાથે કાતેલા સૂતરને જ વણશે."

"પણ પ્રજા આમ કરતા રિસાઈ જાય તો?" ભાઈ જેરાજાણીએ પૂછ્યું.

"જાણનાર તો કદી નહિ રિસાય, ન જાણનાર રિસાવાના હોય તો ભલે રિસાય. તેઓ ખાદી નહિ પહેરે તો તેઓ ખોશે. ખાદીને કશું ખોવાપણું નથી."

મારી યુક્તિનો અમલ કરતા બહિષ્કારમાં ખાદીનું સ્થાન ક્યાં છે એ પણ બરોબર સમજાઈ જશે આપણને જો ખરેખર વિશ્વાસ હોય કે ખાદી વિના બહિષ્કાર સિદ્ધ નહિ જ થાય તો પછી આપણે ખરી વાત કહેતાં શાને ડરીએ? આપણો ધર્મ ખરું કરવાકરાવવાનો છે. પરિણામ ઈશ્વરાધીન છે.

પણ મુબઈને જો હું ઓળખતો હોઉં તો મારી ખાતરી છે કે મુંબઈ મારી યુક્તિને સમજી જશે, રિસાશે કદી નહિ, પણ યથાશક્તિ મદદ જ કરશે.

તકલીને આપદ્ધર્મ સમજી વાસ ને ઠીકરામાથી સુંદર તકલી બનાવી પોતે જ રૂ પીંજીને સહુ સૂતર બનાવવા મંડી જાય. રોજના બે કલાક અપાય તોયે બસ થશે. ખાદીભંડારના બધા માણસો પણ તકલીવિશારદ થઈ જાય, લોકો અ[illegible] તેમને તકલી બનાવતા, પીંજતા, સૂતર ઓળખતાં શીખ[illegible] લે. આવું ૭ માસ ચાલે તો ખાદીની તાણ કદી [illegible] પડે. આટલું પણ સમજવાનું છે કે જો ખાદીની ભાવ[illegible] વ્યાપક સ્વરૂપ પકડે તો ગામડાંને તો ખાદીની ખોટ [illegible] જ પડે. કેમકે ગામડાં તો તુરત પોતાપૂરતી ખાદી ઉત્પ[illegible] કરી લે.

એક પ્રશ્ન મુબઈમાં કદાચ ઉત્પન્ન થવાજોગ છે: 'તમે એ તરફથી સામુદાયિક સવિનય ભંગ કરાવી રહ્યા છો ને બીજી તરફથી તકલી ચલાવવાનું કહો છો. સવિનય ભંગ કરનારાં ભંગની ધમાલમા તકલીનું સૂઝે જ ક્યાથી?' ભંગમા ધમાલ હોય સવિનય ભંગમા ધમાલ શી? સવિનય એટલે શાતિમય. શાંતિ એ ધમાલનો વિરોધી શબ્દ છે. આપણા ભંગમા ખરી શાંતિ હોય તો તકલી વધારે જોરથી ચાલે, કેમકે તકલી તો શાતિની મૂર્તિ છે. છાવણીઓમા ફરતા હું જોઉં છું કે ઘણી જગ્યાએ સૈનિકો આળસમા સમય ગુજારે છે ને કહે છે: 'અમને કામ આપો કાં પકડાવો' પકડાવવાનું છેક મારા હાથમા નથી કામ આપી શકાય છે, ને તે તકલી છે, પીંજણ છે. હજારો સૈનિકો અત્યારે તો હજારો તોલા સૂતર રોજ આપી શકે છે. હજાર તોલા સૂતર એટલે પચીસ શેર સૂતર, એટલે ઓછામા ઓછી પોણોસો ચોરસવાર ખાદી. એક દિવસની આપણી જરૂરિયાત સવા ઈંચની ગણાય; એટલે કે* બેહજારએકસો જણની '[illegible] જરૂરિયાત પૂરી પડી આ પરિણામ ગમે તે કોઈ મનુષ્યને આશ્ચર્ય પમાડે એવું છે. પણ જેઓ 'બહુ તાતણે બળિયુ'નો ન્યાય જાણે છે તેને આ આશ્ચર્ય નહિ પમાડે એક તાંતણે સૂતર કાતનાર પોતાને સારુ ને બીજાં સવા જણને મ[illegible]નો સામાન તૈયાર કરે છે. એ[illegible] સૂતર [illegible] રમ[illegible] વાતમા કાતી શકે છે, ને જો આપણે શાંત[illegible] હોઈએ તો આપણે ચોકી કરતા, ગો[illegible] ચલાવી શકીએ. આપણે શરી[illegible] કરી. ધારો કે આપણે મીઠાના સરકારી [illegible] કબજો લેવા ગયા, તેઓ કબજો નથી આપતા. આપણે મોરચો મારી ઊભા છીએ, એટલે આપણને પકડે અથવા ગોળીએ મારે અથવા લાકડી ચલાવે. આ બધુ કરે ત્યા લગી આપણે શાત ચિત્તે કાં તકલી ચલાવતા ન હોઈએ? એ સત્યાગ્રહીનું હથિયાર છે. તેની બંદૂક તે આપણી ઠીકરાની ને વાસની બનેલી તકલી! મને આના જેવુ કશું વધારે ભવ્ય નથી લાગતુ. મુબઈ અને બીજાં શહેરો ને ગામડા આ વધાવી લેશે?

વળી વિચારીએ. કરોડો માણસો ગોળી ખાવા નહિ નીકળે, આખો દહાડો મીઠું નહિ સારે, કરોડો માણસો સરઘસમા નહિ નીકળે. બૈરા, બચ્ચાં, ઘરડા શું કરશે? જો આ બધા પણ સૂતર કાતે તો સ્વરાજ્યયજ્ઞમા પૂર્ણ ભાગ લે છે.

('નવજીવન' તા. ૨૭-૪-૧૯૩૦)

મોહનદાસ કરમચંદ ગાંધી

એપ્રિલનું ખાદીવેચાણ

મુબઈના ખાદીભંડારમા એપ્રિલના એક જ માસનું ખાદીનુ વેચાણ:

રૂ. ૧,૦૦,૧૮૧

ખાદી અને સ્વરાજ

સર્વવ્યાપી જ્વાળા

હિંદુસ્તાનમાં અત્યારે શુદ્ધિની જ્વાળા ચારે તરફ સળગી ઊઠી છે. એની જ્વાળા પ્રેમપ્રપાવકની છે. તેમાં જે પડશે—જ્ઞાનથી કે અજ્ઞાનથી, ઇચ્છાએ કે અનિચ્છાએ—એ પવિત્ર થઈને નીકળશે અને ભાવિ પ્રજાના સાચા શુભેચ્છકો ગણાશે. પણ જે તેનાથી ભાગશે તે નવા યુગમાં પસ્તાશે.

શ્રી જેરાજાણી ઉપરનો પત્ર

આ અંકના બીજા ભાગ ઉપર શ્રી ગાંધીજીનો ભાઈશ્રી જેરાજાણી ઉપરનો પત્ર છપાયો છે. ખરું જોતાં એ એક સાધારણ પત્ર નથી પણ નિઃશસ્ત્ર અને કંગાળ કરોડો ભાઈબહેનોને નામે દુનિયાની જોરાવરમાં જોરાવર અને ભારેમાં ભારે શસ્ત્રધારી પ્રજાની સામે ઝઝૂમનાર એક ખડતલ તપસ્વીની આજ્ઞા છે. અથવા કહો કે લડાઈને મોખરેથી એ વીર સેનાનાયકનો હુકમ છે. સ્વતંત્રતાની પાછળ આજે મેદાને પડેલ દરેક હિંદવાસીને એ હુકમ શિરસાવંદ્ય હોવો જોઈએ. એ હુકમથી તેઓ આપણી પાસે આપણી ભાવના અને શક્તિનો સક્રિય ઉપયોગ માગે છે.

ધગશ અને આત્મભોગની જરૂરિયાત

અત્યાર સુધી આપણે આપણી પોલી ભક્તિથી આપણને અને દેશને છેતર્યાં છે. તેથી એ તપસ્વીના પડકાર પછી પણ માત્ર વર્ષ જેટલો કાળ આપણે ગુલામીમાં વધુ સબડતા રહ્યા અને ... આપણા કરોડો ગરીબ દેશબાંધવોને તેટલા વખત સુધી મૂંગે મોઢે ખમતા રહેવું પડ્યું. ૧૯૨૨માં આપણે ખાદીની અથવા બીજા કોઈ સફેદ કાપડની ટોપી ઓઢી લાખોની સંખ્યામાં ઊભરાણા અને દુનિયાને એવો દેખાવ કરી બતાવ્યો કે અમે સ્વરાજ લેવાને તલસી પડ્યા છીએ, પણ હૃદય ઉપર હાથ મૂકી સાચેસાચું કહીએ તો ખરેખર સ્વરાજ લેવા નીકળનારાઓ આપણામાં બહુ ઓછા હતા. કારણકે જો એક ક્ષણે એક પ્રજા વિચારે કે અમારે પરદેશની ધૂંસરી કાઢી નાખવી છે અને જો એ વિચાર સક્રિય અને ખરેખરો હોય તો દુનિયામાં એવી કઈ શક્તિ છે કે તેને એમ કરતા રોકી શકે? જો આ વાત સાચી હોય તો હિંદુસ્તાનની સંસ્કારી અને તેત્રીસ કરોડ જેટલી મહાન પ્રજાને માટે સ્વરાજ લેવું એ વાત મુશ્કેલ હોઈ શકે જ નહિ. પણ ખરી વાત તો એ છે કે આપણે સ્વરાજની આવી તીવ્ર ઇચ્છા કદાપિ કરી નથી. અને તે કરી હોય તોયે તેની કિંમત આપવાને કદી તૈયાર થયા નથી. એ તો પ્રાચીન સત્ય છે કે સહેલાઈથી મળેલ વસ્તુને નથી આપણે બરાબર ઓળખી શકવાના કે નથી સાચવી શકવાના. તેથી આ કટોકટીને પ્રસંગે દરેક હિંદુસ્તાનીની ફરજ છે કે તેણે બરાબર કમર કસવી.

આમ વર્ગની આબાદ જાગૃતિ

શ્રી. ગાંધીજીનું અને તેથી આખા હિંદુસ્તાનની પ્રજાનું આ આખરી યુદ્ધ છે. દેશ જીતશે તો આજે જીતશે. આજે ગાફેલ રહેશે તો જમાનાઓ સુધી તે ગુલામીમાં સબડશે એમ આપણા નેતાઓ કહે છે. હિંદુસ્તાનને ખૂણેખૂણે પહોંચેલ આ સંદેશો આમવર્ગે બરાબર ઝીલી લીધો હોય એમ દીવા જેવું સ્પષ્ટ જણાય છે, અને તેથી એ પણ એટલું જ સ્પષ્ટ છે કે હિંદુસ્તાનને માટે સ્વરાજ હવે દિવસોની વાત છે. તે કઈ ક્ષણે આપણા હાથમાં હશે તે તો ઈશ્વર કહી શકે. પણ આપણે તો તે માટે હમેશા તૈયાર જ રહેવું પડશે.

પ્રજાકીય તંત્ર જોઈએ

યુદ્ધ એ કોઈ પ્રજાનો હમેશનો ધંધો નથી. એ જ્યાં રાજકીય સત્તા પ્રજાના હાથમાં જ હોય છે ત્યાં તો આકસ્મિક અને અણીને પ્રસંગે જ હોય છે, પ્રજાની આર્થિક સ્થિતિ સંગીન હોય છે, તેના દુરુપયોગ કુશળતાપૂર્વક લેતા હોય છે, ત્યાં ભૂખમરાનું નામનિશાન હોતું નથી ત્યાં પ્રેમની સત્તા સર્વોપરિ હોય છે. આપણે આ સત્તા સૈકાઓ કરતા વધારે વર્ષોથી ગુમાવી બેઠા છીએ. તે હવે સર કરવાની અણી પર છીએ. અને સર કર્યા પછી જો આપણું રચનાત્મક કાર્ય આપણે પડતું મૂકીએ તો આપણે મેળવેલ સ્વરાજ અને આપેલ બલિદાનો વૃથા જાય

કાચા સૂતરને તાંતણે

આ દશામાંથી બચવા માટે શ્રી ગાંધીજીએ આજથી આ (શ્રી જેરાજાણીના ઉપર પત્રમાં દર્શાવેલી) યોજના યોજી હોય એવું લાગે છે. એ પવિત્ર આત્માની દૃષ્ટિ આપણી દૃષ્ટિ કરતા સેંકડો વર્ષો આગળ પડતી દીર્ઘ છે. શ્રી ગાંધીજી અને તેમની હિલચાલથી જે કોઈ વાકેફ છે તે તો જાણે છે કે તેમની જે વાતને લોકો માની શકતા નહિ એટલું જ નહિ પણ કેટલાક તો હસી કાઢતા તેમને પણ આજે કબૂલ કરવું પડ્યું છે કે હિંદુસ્તાન માટે શ્રી ગાંધીજીએ યોજેલ રસ્તો સાચો, એ જ એક અને યોગ્ય છે શ્રી ગાંધીજી પ્રથમથી જ કહેતા આવ્યા છે કે દરેક કુટુંબે ઓછામાં ઓછું પોતાના ઉપયોગ પૂરતું કાંતી વણી લેવું જોઈએ. આજે જ્યારે દેશને સ્વરાજની ઝાંખી થઈ રહી છે ત્યારે તેઓ ફરીથી પોકાર કરીને કહે છે કે "લોકોની ભાવના ખરેખર હોય તો તેમણે કાંતવું જ જોઈએ." આજે તો લોકોની સગવડ માટે તેઓ એટલી છૂટ પણ મૂકે છે કે તમે તમારું સૂતર વણાવી ન શકો તો ખાદીભંડારોમાં જઈ તમારા સૂતરના બદલામાં ખાદી લઈ લો અને અરે, તમે જાતે પૂરતું કાંતી ન શકો તો ભલે બીજા પાસે કતાવી સૂતર પેદા કરાવી લો. અમે આશા રાખીએ છીએ કે દરેક હિંદી આ વાતને બરાબર માને અને "જ્યાં લગી રૂ મળી શકે ત્યાં લગી ખાદીની તાણ ન પડી શકે" એ સૂત્રને સાચું પાડે.

ક. મ. કોટક

હાથે કાંતેલા સૂતરને બદલે ખાદી કેમ ખરીદાય?

ખાદીની માગણીને પહોંચીવળવા અર્થે ખાદીની ઉત્પત્તિ વધારવી જોઈએ અને તે હાથે કાંતેલ સૂતરનો જથો વધે તો જ બને. આ માટે પૈસા લઈને ખાદીનાં જે વેચાણ કરવામાં આવે છે તેને બદલે ખાદીની કિંમત તરીકે હાથે કાંતેલું સૂતર લેવામાં આવશે.

સૂતર કેવું હોય?

હાથે કાંતેલ સૂતરની કિંમતનો આકારો

સૂતરની મજબુતાઈ–કસ ૮૦ અને સમાનતા ૮૦ અથવા તેની ઉપર હોય. આવા સૂતરની ૮૪૦ વારની એક આંટીની કિંમત રૂા ૧–૦–૦.

સૂતરની મજબુતાઈ–કસ ૮૦થી ઓછી હોય તો દર ૧૦ ઓછા કસે ૧॥ પાઈ ઓછી.

પરંતુ સૂતરની મજબુતાઈ-કસ ૫૦થી ઓછી હોવી ન જ જોઈએ.

સૂતર ૫૦ કસ (મજબુતાઈ) સુધીનું હોય પરંતુ સમાનતા તો ૮૦ ટકાથી ઓછી ન જ હોવી જોઈએ.

સૂતર ફૂંકારેલું એટલે પાણી છાંટેલું હોવું જોઈએ.

આંટી કેવી હોય?

૪ ફૂટના ઘેરાવાના ફાળકા ઉપર સૂતર ઉતારવું.

૮૪૦ વારની આંટી કરવા માટે ૬૩૦ વાર લેવા જોઈએ.

૬૩૦ તારને ૭૦ તારની એકએક એવી ૯ લટ ફાળકા ઉપર ઉતારી વચ્ચે જોગ બાંધેલી હોવી જોઈએ. (ત્રાકના કોકડા પરથી ફાળકા ઉપર તાર ઉતારતી વખતે ગણતા જવું અને ૭૦ તારની એક લટ થાય એટલે તેને એક પાકા દોરાથી જોગમાં બાંધી લેવી. આવી નવ લટની એક ફાળકીમા ૮૪૦ વાર સૂતર થશે).

સૂતરની કિંમત—દાખલા તરીકે

સૂતરનો આંક	સૂતરની આંટી એક રતલમા	કિંમત એક રતલ સૂતરની
૬	૬	રૂ. ૦—૬—૦
૧૦	૧૦	,, ૦—૧૦—૦
૨૦	૨૦	,, ૧—૪—૦
૩૦	૩૦	,, ૧—૧૪—૦

(રૂની કિંમત આશરે ૦—૮—૦ એક રતલના. સૂતરની કિંમતમાં રૂની કિંમત સમાઈ જાય છે, એટલે વધારે કસ અને સમાનતાવાળું સૂતર જેમ વધુ બારીક હોય તેમ કિંમત વધુ).

ખાદીવેચાણ

જેટલી કિંમતનું સૂતર આવશે તેટલી કિંમતની ખાદી તે બદલ વેચાણ તરીકે મળશે.

સાધનો

સૂતર કાતવા માટે રૂ પીંજવાના તેમજ કાતવાના સાધનો અમારે ત્યાંથી મળશે. આ સંબંધી સૂચનાસમજણ-પૂરતું શીખવવાની ગોઠવણ પણ કરેલ છે. હાથકંતામણ માટે પાકી ગાસડીનું રૂ એ પીંજનાર અને કાતનાર બન્ને માટે ચારગણી મહેનત વધારનારું છે.

આ માટે જેને આ રીતે ખાદી મેળવવી હોય તેમણે રૂનો સંગ્રહ હમણાં જ કરી લેવો જોઈએ. અને જેઓ પોતે રૂ મેળવી ન શકે તેમણે અમને જણાવવાથી અમે તેમને માટે રૂ મેળવી આપવાની ગોઠવણ કરી આપશું. વિ. પ. જે.

બહારગામના ગ્રાહકોને વિનંતિ

ગામોગામ ખાદી પહોંચાડવા અનેક પ્રયત્નો આદર્યા, અને તે કારણે 'ખાદી પત્રિકા' પ્રગટ કરી તેમાં ખાદીની જાતભાતની જાહેરાત કરી.

પરિણામે ઠીકઠીક સિદ્ધિ પણ થઈ. અને નાનાં-મોટાં ગામોમાં ખાદીનો સંદેશો પહોંચ્યો.

સવિનય ભંગની લડત શરૂ થઈ. અને મુંબઈની ગામથરાકી એટલી વધી કે બહારગામને માટે કંઈ જથ્થો ફાજલ પાડી શકાયો નથી.

પરંતુ હવે પછી 'હાથે કાંતેલ સૂતરના બદલે ખાદી કેમ ખરીદાય?' ની યોજના મુજબ જેઓ પોતાને જે વસ્તુ જોઈતી હોય તેની પૂરી કિંમત માટે હાથે કાંતેલ સૂતરનો જથ્થો મોકલશે તેને તે વસ્તુ મોકલી શકાશે.

સઘળો પત્રવ્યવહાર:—ખાદી ભંડાર, નં. ૩૯૬ કાલકાદેવી રોડ, મુંબઈ નં. ૨—સરનામે કરવો.

ગરમ કાપડનું ઉત્પત્તિકેન્દ્ર:—અખિલ ભારત ચરખાસંઘ, શ્રીનગર (કાશ્મીર). સરનામું અંગ્રેજીમા કરવું.

'રાષ્ટ્રીય સપ્તાહ

Regd No B. 2339. ,૮
ખાદીમ ડારના સ ગ્રહના સમાચારોને મફ્ત

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૪] તંત્રીઃ વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૪

મુદ્રક મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ પાનકોરનાકા, અમદાવાદ.

અમદાવાદ, સવત ૧૯૮૭ના ચૈત્ર સુદ ૧૪
બુધવાર, તા. ૧ એપ્રિલ ૧૯૩૧

વાર્ષિક લવાજમ
દેશમા રૂા ૦ ૮-૦
દેશાવર રૂા ૧-૦-૦

રાષ્ટ્રીય સપ્તાહમાં સસ્તે ભાવે ખાદી

ચાલુ એપ્રિલ માસમા રાષ્ટ્રીય સપ્તાહ નિમિત્તે સસ્ત ભાવે ખાદીના વેચાણ કરવાનું મુંબઈના ખાદીભડારે ઠરાવ્યુ છે સસ્તા ભાવે ખાદીવેચાણની શરૂઆત સોમવાર તા ૪થી એપ્રિલથી શરૂ થશે અને તે તા ૧૯મી એપ્રિલ સુધી એટલે ૧૬ દિવસ, ચાલુ રહેશે

આ મુદત દરમ્યાન ભડાર પોતાના ચાલુ ખર્ચ માટે એકદરે ખાદીખરીદી ઉપર રૂપિયે જે એક આનો ચડાવે છે તે છોડી દેશે, એટલે કે દરેક જાતના ખાદીના વેચાણભાવ ઉપર રૂપિયે એક આનો વધતર આપશે

બહારગામથી મગાવનારાઓ જેમની વરધીના પત્રો તા ૧૯ મી એપ્રિલ સુધીમાં આવી ગયા હશે તેમને પણ આ સગવડતાનો લાભ અપાશે આ સમયમા મળતી વરધીઓને સમયસર પહોચી વળવાને દરેક પ્રયત્ન કરવામા આવે છે, પરતુ અગાઉના અનુભવે જણાયુ છે કે કામના સખત દબાણના અંગે સહેજ ઢીલ થાય તો તેને નિભાવી લેવા ગ્રાહકોને વિનતિ છે

આ સિવાય ખાદીની જે કેટલીક જાતો જૂની ઢબના વણાટની હશે, યા બીજા કારણોને અંગે જે ખાદી વેચાણ કરી દેવી જરૂરી હશે તેનુ વધુઓછે ભાવે એટલે ૧૨ા અથવા ૨૫ ટકે ઓછે પણ વેચાણ થશે આવી જાતો મુબઈના સ્થાનિક રહેવાશીઓ જાતે પસદ કરીને ખરીદે બહારગામવાળાઓએ પણ મુંબઈના પોતાના કોઈ સ્નેહીને લખીને ખરીદવી

ખાદીની જાતો, ભાતો અને ભાવ સમજવા માટે આ સાથે તેની જાહેરાત ભાવતાલ સુદ્ધાં પ્રગટ કરવામા આવી છે એ ઉપરાંત પણ અનેક જાતો ભડારના સગ્રહમાં છે

સસ્તે ભાવે કાશ્મીરી ગરમ કાપડ

આ સમયે કાશ્મીરનું સર્વ જાતનું ગરમ કાપડ પણ રૂપિયે બે આના ઓછા લઈને વેચાણ કરવાનુ ઠરાવ્યુ છે જોકે ગરમ કાપડ પહેરવા માટેની મોસમ હાલમાં વીતી ગઈ છે, અને બીજી આવવાને હજુ સમય છે, તોપણ આ સસ્તા ભાવની યોજનાનો જેઓ લાભ લઈ ગરમ કાપડનો સગ્રહ કરી શકતા હોય તેમને માટે આ અમૂલ્ય તક છે

વિઠ્ઠલદાસ વ. જેરાજાણી

ગૂજરાત ખાદી સંમેલન, અમદાવાદ

(તા. ૧૬-૧૭ ફેબ્રુઆરી ૧૯૩૧)

ગુજરાતના કાર્યકર્તાઓનુ આ સમેલન તા ૧૬ ફેબ્રુઆરીના દિવસે બપોરના ત્રણ વાગે ગૂજરાત વિદ્યાપીઠમાં મળ્યુ હતુ તે વખતે જુદા જુદા કેન્દ્રોના મળીને લગભગ ત્રીસ કાર્યકર્તાઓ હાજર હતા આ દિવસ પ્રાથમિક ચર્ચાનો રાખેલો હોઈ જુદા જુદા મથકોના કાર્યકર્તાઓએ પોતાની મુશ્કેલીઓ અને પરિસ્થિતિનું વર્ણન કર્યું હતુ, અને તા ૧૬મીએ થનાર રીતસરની બેઠક માટે ચર્ચાના મુદ્દા નીચે પ્રમાણે નક્કી કર્યા હતા —

૧ ગુજરાતની ખાદીઉત્પત્તિ કઈ રીતે શક્ય છે ?
૨ ગુજરાતમાં ઉત્પન્ન થતી અને બહારથી આવતી ખાદીના વેચાણની વ્યવસ્થા,
૩ ગુજરાતમાં ખાદીની ભાવનાનો પ્રચાર,
૪ મિલકાપડ અને ખાદીની હરીફાઈ,
૫ મિલસૂતર અને હાથસૂતરની હરીફાઈ,
૬ ખાદી અને લડત વચ્ચેનો સબધ, અને
૭ ગુજરાતમાં ખાદીકામ સગઠિત અને વ્યાપક રીતે કરવા એક મધ્યવર્તી મંડળની જરૂરિયાત

બીજે દિવસે સંમેલનની રીતસરની બેઠક બપોરના ૧૨ વાગે શરૂ થઈ હતી તે વખતે ગુજરાતના લગભગ બધા ખાદીમથકો અને ખાદીભડારોના કાર્યકર્તાઓ અમદાવાદના વિદેશીકાપડ બહિષ્કાર સમિતિ અને પિકેટિંગ મડળના કાર્યવાહકો તથા અન્ય આમંત્રિત ભાઈબહેનો મળી કુલ ૭૫ જેટલી સખ્યા થઇ હતી શરૂઆતમા પડિત ખરેએ ઈશ્વરપ્રાર્થના કર્યા બાદ ખેડા જિલ્લા ખાદીસઘના મત્રી શ્રી દેસાઈભાઈ પટેલે વિજાપુર ઉદ્યોગ આશ્રમના સચાલક શ્રી છગનલાલ ગાંધીના ટેકાથી સમેલનનુ પ્રમુખસ્થાન શ્રી કાકાસાહેબ લે એવી દરખાસ્ત કરી પ્રમુખસ્થાન સ્વીકારીને શ્રી કાકાસાહેબે જણાવ્યુ કે સમેલન વિદ્યાપીઠમાં જ હોય અને હું પ્રમુખ થાઉં એ અજુગતુ જણાય. પણ પ્રમુખ બનતાં હું મૂક બની જાઉં છું અને મારે માગે ચર્ચામા વધારે પડતો ભાગ લેવાનુ બંધ થાય છે એટલે હું તો નિષ્ણાત લોકોમા શ્રવણભક્તિ કરવા જ પ્રમુખ બન્યો છું હવે આ સમેલનના નિમત્રકપ્રમુખ શ્રી રણછોડભાઈને પોતાનુ નિવેદન વાચવાનુ આમત્રણ કરુ છું બાદ શ્રી રણછોડભાઈએ નીચે પ્રમાણેનુ પોતાનુ નિવેદન વાચ્યુ હતુ

નિમંત્રકનુ નિવેદન

ખાદી લડતનું પ્રધાન અગ

" બહેનો અને ભાઈઓ,

દેશના અસાધારણ સજોગોમા આ સમેલન થાય છે એટલે અસાધારણ રીતે સભાઓ, સમેલનો, પરિષદો જેમ ભરાય છે અને અમુક કાર્યપદ્ધતિને અનુસરે છે ત જાતની ગોઠવણ આપણે આજે નહિ રાખીએ દેશમા લડત ચાલે છે.

લડતના મેદાન પર જેમ લડવૈયાઓ ભેગા થાય છે અને મંત્રણા કરે છે તેવી રીતે આપણે પણ આપણું કામ કરીશું

આજને પ્રસંગે પૂજ્ય ગાંધીજી હાજર રહેશે એવી આશા રાખી હતી એમણે આ સંમેલનમાં હાજર રહેવાની હા પાડી હતી એમ તો છે જ નહિ પણ તેઓ અમદાવાદમાં આવે અને ખાદી સંમેલનમાં હાજર ન રહે એમ તો બને જ નહિ એમણે આજ કાલના દિવસોમાં આવવાની આશા આપી હતી એટલે જ સંમેલન ભરવાની કંઈક ઉતાવળ પણ કરી

ખેર ! વિષ્ટિ કે જંગ એનો નિર્ણય ભલે આજે દિલ્હીમાં ઘડાતો હોય પણ બન્નેની સફળતા ખાદીના જ હાથમાં છે એમ ગાંધીજી પોકારી પોકારીને કહેતા આવ્યા છે જેલ બહાર આવ્યા પછી પણ એમણે જે સંદેશાઓ મોકલ્યા છે તેમાં ખાદીને પ્રધાન પદ આપ્યું છે એમને મન સવિનય ભંગ અને ખાદી સમવીર્ય છે, તુલ્યબળ છે

ગાંધીજી તો કહે જ છે કે ખાદી એ લડતનું એક અંગ છે એટલું જ નહિ પણ પ્રધાન અંગ છે છતાં આ સંમેલનમાં આપણે એ સવાલ છૂટથી ચર્ચીશું લડતમાં ખાદીને સ્થાન છે કે નહિ, ખાદી લડતને પોષક છે કે વિઘ્નકર્તા છે, નડતરરૂપ છે કે પાયારૂપ છે, એની આપણે આપણી માન્યતા પ્રમાણે અને અનુભવ પ્રમાણે છૂટથી ચર્ચા કરીશું.

અહીં આપણે છેલ્લા દશ વર્ષના ગુજરાતના ખાદીકાર્યનો વિચાર કરવા નથી ભેગા થયા દરેક પ્રસંગે જે જે વસ્તુ શક્ય હોય તે તે તે તે વખતની માન્યતા અને સંજોગો પ્રમાણે માણસ કરે છે એટલે આ દશ વર્ષનો પ્રયત્ન એ આપણો પાયો છે, એમ સમજી એના ઉપર આપણે હવે કઈ જાતનું ચણતર કરી શકીશું એનો વિચાર કરવા આપણે ભેગા થયા છીએ

રાષ્ટ્રીય કેળવણીની જેમ ખાદી પણ રાષ્ટ્રીય ઉત્સાહના વાતાવરણમાં પ્રજાનું ધ્યાન ખેંચે છે, અને નવો જન્મ મેળવે છે એ રચનાત્મક અને સ્થાયી કામ હોવાથી સ્વતંત્ર રીતે પોતાનો વિકાસ શોધે છે, અને સ્વતંત્ર થયા પછી લડતનું વાતાવરણ નડતરરૂપ છે એમ જોઈ લડતમાંથી અલિપ્ત રહેવાનો પણ વિચાર કરે છે આજના જમાનામાં લડતથી જે દૂર રહે તે નિષ્પ્રાણ થઈ જાય એમાં નવાઈ નથી પણ એ પણ સાચુ છે કે લડતની અનિશ્ચિત દશા સ્થાયી કાર્ય કરવાને માટે અનુકૂળ તો નથી જ એટલે આ પરસ્પર વિરોધી લાગતા અનુભવની મૂંઝવણમાંથી રસ્તો કેમ કાઢવો એ એક મહત્ત્વનો સવાલ આપણી આગળ છે, અને એનો ઉકેલ આણવામાં જ આપણી કુશળતા અને સફળતા સમાયલા છે

આ લડત શરૂ થયા પછી ગાંધીજીએ અનેકવાર આપણને સંદેશો મોકલ્યા છે કે દેશમાં ખાદીની ઉત્પત્તિ વધારો ખાદી ખપશે કે નહિ એવી શંકા મનમાં લાવ્યા વગર આંખો મીંચીને ઉત્પત્તિ વધારતા જ જાઓ હવે પછી દેશમાં ખાદીનું એક અસાધારણ મોજું આવવાનું છે, એને માટે આપણે અત્યારથી જ તૈયાર થઈ રહીયે ગાંધીજીનો એ સંદેશો કેમ ઝીલી શકીએ એનો વિચાર કરવા આપણે ભેગા થયા છીએ

ગાંધીજીનો એ સંદેશો યરોડામંદિરમાંથી કાકાસાહેબ લઈ આવ્યા યરોડામંદિરમાં ગાંધીજી આખો વખત રેંટિયાની જ એકાગ્ર ઉપાસના કેમ કરે છે એના તેઓ સાક્ષી હતા એટલે ગુજરાતનું ખાદીખાતુ એમને સોંપાયુ અને પોતાને પણ ગાંધીજીના એ ખાદીના સંદેશાનો ચેપ લાગ્યો હતો એટલે મેં કાકાસાહેબને આગ્રહ કર્યો કે આપણે ગુજરાતના ખાદીકાર્યકર્તાઓને ભેગા કરીશું. એમની આગળ મહાત્માજીનો એ ખાસ સંદેશ મૂકીશું બધા ભેગા મળી આજના સંજોગોમાં કામ કેમ લેવાય એનો વિચાર કરીશું અને ખાદીકાર્ય શક્ય હોય તેટલા વેગે અમલ ધપાવીશું

સ્વરાજની ધગશ ખાદીભક્તિમાં

આ પહેલા કોઈ કાળે ન જોયેલી એવી જાગૃતિ દેશમાં આપણે જોઈએ છીએ. સ્વદેશીની ભાવના, ખાદી પ્રત્યેની ભક્તિ અને પરદેશી કાપડ પ્રત્યેનો અણગમો આટલા થોડા દિવસમાં આટલી મોટીએ પહોંચશે એ આપણે ધાર્યું પણ નહોતું આજે મહાસભાની જે પ્રતિષ્ઠા જામી છે તે આ સ્વદેશીની ભાવનાને લીધે જ છે એ આપણે ભૂલી ન જઈએ મોટા મોટા કાપડના વેપારીઓ અને મિલમાલિકો મહાસભા સાથે સંધિ કરવા ઉપસ્થિત થાય છે, મહાસભાના બહિષ્કારથી ધ્રૂજે છે, એ જોઈ સ્વ પંડિત મોતીલાલજીને સ્વરાજ્ય મળ્યા જેટલો આનંદ થતો હતો, એ આપણે જાણીએ છીએ એ સ્વદેશી ભાવનાનું મૂર્ત અને ઉત્કટ રૂપ તે આપણી ખાદી એને આધારે આપણે અહિંસક યુદ્ધ જીતવાના છીએ સંપૂર્ણ ખાદીમાં જે જે વસ્તુનો અંતર્ભાવ થાય છે તે બધી વસ્તુ જો આપણે સિદ્ધ કરીએ તો આપણે પૂર્ણ સ્વરાજ્ય સિદ્ધ કર્યું છે, એમ ગાંધીજીએ હમણા હમણા જ આપણને કહ્યુ છે એટલે આપણામાં સ્વરાજ્યની જેટલી ધગશ હોય તે બધીનુ રૂપાંતર ખાદીભક્તિમાં કેમ કરીએ એનો વિચાર કરવા આપણે આજે ભેગા થયા છીએ

કોઈપણ વિચારણાનો પ્રારંભ જૂના અનુભવથી જ થાય છે એટલે આપણે આજના કાર્યના આરંભમાં આપણા એકનિષ્ઠ ખાદી સેવક શ્રી લક્ષ્મીદાસભાઈના અનુભવથી જ શરૂ કરીશુ એમના જેટલો અનુભવ ગુજરાતમાં તો બહુ જ થોડાને હોય એમના અસાધારણ ઉત્સાહથી જ આપણે અમદાવાદની મહાસભા નખથી શિખ સુધી ખાદીમાં જોઈ એમણે રાંમેસરાના પ્રયોગ પાછળ પોતાના આખા કુટુંબનો જે ભોગ આપ્યો છે તેવો ભોગ ભાગ્યેજ બીજા કોઈએ આપ્યા હશે અને ખાદીસરંજામ શુદ્ધ અને સસ્તા બનાવવામાં એમણે આખા દેશને પોતાની વેપારીબુદ્ધિ અને કારીગરની કુશળતાનો પરિચય આપ્યો છે એટલે એની તો, વાત જ કરવાની જરૂર નથી

બીજો અનુભવ જે આપણને કીમતી નીવડવાનો છે તે શ્રીમથુરાદાસભાઈનો છે એમણે કાંતવાની સરળતા પીંજણ ઉપર આધાર રાખે છે એ જોઈ પીંજણનિષ્ણાતો, અથવા તેમનો પ્રિય શબ્દ વાપરીએ તો ધનુર્ધરો તૈયાર કરવા પાછળ એઓ મંડી પડ્યા છે ખાદીની સફળતાની કૂંચી હાથે કાંતેલુ સૂતર વણતા વણકરોના હાથમાં છે એ જોઈ હવે એમણે એ સવાલનો પણ ઉકેલ પોતાના હાથમાં લીધો છે

સ્વ. મગનલાલભાઈનું પુણ્ય સ્મરણ

એવી રીતે એમણે ખાદીકાર્ય કર્યું છે એવા બીજા અનેક લોકોનો અનુભવ આજે આપણે મેળવવો જોઈએ પણ આપણે એ ભૂલી શકીએ કે ખાદી કામના આદ્ય આચાર્ય તો સ્વ મગનલાલ ગાંધી અને એમનો સત્યાગ્રહ આશ્રમ છે ગાંધીજી સાથે જ કહે છે કે ખાદીકાર્યનો વિસ્તાર ભલે બધા જ દેશભક્તો કરે, પણ ખાદીની ગંગોત્રીને ઠેકાણે તો વ્રતધારી, ત્યાગી, એકનિષ્ઠ સેવકો જ જોઈએ છે મગનલાલભાઈ એવા હતા એટલે જ ખાદીનુ વાતાવરણ આપણે ત્યાં જામી શક્યુ એમના આશ્રમનો અનુભવ પણ આપણે જાણવો જોઈએ નારાયણદાસભાઈ પાસેથી એ ફાળાની આપણે અપેક્ષા રાખીશું

આવી રીતે પ્રથમથી આપણે ત્યાં નિષ્ઠાવાન ખાદીસેવકોએ કાર્ય કર્યું છે પણ શું એટલાથી આપણે સંતોષ માનીને બેસી જઈએ ? જેટલું કરવાનું છે તેના પ્રમાણમાં થયુ છે એ કાંઈ જ નથી, એમ કહેવુ પડે છે

બીજા પ્રાંતોમાં ખાદીએ કેટલી પ્રગતિ કરી છે એ પણ આપણે તપાસવુ જોઈએ ચરખાસંઘનું મુખ્ય કાર્યાલય આ જ શહેરમાં છે શંકરલાલભાઈ એના મંત્રી છે એમની પાસેથી બીજા પ્રાંતોનો અનુભવ અને એમની કાર્યપદ્ધતિ આપણને જરૂર જાણવાને મળત, પણ આજે તેઓ અહીં નથી પણ ગમે ત્યારે અમની પાસેથી આપણે એ અનુભવ મેળવી શકીશું ખાદીપ્રચારના એક જ અંગને પોતાનુ બધું ધ્યાન આપી વ્યાખ્યાનકળામાં નિષ્ણાત થયેલા શ્રી વિઠ્ઠલદાસભાઈના અનુભવનો લાભ પણ આપણે મેળવી શકીએ

એ ઉપરાંત ગુજરાતમાં મોટા પાયા ઉપર જે લોકોએ અત્યાર સુધી ઓછુંવત્તુ કામ કર્યું છે, તેઓ પણ અહીં હાજર છે તેઓ પોતપોતાના અનુભવ કહેશે આવી રીતે અત્યાર સુધીના અનુભવના પાયા ઉપર આપણે ચણતર કરીશું તો આપણે હાથે ઓછી ભૂલો થશે, અને આપણા કાર્યને વિશેષ વેગ મળશે

પોતાના અસાધારણ ત્યાગથી જેમણે ગાંધીજીનું નેતૃત્વ અને વલ્લભભાઈની સરદારી શોભાવી છે એવા ગુજરાતના ખેડૂતોએ ખાદીને અપનાવી ખાદીની કારકિર્દીમાં એક નવો જમાનો ઉપાડ્યો છે અને

હાથમા પહોચી જાય અને જ્યા જોઈએ ત્યા ખાદીસરંજામ પેદા થાય એ આપણો ખરો આદર્શ છે કોઈ પણ ઠેકાણે માલ રેઢિયાળ કે ઊતરતો તૈયાર કરવામા ન આવે એ જોવા માટે આપણા તપાસનીસો બધે ફરે એવી વ્યવસ્થા કરી એટલે બસ એક ઠેકાણે કારખાનુ ચલાવી દુનિયાને માલ પૂરો પાડવો એ પ્રથા ખાદીના આત્માને પોષનારી નથી લક્ષ્મીદાસભાઈ કહે છે તેમ એમનુ બારડોલીનુ સરંજામકાર્યાલય એક પ્રયોગશાળા છે, અને દરેક ઠેકાણે સરંજામ તૈયાર કરનારને કસોટીરૂપ છે એટલે જેમ ગાનારને આડે રસ્તે જતા અટકાવવા માટે તબૂરો હોય છે તેમ સરંજામ તૈયાર કરનારાઓને માલની ઉત્તમતા, શુદ્ધતા અને સોધારતની દૃષ્ટિએ બારડોલીનુ કારખાનુ તબૂરા જેવુ છે એમણે દાખલ કરેલા આદર્શથી ઊતરતુ કામ કરી જ ન શકે જેની હિંમત હોય તે એમનાથી આગળ જાય

ખાદીની ભાવના દેશમા જાગૃત કરવા માટે પૂજ્ય શ્રી ગાંધીજીએ પોતાના ભાષણો મારફતે અને 'નવજીવન મારફતે જે કર્યું છે તેના પ્રમાણમા આપણે બાકીના લોકોએ કશું જ કર્યું નથી એમ કહેવુ પડે છે જ્યા આપણે ભેગા થયા છીએ એ ગૂજરાત વિદ્યાપીઠે ખાદીને કેળવણીમા સ્થાન આપી ખાદીનુ મહત્ત્વ સમજાવવામા દેશની કીંમતી સેવા કરી છે અને એની સાથે ખાદીની સંસ્કૃતિને આગળ ધપાવવાની જવાબદારી પણ વહોરી લીધી છે હવે એ વિદ્યાપીઠ પાસેથી આપણે આ દિશામા ઘણી આશા રાખી શકીએ એમણે ખાદીનુ સાહિત્ય બહાર પાડવુ જોઈએ, પ્રદર્શનો ગોઠવવા જોઈએ, પોતાના સ્નાતકો મારફતે આખા ગૂજરાતની ખાદીના વિકાસની દૃષ્ટિએ સરવે કરાવવી જોઈએ ખાદીની સંસ્કૃતિનો ધર્મ સાથેનો સંબંધ, સ્વરાજ સાથેનો સંબંધ આર્થિક ઉન્નતિ સાથેનો સંબંધ ગામડે ગામડે સમજાવવો જોઈએ ગામડે ગામડે તેમજ પોળે પોળે ખાદીનો સંદેશો પહોચે તે માટે સરઘસો કાઢવા જોઈએ એટલુ જ નહિ પણ ખાદીના મિશનરીઓના સંઘ ખાદીયાત્રાએ ફેરવવા જોઈએ ખાદીની બાબતમા વિદ્યાપીઠ પાસેથી આપણે જેટલી આશા રાખીએ તેટલી ઓછી ખાદીનુ અર્થશાસ્ત્ર વિદ્યાપીઠ તૈયાર ન કરે તો કોણ કરે? ખાદીકળાનું ટેકનિક એટલે કે કૌશલ્ય વિદ્યાપીઠ ન કેળવે તો તેયે કેમ ચાલે? ખાદીનો સ્વરાજ સાથેનો, સર્વોદય સાથેનો સંબંધ જેઓ બરાબર જાણે છે, ખાદીમા ધર્મપરિવર્તન જેઓ જુવે છે એવા પ્રચારકો અને ખાદીનિષ્ણાતો વિદ્યાપીઠ કેમ ન તૈયાર કરે? ખાદીનો ઉગમ જ ગુજરાતમાથી છે, મહત્ત્વાકાક્ષા રાખીએ તો તે અયોગ્ય પણ નથી, અને વધારે પડતી પણ નથી

છેલ્લા દસ મહિનામા બહિષ્કારની હિલચાલને અંગે આપણને ખૂબ અનુભવ થયો છે પરદેશી કાપડનુ ઝેર કયા કયા ફેલાયુ છે, કેટલે ફેલાયું છે, એ આપણે બરાબર જોઈ શકયા છીએ એ ઝેર દૂર કરવા માટે ખાદી શું કરી શકે છે, એમા મિલના કાપડને કેટલી મદદ થઈ શકે છે અને ખાદીને જ એ કેટલુ નડે છે, એ બધી વસ્તુનો આપણે જો વિચાર કરી શકીએ તો તે ખોટું નથી

હજારો વર્ષે ઈશ્વર તરફથી એકાદ વાર મોકલવામા આવતા ધર્મગુરુઓની કોટિમા જેમનુ સ્થાન છે, પૂર્વપશ્ચિમના બધા જ દેશો જેમની પાસેથી હવે ઉદ્ધારની દિશા મેળવવાની આશા રાખે છે તે ગાંધીજીએ પોતાની તમામ પ્રવૃત્તિના કેન્દ્રમા ખાદીને સ્થાન આપ્યુ છે એ આપણે ભૂલી ન જઈએ આપણો રેંટિયો એ ધર્મપ્રવર્તક ચક્ર છે, એ સુદર્શન છે એમ કહેવામા જરાય અતિશયોક્તિ નથી એ ચક્રનો ફેલાવો સાર્વત્રિક કેમ થાય અને આખા સમાજમા એની વાટે ચેતન્ય કેમ ફર્યા કરે એનો વિચાર કરવા આપણે ભેગા થયા છીએ. સર્વ ધર્મના અને સર્વ જાતિના લોકોનો સર્વોદય કરનાર સંગઠન કેમ કરાય એનો વિચાર કરવા માટે આપણે ભેગા થયા છીએ. એ કામ તરત અમલમા મૂકવાનુ હોવાથી તાત્ત્વિક દૃષ્ટિએ તેમજ વ્યવહારની દૃષ્ટિએ આપણે એનો વિચાર કરી લઈએ"

ખાદી અને ચાલુ લડત

આમ શ્રી રણછોડભાઈએ પોતાનું વિસ્તૃતનિવેદન પૂરુ કર્યા બાદ પ્રમુખસ્થાનેથી શ્રી કાકાસાહેબે નીચેનું વ્યાખ્યાન આપ્યુ હતું –

"એ એ પ્રમુખોના ભાષણોની પ્રથા આપણે કાઢી નાખીએ અને તેથી અત્યારે આપણી ચર્ચાના વિષયોમાથી એક મહત્ત્વના વિષયને જ લઈ લઉ. ખાદીને હાલ ચાલતી લડત કેટલે દરજ્જે પોષક છે અને કેટલે દરજ્જે નડતરરૂપ છે, એની ચર્ચા ખૂબ ચાલે છે એમા આપણે આપણુ વલણ નક્કી કરીએ ખાદીસેવક લડતમા ભાગ લે કે ન લે અને લે તો કઈ શરતે અને કયાસુધી લે એનો આપણે વિચાર કરીએ

ખાદીનું કાર્ય રચનાત્મક છે એટલે એ શાતિથી, સુવ્યવસ્થિત રીતે, એકાગ્ર થઈને કરવાનું કામ છે હાલની લડત જેવુ ઉત્તેજક વાતાવરણ ખાદીની વ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરે છે છતા આ લડતને કારણે જ ખાદી કાર્યને વેગ મળ્યો છે એ આપણે ભૂલી ન જઈએ યુદ્ધ ખાદીને પ્રેરક પણ છે અને નડતરરૂપ પણ છે જેઓ અત્યારસુધી ખાદીસેવક તરીકે પંકાયલા છે તેઓ કહે છે 'ચોવીસે કલાક ખાદીકાર્યમા દટાઇ રહેનાર સેવકો જ અમારા કામના એવા સેવકો આપો' જ્યારે સામાન્ય પણે સેવકો કહે છે અમને કંઈક ગરમાગરમ કાર્યક્રમ આપો ખાદી માટે બીજા ઠંડા લોકો શોધી કાઢો આવી રીતે ખાદી અને લડત વચ્ચે વિરોધ છે,—એકરાગ તો નથી જ, એવી છાપ લોકો પર પડે છે હમણા હમણા ગાંધીજીએ કહ્યુ છે 'ખાદીનુ સંપૂર્ણ વાતાવરણ નથી એટલે જ મારે સવિનયભંગ જેવી લડત ચલાવવી પડે છે

વાત એ છે કે કેટલાય લોકો આ લડતમા ઊતર્યા છે, પણ એમને ખાદીમા શ્રદ્ધા નથી 'ગાંધીજી પૂજ્ય છે આપણે અહિંસા જાળવવી જોઈએ એ ખરુ, પણ લડત મુખ્ય વસ્તુ છે,' એમ માનનારા અને ખાદીમા શ્રદ્ધા ન રાખનારા કેટલાય છે એમને મન જે ખાદીમા ગયા તે મોળા પડયા આથી ઊલટુ જેઓ ખાદી છોડી લડતમા ઊતરે છે તેમને ખાદીવાળા ધમાલિયા અને અધીરા કહીને સંબોધે છે

સાચુ જુઓ તો ખાદી એ કાઇ રાજકીય પ્રવૃત્તિ નથી, એ કંઈ યુદ્ધના એક કાર્યક્રમ તરીકે ચલાવેલી હિલચાલ નથી એ રાષ્ટ્રીય હિલચાલ છે, વ્યાપક છે, સ્થાયી છે ખાદીની હિલચાલ રાષ્ટ્રીય છે એમ કહીએ છીએ ત્યારે એવો અર્થ ન કરવો કે એ રાજકીય કરતા ઊતરતી અથવા સંકુચિત છે. એ રાજકીય કરતા મોટી, વ્યાપક અને જીવનમા ક્રાંતિ કરનારી છે એ રાજકીય પ્રવૃત્તિના ભરતીઓટથી ઓછામા ઓછી અજવાય એમ આપણે ઇચ્છીએ છીએ અને તેથી જ ખાદીપ્રવૃત્તિવાળા બીજી હિલચાલમા ન પડે એવી ઇચ્છા રખાય છે

ખાદીનું મહત્ત્વ રાષ્ટ્રીય જીવન પરત્વે છે એટલા માટે જ ખાદીની પ્રવૃત્તિ અને પરદેશી કાપડનુ પિકેટિંગ આપણે ખાલસા મુલક તેમજ દેશી રાજ્યોમા પણ કરીએ છીએ સરકાર પાસેથી સ્વરાજ્યના હકો છીનવી લેવાની અને સવિનય ભંગની હિલચાલ પૂરતી જ ખાદી હોત તો એને દેશી રાજ્યમા ચાલુ કરવા આપણે ન મથત

ખાદી સેવકની એકાગ્રતા

ખાદીના કાર્યકર્તાઓ એકાગ્રપણે ખાદીનું કામ કરે એ જરૂરનુ હોવાથી અને હિલચાલમા ભાગ ન લેનાર લોકો પણ ખાદીને મદદ કરે એ કારણે ખાદીની પ્રવૃત્તિ બીજી પ્રવૃત્તિ સાથે ભેળવતા નથી એનો અર્થ એ ન થવો જોઈએ કે ખાદીવાળા સ્વરાજ્યની હિલચાલ કરનાર આપણા ભાઈઓ સાથે સંબંધ પણ ન રાખે આપણે બધા મહાસભાના અનુયાયી છીએ, લડત આપણને પસંદ છે, પ્રસંગ આવ્યે લડતમા પ્રત્યક્ષ ભાગ પણ લેવાના, પણ જ્યાસુધી ખાદીનુ કામ કરતા હોઇએ ત્યાસુધી ખાદીકામમા બીજુ કશું ભેળવીએ નહિ દરેક ખાદીસેવક હિંદુસ્થાનનો વતની છે, સ્વરાજ્યપ્રેમી છે, કોંગ્રેસમા માને છે એટલે સામાન્ય પ્રજાજન તરીકે જે જાહેરજીવનમા ભાગ લીધા વગર છૂટકો નથી તે જાહેર જીવનમા ભાગ લેવામા એને સંકોચ ન જ હોઇ શકે.

ખાદીસેવક ખાદીકાર્ય કરે ત્યાસુધી એકલી ખાદીને જ વળગી રહે પણ મહાસભા હુકમ કરે કે દરેક ઘર પર રાષ્ટ્રીય વાવટો ગગાવવો તો એ વાવટો ચઢાવ્યા વગર રહે નહિ બિનજકાતી મીઠું વાપરવાનો પણ એને હક છે જમીનમહેસૂલ કોઈ ન ભરે એવી મહાસભાની આજ્ઞા થાય તો એ પણ મહેસૂલ આપવાનુ માડી વાળે પણ જ્યાસુધી ખાદીકાર્ય એના હાથમા છે ત્યાસુધી મહેસૂલ ન આપવાની હિલચાલમા ભાગ ન લે, લોકોને ઉશ્કેરવા ન ફરે. પણ જો રાષ્ટ્રની બીજો વખત આવે કાર્યકર્તાઓ ખૂટયા છે, કામ અટકે છે, એમ તે જુએ તો ખાદીકાર્ય છોડીને જોખમને ઠેકાણે પહોચવાનો એનો ધર્મ છે આજની હિલચાલ વધી જાય અને ખાદી ટકે એમ તો

(અનુસધાન પાનું ૩૩)

(અનુસંધાન પાનું ૨૮)

બનવાનું જ નથી. એટલે ખાદીને ટકાવવા ખાતર પણ ખાદીસેવકે લડત પ્રત્યે સમભાવ રાખવો જોઈએ, અને લડતમા આપણી ફત્તેહ થાય એમ ઇચ્છવું જોઈએ. જો લડાઇના કાર્યકર્તાઓ ખૂટી ગયા હોય (એવો પ્રસંગ આવવાનો જ નથી), અને નવા મળતા નથી એમ દેખાય તો શ્રી લક્ષ્મીદાસભાઈ જેવા કાર્યકર્તાઓ પણ ખાદીને ઈશ્વરના ખોળામા રાખીને સીધા લડતમા જશે પણ ખાદીકાર્યમા છે ત્યાસુધી એમને બીજુ ન સૂઝવું જોઈએ આવી એક નિષ્ઠા વગર રાષ્ટ્રીય હિલચાલ શું કે રાજકીય લડત શું, એમાથી એકે બરાબર ખીલવાનુ નથી.

મુખ્ય કાર્યકર્તાઓમા એટલી એકાગ્રતા જરૂરની છે સામાન્ય કાર્યકર્તાઓમા એકાગ્ર લોકો મેળવવાનો આગ્રહ ન રાખી શકાય ખાદીની હિલચાલ આખા રાષ્ટ્રીય જેવડી મોટી છે એમા ઓછી પ્રવૃત્તિવાળાને પણ સ્થાન હશે, લાયક લોકોને પણ સ્થાન હશે, અને રાજનિષ્ઠોને પણ, તેઓ ધારે તો, સ્થાન હશે

ખાદીને રાજદ્વારી હિલચાલની આભડછેટ નથી પણ એ કામની એકાગ્રતા ખાતર જ લડતના બીજા કાર્યક્રમથી દૂર રહે છે ખાદીકાર્ય લડતને અર્થે સ્થપાયું નથી લડત સાથે એનો અંત પણ આવવાનો નથી એ સ્થાયી છે પણ આજે લડતના રંગથી એ કોઈક કોઈક ઠેકાણે રંગાયેલુ દેખાય તો એમા આશ્ચર્ય નથી ખાદીકાર્ય લડતના કાર્યક્રમ સાથે ભળે નહિ એ જરૂરનુ છે, પણ ખાદીસેવકો લડતના લડવૈયા સાથે સબંધ તો જરૂર રાખશે. સમાન વિચાર, આદર્શ અને સમાન રહેણીવાળાઓ સાથે તેઓ ભળશે પણ ખરા

ખાદીને અલિપ્ત રાખીએ છીએ તે સરકારી અમલદારોને છેતરવા માટે નહિ, સરકારી દમનનીતિથી બચવા માટે નહિ રાજદ્વારી હિલચાલ ઢાંકવાનો એ પિછોડો નથી, પણ આપણી કાર્યની કુશળતા છે ખાદીને એક પિછોડા તરીકે વાપરી શું તો અમલદારો છેતરાશે નહિ, પણ હિલચાલનો અંતરાત્મા દુભાશે.”

ભાષણ પૂરુ કર્યા પછી તેમણે શ્રી રણછોડભાઈને મધ્યવર્તી મંડળની સ્થાપનાને લગતો પહેલો ઠરાવ રજૂ કરવા વિનંતિ કરી હતી શ્રી રણછોડભાઈએ નીચેનો ઠરાવ સમેલન સમક્ષ વાંચી સભળાવ્યો હતો —

“ ગુજરાતમા ખાદી પ્રચારને અંગે થતુ છૂટુંછવાયું કાર્ય સંગઠિત અને વ્યાપક થઈ એકતંત્ર બને તે માટે એક મધ્યવર્તી મંડળની આવશ્યકતા છે એમ આ સમેલન માને છે, તેથી તેવા મંડળનુ બંધારણ નક્કી કરી તેને અસ્તિત્વમા લાવવા માટે નીચેના સભ્યોની સમિતિ-સભ્યો વધારવાની સત્તા સાથે-નીમવામા આવે છે આ સમિતિએ તા. ૫ મી માર્ચ સુધીમાં આ મંડળ નિર્માણ કરવું ”

સભ્યો—શ્રી કાકાસાહેબ, શ્રી રણછોડભાઈ,
શ્રી લક્ષ્મીદાસભાઈ અને સૌ. સરલાદેવી.
મંત્રીઓ—શ્રી જેઠાલાલ ગાંધી તથા શ્રી
ચંદુલાલ દવે

ઠરાવ રજૂ કરતા શ્રી રણછોડભાઈએ જણાવ્યુ કે આ મંડળની જરૂરિયાત વિષે મારા નિવેદનમા મે કહ્યુ છે જે રીતે આખા હિંદમા ચરખાસંઘ છે તે જાતના મંડળની ગુજરાતને જરૂર છે આ મંડળ દ્વારા જુદા જુદાં ખાદીકેન્દ્રોને પડતી અડચણોનો ઉકેલ થશે, તેમજ ખાદીઉત્પત્તિવેચાણ, પર પ્રાતની ખાદીની હરીફાઈ વગેરે સવાલનો નિકાલ થશે અત્યારસુધી ગુજરાતમા થયેલું કાર્ય છૂટુંછવાયુ હોવાથી ચરખાસંઘના કાર્ય તરફ નજર કરતાં તે નજીવું લાગે છે તેથી સહુ આ મંડળની જરૂરિયાત સ્વીકારી ઠરાવ પસાર કરે એમ વિનંતિ છે ઠરાવને ટેકો આપતાં ગુજરાત ખાદી પ્રચારક મંડળના મુખ્ય અધિકારી શ્રી લક્ષ્મીદાસભાઈએ જણાવ્યુ કે સૂતરના એક તાર કરતાં ભેગા કરેલા ઘણાં તાર વધારે બળવાન હોય છે એજ રીતે ગુજરાતના બધા ખાદીકાર્યકર્તાઓ અને ખાદીનિષ્ણાતો પોતાની શક્તિ આવા મંડળને અર્પણ કરે તો જરૂર ગુજરાત ખાદીકાર્યમા કેટલુ કરી શકે તે બતાવાય, અને કાર્ય આગળ ધપે તેથી આ ઠરાવ સ્વીકારવા સહુને મારો આગ્રહ છે

મત લેતાં ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ખાદી પ્રચારને લગતો બીજો ઠરાવ શ્રીમતી સરલાદેવીએ રજૂ કર્યો —

“ ખાદીની ઉત્પત્તિ અને વેચાણના કાર્ય સાથે ખાદીનિષ્ણાતો મોટી સંખ્યામા તૈયાર ન થાય તો ખાદીનો વિકાસ ન થાય, અને તેથીયે વિશેષ પ્રજામાં ખાદીનુ મહત્ત્વ સમજાવવાનું અને ખાદી પ્રત્યે રુચિ અને નિષ્ઠા વધારવાનુ કામ ચાલુ ન રહે તો ખાદીને વ્યાપક અને અસરકારક નજ કરી શકીએ, એ ધ્યાનમાં લઈ પ્રચાર તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે એમ આ સમેલન માને છે. ”

ઠરાવ પર વિવેચન કરતા તેમણે જણાવ્યુ કે ખાદીની પ્રવૃત્તિ માત્ર રાજકીય દષ્ટિ ઉપરાંત આર્થિક અને નૈતિક દષ્ટિએ પણ છે અને તેથી આ પ્રવૃત્તિ પર વિશેષ ધ્યાન આપવાની અગત્ય છે ખાદી મારફતે વિદેશી કાપડનો બહિષ્કાર કરવાનુ આપણું ધ્યેય છે તેથી લોકોમા તેની ભાવના જેમ બને તેમ વધારે જાગ્રત કરવી જોઈએ શરૂઆતમાં જેમ સરઘસો, ભાષણો, પત્રિકાઓ વગેરેથી પ્રચાર થતો તેમ અત્યારે પણ થવુ જોઈએ તેમજ ખાદીને આગળ ધપાવવાના નવા નવા પ્રયત્નો હરહમેશ થતા રહેવા જોઈએ સમાજમાં સફેદ સાદુ કપડું એટલે ખાદી એવી માન્યતા ભરાઈ બેઠી છે તો લોકોને શુદ્ધ ખાદી એટલે હાથે કાંતેલ અને હાથે વણેલ કપડુ એજ ખાદી એમ સમજાવવું જોઇએ અને મિલની ખાદીની ભુલભુલામણીમાથી તેમને બહાર કાઢવા જોઈએ

ઠરાવને ટેકો આપતા ચંદુલાલ દવેએ જણાવ્યુ કે ગાંધીજીએ ખાદી વિષે જેટલો આગ્રહ રાખ્યો હતો તેટલો એમના જેલ જવા પછી ગુજરાત રાખી શક્યુ નથી કારણ લડતમા ભાગ લેનાર સૈનિકો જ મિલનુ કાપડ ચલાવી લેતા થયા. ત્યારબાદ શ્રી શારદાબહેને ખાદીની મોંઘાશ વિષેની દલીલોનો જવાબ આપીને ખાદીવેચાણની એક યોજના વાંચી સંભળાવી હતી. જે નીચે મુજબ છે —

ખાદી પ્રચારની યોજના

‘ આજ આઠ મહિનાના ખાદીપ્રચાર તથા રેંટિયાવર્ગોના અનુભવ ઉપરથી માલૂમ પડયુ છે કે ખાદીની ભાવના મધ્યમ વર્ગના સ્ત્રીપુરુષોમા બહુ સારી રીતે પ્રસરી છે કેટલાક તો માત્ર મહાત્માજીમા શ્રદ્ધા છે તેને લીધે એ તરફ રુચિ રાખે છે જે હોય તે સમજુ વર્ગના સ્ત્રીપુરુષો એમ માને છે કે દેશના લાભ ખાતર ખાદી વાપરવી જોઈએ

પુરુષોએ ખાદીનો ઉપયોગ ઘણા પ્રમાણમા કરવા માડયો છે. ખાસ કરી પહેરણ કફની અને ટોપી માટે. ધોતિયાંનો વાપર ઓછો છે પરંતુ આ ખાદી તે ઘણે ભાગે માત્ર નામે ખાદી છે મિલનું જાડું લુગડુ, મિલની ખાદી અને જાપાનીસ ખાદીનો પણ શુદ્ધ ખાદી તરીકે ભૂલથી કે જાણી જોઈને ઉપયોગ થાય છે કારણ કે તે સસ્તી છે અને જોઈએ તેટલા પ્રમાણમા મળે છે અમદાવાદ શહેરની અને બીજી થોડીક મિલોએ ખાદીના બરનું કપડું તૈયાર ન કરવા માટે નિશ્ચય કર્યો છે પણ મુબઈ અને ઉત્તર તરફની મિલોમાથી જોઈએ તેટલુ આ ખાદી જેવુ કાપડ આવે છે અને ઘણે ભાગે આ જ કાપડનો ઉપાડ અત્યારે થઈ રહ્યો છે આ વસ્તુ બહિષ્કારનું એક મોટામા

મોટું વિઘ્ન છે આ વિઘ્ન દૂર કરવાનો રસ્તો એક જ છે તે એ કે ખાદીને Bounty—બાઉન્ટી આપીને પણ સસ્તી કરાવી અને પર પ્રાન્તોમા જ્યા ઉત્પત્તિ વધારે થાય છે, મજૂરી સસ્તી છે અને બીજા ઉદ્યોગહુન્નર નથી ત્યા વધારે ઉત્પત્તિ કરાવવી

ગુજરાતમાં સારી ખાદી ઉત્પન્ન ઓછી કરાય છે કારણ કે ગુજરાતમા સ્ત્રીપુરુષોને બીજી મજૂરી બહુ છે એટલે કાંતવાનુ થોડા હાથમા લે નહિ કાઠિયાવાડ, પંચમહાલ અને બીજા જિલ્લાઓમા જ્યા ઓછા ઉદ્યોગ છે ત્યા શોધ કરાવીને ત્યા કાતણપીંજણ દાખલ થાય તો ઠીક છતા એટલી ખાદીથી ગુજરાતની માગણી પૂરી ન થાય, અને તેથી પર પ્રાન્તોની ખાદીની જરૂર તો રહેવાની જ આ કામ બીજા પ્રાન્તોમા ચરખાસંઘે કર્યું છે તો તે જ પ્રમાણે ગુજરાતમા એ જ કાર્ય થવુ જોઈએ ગુજરાતની બીજી શક્તિનો ઉપયોગ ખાદીના પ્રચારાર્થે થવો જોઈએ

ઉંઘલા વર્ષમા જે ઉપાયો યોજાયા છે, દૃષ્ટાન્ત તરીકે—સભા, સરઘસ પ્રતિજ્ઞા ફેરી, એ તે સંજોગો માટે તદ્દન યોગ્ય હતા પણ ખાદીને જે સ્થાયી સ્વરૂપ આપવુ જોઈએ તેને માટે હવે બીજા ઉપાય યોજવા જોઈએ

મહોલ્લે મહોલ્લે શુદ્ધ ખાદીની એક નાની દુકાન હોવી જોઈએ

સ્ત્રીઓ માટે ચિત્રવિચિત્રતા જોઈએ

પુરુષો કરતા સ્ત્રીઓને કાપડ વધારે જોઇએ છે સ્ત્રીઓનું દૃષ્ટિબિન્દુ ખાદી ઉત્પત્તિમા બહુ જૂજ જોવામા આવે છે બલ્કે સમૂળગુ નથી માટે સ્ત્રીઓ અને બાળકોને જેવા પ્રકારની ખાદી જોઈતી હોય તેવી તે તે દુકાનમાં મૂકવી જોઈએ સ્ત્રીઓને ચાર વસ્તુ જોઈએ સાડી ઘાઘરા, ચોળી ને કબજા આ બધામાથી ઘાઘરાની ને ચોળી કબજા માટેની ખાદી મળી શકે છે પણ તેમા જે ચિત્રવિચિત્રતા જોઈએ તે મળતી નથી જેવી વિલાયતી છીંટો આવે છે અથવા મિલોમા તૈયાર થાય છે એવી સંખ્યાબંધ ભાતોની છીંટો થવી જોઈએ. એ ચાર પાંચ રંગની જાડી બુટ્ટાની છાપની ખાદીના થાનો જરી ગઈ ખડબચડી ખાદીના સફેદ તાકા, ને થોડા જાડા ફ્રોક એટલાથી ખાદીનો પ્રચાર ન થાય એમા તો સાહસ જોઈએ વખત બેવખત ફરતી design કરવી જોઈએ, રંગ કરવા જોઈએ અને સ્ત્રીઓના મન આકર્ષવા જોઈએ

બધાથી સાધુસન્ત થઈને અને સફેદ કપડા પહેરીને સંતોષ માની શકાય નહિ અને જો વિલાયતી મોહિનીમાથી ખસેડવા હોય તો એ જ રસ્તો છે એકાદ નાની સંસ્થા સ્ત્રીઓની રાષ્ટ્રીય સભા કે અહીંની વિદેશી કાપડ બહિષ્કાર સમિતિ એ કામ ઘણા જ જૂજ પ્રમાણમા કરી શકે અને થેડુ થાય એટલે બહુ મોઘુ થાય મોટા સ્કેલ પર એવુ કામ થવુ જોઈએ તો જ ખાદીનો ઉપાડ થશે

ખાદી સસ્તી કરો

બીજુ ખાદીના સાલ્લા અને ધોતિયા સારા કરવા માટે જરૂર પ્રયત્ન થવો જોઈએ અને તે સસ્તા પાચ સાત રૂપિયાનો એક સાલ્લો લે ત્યારે સાધારણ સારો આવે આ અંતર કેમ દૂર થાય? જ્યા સવા રૂપિયે કે દોઢ રૂપિયે મળતુ હોય ત્યા પાચ કે સાત રૂપિયાનું કેમ લઈ શકે? અને કોને કહેવાય? આપણે સમજવાએ કે બે સાલ્લાએ થશે પણ સામટા પૈસા ખરચવાનુ અત્યારે બળ કોની પાસે છે? બહુ ઓછી નહિ. પણ વચલા વર્ગની ખાદી વધારે સસ્તી અને સારી થવી જોઈએ નહિ તો ધોતિયા અને સાલ્લા મિલના રહેશે ભાવના અને વ્યવહાર બેનુ સ્થાન હોવુ જોઈએ ત્રણ ચાર રૂપિયાના સારા સાલ્લા થાય તો મધ્યમ વર્ગમા તેનો ઉપાડ કરાવી શકાય

સ્વદેશી બજાર ભરાય ત્યા કાપડમા તો ખાદીને જ સ્થાન હોવુ જોઈએ એમા મિલોના સ્ટોલ હોવા જોઈએ નહિ મિલોના કાપડનો પ્રચાર મિલવાળાઓ દુકાનો માડીને કરી શકે છે સમિતિ તરફથી બજાર ભરાય તેમા મિલોના કાપડને સ્થાન ન હોય કેમકે સમિતિનો આદર્શ ખાદી છે એટલે એ આદર્શને પહોચવા માટે ખાદી જ હોવી જોઈએ.

સારા વણકરો રાખવા જોઈએ શીખાઉ માણસો પાસે કામ થાય એટલે મન પસંદ કામ થાય નહિ રોજની વસ્તુ નિભાવી લેવા જેવી સહન ન થાય. સારી જ જોઈએ. પૈસા ખરચતા સારો માલ થાય નહિ અને પૈસો-બમણો તે યોગ્ય ન કહેવાય.

દસ વર્ષ ખાદીનું કામ ભાવનાવાળા માણસના હાથમા રહ્યુ હવે એને business basis ઉપર મુકાવવુ જોઈએ એ માટે નીચેની સૂચનાઓ ઉપયોગી થઈ પડશે —

૧ કમિટિ—આ કરવા માટે ચરખા સંઘ તથા બીજા ખાદીપ્રિય સ્ત્રીપુરુષોની એક ગુજરાત માટે નાની કમિટી થવી જોઈએ. એ કમિટી ગુજરાતીઓની જરૂરિયાત તેમના taste અને designs વગેરેનો પૂરો અભ્યાસ કરીને જે જે પ્રાન્તોમા સારી ખાદી ચરખાસંઘ મારફત ઉત્પન્ન થાય છે ત્યાં તે વસ્તુ મૂકે અને તેવી ખાદી તૈયાર કરાવે ખાદી વેચવા માટે મોનોપોલી monopoly જેવી વસ્તુ ન હોય

૨ ખાદીની દુકાનો

૩ ખાદી ફેરી—જે પ્રમાણે મિલની દુકાનો તરફથી કાપડના ફેરિયા ફરે છે, તે પ્રમાણે દરરોજ જુદા જુદા લત્તાઓ પોળો અને મંદિરે મા ખાદીના ફેરિયા ફરવા જોઈએ

હાથવણાટના કારીગરોને મિલના સૂતર પર મૂકવાને બદલે હાથે કાતેલા ઝીણા સૂતર પર ચડાવવા જોઈએ અને તેને માટે ચરખાસંઘને રિપોર્ટ કરવાનું સોંપવુ

રેશમ રેશમ આયાત કરનાર જે મુખ્ય વેપારીઓ છે તેમને સ્વદેશી ભાવનામા ઉતારવા જોઈએ અને જુદા જુદા પ્રાન્તોમા જ્યા રેશમ બનાવાય છે ત્યા પણ ભાવનો control હોવો જોઈએ રેશમની યોજના માટે એક કમિટી કરીને તેનો રિપોર્ટ તૈયાર કરાવવો

જેપેનિસ ખાદીનુ રોકાણ—મિલ ઓનર્સ અસોસિએશન કે સ્વદેશી સભાએ આ બાબત હાથ ધરવી જોઈએ અને તેનુ રોકાણ કરવુ જોઈએ

આ ચર્ચા આગળ ચલાવતાં શ્રી લક્ષ્મીદાસભાઈએ કહ્યુ, કે ખાદીની પાછળ બે વસ્તુઓ આદર્શ તરીકે રાખેલી કે ખાદી દુનિયામા બનતા કોઈ પણ કાપડ કરતાં વધારે સસ્તી અને મજબૂત હોવી જોઈએ પણ બજારમા મળતી ખાદી એવી નથી હોતી અત્યારસુધી ખાદીકામ ભાવનાને આધારે જ ચાલ્યુ છે ભાવના એ ધર્મનું પ્રતિબિંબ છે, પરતુ વહેવાર વિરોધી ધર્મનો પ્રચાર આગળ નથી વધતો ધર્મની શરૂઆત પોતાને ઘેરથી થવી જોઈએ ખાદીને bounty–મદદ–આપી સસ્તી કરવી એમ ન બને હિંદની ગરીબાઈ એ જ bounty છે હાલનું ખાદીનું ઉત્પન્ન સ્વાભાવિક નથી અપવાદ તરીકે સુરત જિલ્લાના ૭૦૦૦ કુટુંબો સ્વાલંબનથી ખાદીધારી બન્યા છે ખાદી કાર્યકર્તાઓએ હવે સાવધાન થઈ જવુ જોઈએ પોતાનું કાંતેલુ વણકર મિલના સૂતરને ભાવે વણી ન આપે ત્યાંસુધી કોઈ પોતાને કાંતવામા નિષ્ણાત ન માને

ખાદી ઉત્પત્તિ બે રીતે થાય (૧) ગરીબાઈને લીધે મજૂરીથી (૨) ફુરસદના વખતમા ગુજરાતમા ફુરસદી ખાદી જ થઈ શકે તેને માટે નિષ્ણાત શિક્ષકોની જરૂર છે જ જો પીંજનાર અને કાંતનાર એક હોય તો ખાદી સારી સસ્તી અને વ્યાપક થઈ શકે વણકરો એક જગ્યાએ અને કાંતનારા બીજી જગ્યાએ હોય એ પણ મોંઘુ પડે સ્વાલંબન પદ્ધતિથી ખાદી ગુણાકારની ઝડપે આગળ વધશે અને પાછળથી તેમાં કાર્યકર્તા ન હોય તો પણ ચાલે. કેટલાક પ્રશ્નોના જવાબમાં એમણે કહ્યુ કે વણાટ બે પ્રકારનું હોય છે ગાઢુ કે સ્વાભાવિક અને વિલાસી વિલાસી ધંધામાં જ હમેશા કમાણી હોય છે સ્વયંસેવકો વણકર બને તો જ વણકરી ઓછી પડે

ગુજરાતમાં હાલ પડી રહેલી ખાદી વિષે બોલતાં શ્રી. છગનભાઈ જોશીએ કહ્યુ કે બીજા પ્રાંતો જેમ પોતાની ખાદી ઉત્પન્ન કરી તેનો નિકાલ કરી શકે છે તેમ ગુજરાત કેમ ન કરી શકે? ગુજરાતમાં વેચાણ માટે ઠેકઠેકાણે વધારે ખાદી ભંડારો ખોલવાની જરૂર છે

મિલકાપડ અને ખાદીની હરીફાઈ વિષે શ્રી રણછોડભાઈએ કહ્યુ કે મિલોને જેમ મિલોને સાથ આપ્યો, છે તેમ મિલોએ પણ ખાદીને સાથ આપવો જોઈએ જ્યાં પરદેશી કાપડ વેચાતું હોય તેવા દુકાનદારોને મિલોએ પોતાનુ કાપડ વેચવા માટે ન જ આપવુ જોઈએ એમ થાય તો જોઈએ કે બીજુ કાપડ ખાદીને નામે ન ઘૂસી શકે

શ્રી મથુરાદાસભાઈએ કહ્યુ કે વેપારીખાદીને લીધે મિલસૂતર ઘણી જગ્યાએ ખાદીમા ઘૂસ્યુ છે ખાદી માટે આપણે પીંજણીઓ નથી બનાવી પણ ઘરગથ્થુ રસોડાં જ રાખવાં છે આપણાં તંત્ર અને તાલીમ આપણે સુધારવા જોઈએ

શ્રી છગનલાલ ગાંધીએ વિજાપુરનો પોતાનો અનુભવ આપતા કહ્યુ કે મોટા પનાની ખાદી પડી રહેતી નથી, ટૂંકા પનામાં ટુવાલ વગેરે વણાવવામા આવે તો તેનો ઝટ નિકાલ થાય લાંબા પનાની ખાદી વણવા માટે આપણે વણકરોને થોડુંક શીખવવુ પડે ખરુ, પણ તે પાછળથી લાભદાયી નીવડે છે વિજાપુરમા તો બાઈઓ પોતાની ગરજે કાંતે છે

ત્યારબાદ પડી રહેલી ખાદી ખપાવવા માટે કેટલીક સૂચનાઓ કરવામાં આવી હતી. છેવટે નીચેની યોજના મંજૂર થઈ હતી —

૧ આ ખાદીનો બધો જથ્થો અમદાવાદની વિદેશી કાપડ બહિષ્કાર સમિતિને ધીરવામાં આવે,

૨ તે ખાદીનુ રૂપાન્તર કરવાની વિદેશી કાપડ બહિષ્કાર સમિતિને છૂટ રહે,

૩ આ રૂપાન્તર કરવા માટે જરૂરી નાણાંની મધ્યવર્તી મંડળ ગોઠવણ કરે,

૪ આને લગતી સઘળી વ્યવસ્થા માટે નીચેના સભ્યોની—સભ્યો વધારવાની સત્તા સાથે—એક સમિતિ નીમવામાં આવે છે —

શ્રી શારદા બહેન, શ્રી કાકા સાહેબ, શ્રી રણછોડભાઈ શ્રી છગનલાલ જોશી અને શ્રી ભુલાભાઈ મહાસુખરામ.

આ સમિતિને ખાદીનો નિકાલ કરવાની ગોઠવણ એ શરતે જ રહે કે ઉત્પાદનમથકો ભવિષ્યમાં મધ્યવર્તી મંડળની સૂચના મુજબ જ નવી ખાદી ઉત્પન્ન કરે,

૫ આ ગોઠવણ છતાં જે કાંઈ ખોટ આવે તે સંસ્થાઓએ ભોગવવાની રહેશે.

ખાદી વિજય

છેવટે ઉપસંહારમા શ્રી કાકાસાહેબે અત્યંત વિસ્તારપૂર્વક ખાદીનું સર્વદેશીય રહસ્ય સમજાવતાં પોતાના ભાષણમાં કહ્યુ કે —

ખાદીપ્રેમી ભાઈઓ અને બહેનોનુ આ સંમેલન સફળ રીતે પાર પડ્યું એ આનંદની વાત છે આ સંમેલન મારફતે આપણે ઘણુ મેળવ્યુ છે એક બીજાને ઓળખતા થયા, આજનું ખાદીનું વાતાવરણ સમજી શક્યા, કાંઈક જમાવી પણ શક્યા મારે માટે તો આ એક નવી જ કેળવણી છે

પ્રચારકો વિના સંસ્કારિતા ન ટકે

આપણે ગ્રંથોદ્વારા વિચારો ફેલાવીએ છીએ, પણ જીવતા માણસો ચારેકોર ફર્યા કરે અને જીવતી વાણી સંભળાવે એના જેવું અસરકારક પ્રચારકાર્ય બીજુ નથી ધર્મનુ કામ ધમણની પેઠે ચાલવુ જોઈએ તો જ તેજસ્વીતા અગ્નિની પેઠે સળગતી રહેશે આપણા દેશમા એ રિવાજ પણ છે, આપણા સમાજની એ ખાસિયત છે વૈદિક કાળમા ઋષિમુનિઓ ભ્રમણ કરતા અને સંસ્કૃતિ જગતી રાખતા નવા નવા લોકોને સંસ્કૃતિની અસર તળે આણતા. ઉપનિષદ્કાળના ઋષિઓ જ્ઞાનસૂત્રો જોડતા અને ચર્ચાઓ કરતા નારદ જેવા દૈવી પુરુષો ત્રણે લોકમા ફરે છે એવુ વર્ણન જ્યાં ત્યાં આવે છે પછી પુરાણિકોનો વારો આવ્યો તેઓ પુરાણકથા સંભળાવતા જાય અને રાષ્ટ્રીય પ્રકૃતિ વધારતા જાય એમના પછી પ્રખર પંડિતોનો વર્ગ ઊભો થયો એમની કુશાગ્ર બુદ્ધિએ દેશ આખો જગાડ્યો અને જીવનનુ રહસ્ય ઉકેલવામા મદદ કરી એમનું સ્થાન ત્યારપછી આપણા સાધુસંતોએ લીધુ તેઓ ફરતા જાય અને ગાતા જાય, અને દુનિયાનો ઉદ્ધાર કરતા જાય એમને સ્થાને રસિક કીર્તનકારો આવ્યા, હરિદાસો આવ્યા તેમણે જૂની બધી વસ્તુઓનું મિશ્રણ કર્યું ભજનમંડળીઓ પણ પોતાનું કામ કર્યે જ જતી મૌલવીઓ અને ફકીરો એ જ કામ જુદી ઢબે કરતા

ત્યાર પછી આવ્યા અંગ્રેજી ભણેલા વિદ્વાનો એમણે ઘેર બેઠા દુનિયાને ઉપદેશ કરવાનો રસ્તો શોધી કાઢ્યો સર્વજ્ઞ થઈ એમણે છાપાં કાઢ્યાં એકે વિષય એવો ન મળે કે જેમા એમને કહેવા જેવુ કશું ન હોય એમની સાથે સાથે હવે આપણે નવા પ્રચારકોનો વર્ગ ઊભો કર્યો છે પ્રચારક વગર સંસ્કારિતા ટકે જ નહિં

જીવનનો પ્રધાન સૂર ત્યાગ

આ બધા પ્રચારકોમા આપણે જોઈએ છીએ કે ત્યાગ એ જીવનનો પ્રધાન સૂર છે સેવાનો ઉત્સાહ એ જ એમનુ ખમીર છે આપણે ખાદીસેવકો એ જ પ્રાચીન પરંપરાના વંશ જ છીએ આપણે મૂઠીભર છીએ પણ આપણામા જો પરસ્પર પ્રેમ હોય એકબીજાને નભાવી લેવાની ઉદારતા હોય તો આપણે આખા દેશનું રૂપ ફેરવી શકીશું

માત્ર સ્વદેશસેવાની ધગશ સાથે વ્યવસ્થાશક્તિ, વેપારીનજર અને કાર્યકુશળતા જોઈએ છીએ એના વગર આજે આપણે ફાવવાના નથી એ નિર્વિવાદ છે ધીરજપૂર્વક સમાજને સમજાવવાની બ્રાહ્મણવૃત્તિ આપણામા જોઈએ છે પ્રસંગ પડે ગરીબોને અર્થે અને એમની તરણહાર ખાદીને અર્થે મરણિયા થઈને ઝૂઝવાની ક્ષાત્રવૃત્તિ આપણામા હોવી જ જોઈએ ખાદીપ્રવૃત્તિની એટલે વૈશ્યધર્મની પરાકાષ્ઠા એમા કરોડોનો ચરિતાર્થ છે બારેમા બારે લોકસંગ્રહ ખાદીમા છે વૈશ્યવૃત્તિ તો એમાં પૂરેપૂરી હોવી જ જોઈએ. અને આપણે આખરે સેવકો રહ્યા એવાને નામે પ્રજા પાસેથી આજીવિકા લઈએ છીએ. આપણામા આળસ વગરનો ઉદ્યોગ ખડતલપણુ અને નમ્રતા ન હોય તો આપણે સેવક શાના?

આપણી પાસે બાકી બધું હોય અને સેવાની ભાવના ન હોય તો આપણે કશી અસર કરી શકવાના નથી ત્યાગની ભાવના એ જ મુખ્ય વસ્તુ છે શુદ્ધ ભાવનાથી કરેલી ભૂલો પણ સમાજ દરગુજર કરે છે એ ભાવના ન હોય અને આપણે કેવળ નોકરિયાત સેવા આપીએ તો ખાદીનો પ્રચાર થવાનો નથી નોકર પગાર જેટલુ જ કામ આપે એનો દિવસ આઠ કલાકનો આપણે અખંડ ખાદીનું ધ્યાન ધરવાનું છે

હમણા હમણા કેટલાક હુન્નરી લોકો ઇનામી રેંટિયા લઈને આવ્યા છે મે એમના રેંટિયા જોયા નથી સારા હશે એમાંથી ગરીબોને લાભ થશે પણ જ્યારે મે જોયુ કે એમના શરીર પર શુદ્ધ ખાદી નથી ત્યારે મને બહુ દુઃખ થયુ એ લોકોની નજર લાખ રૂપિયા ઉપર છે ભૂખે મરતા કરોડો ભાઈબહેનો ઉપર નથી. યંત્રો બનાવવાની કુશળતા એમનામા ભલે હો, પણ એ રેંટિયા પાછળ રહેલું ધર્મતત્ત્વ તો એમનામા ન દેખાયું

પણ કોઈની નિંદા હુ શા માટે કરૂં? માણસ જેટલો ત્યાગ બતાવે જેટલો ભોગ આપે તેટલો જ લઈને ચાલીએ. બીજાના દોષોની ખણખોદથી આપણે આગળ વધવાના નથી. આ મહાન કાર્ય છે જેની જેટલી શક્તિ હશે તેટલુ તે આપશે

ગરીબોના જીવનમાં ઓતપ્રોત થાઓ

આપણો આજસુધીનો પ્રચાર મધ્યમ વર્ગમા જ થયો છે શહેરોમા થયા છે ગામડાઓમા અને ગરીબ કોમોમા થયો નથી. ગરીબોમા પણ સમજવાની શક્તિ હોય છે, ઉચ્ચવૃત્તિ હોય છે, ત્યાગની ભાવના હોય છે એમનામા આપણે કયા પ્રચારમર્મ કર્યુ છે? હમણા જ સરલાદેવીએ કહ્યુ તેમ મધ્યમ અને ધનવાન લોકોમા જ આપણે ફર્યા છીએ. શહેરના પછાત લત્તાઓમા આપણે ક્યાં ફર્યા છીએ? કોળી, ધારાળા, મેર, મચ્છી વગેરે લોકોમા આપણે હજી પહોંચ્યા જ નથી. હિંદુસ્થાનમા ઉપલી કોમોએ નીચલી કોમોના જીવનમા પ્રવેશ કર્યો જ નથી. સહુ પોતપોતાનું જ જુએ. આ ભયાનક સામાજિક

બહિષ્કાર છે અને તે બધાને માટે શાપરૂપ છે એ બહિષ્કારને લીધે આપણે બધા નિર્વીર્ય બન્યા છીએ ખાદી મારફતે આપણે એ પાપ ધોઈ કાઢીશું બધા વર્ગોનું સગઠન કરનાર માળાના સૂત્ર જેવી ખાદી છે આપણે શહેરી લોકો ધોબી પાસેથી કપડા ધોવરાવીએ છીએ એની સેવા લઈ એને પૈસા આપી છૂટીએ છીએ. પણ કોઈ કાળે એ ધોબીને સામે બેસાડી ઘડીએક એના ઘરની વાત પૂછી છે કે એના ઘરમા કોણ છે, કેટલા છે, એ સુખી છે કે દુખી છે ? આપણે પરદેશી કાપડનું પિકેટિંગ કરીએ છીએ પણ શુદ્ધ ખાદી ધારી લોકોના ઘરના નોકરો કેવા કપડા પહેરે છે એ તરફ ધ્યાન આપ્યુ છે ? પછાત લોકોને, દબાયલા વર્ગને, આપણા આશ્રિતોને આપણે માણસની નજરે જોતા શીખવુ જોઈએ કેવળ વ્યાવહારિક સબંધ રાખીએ છીએ તે બસ નથી જીવનનો સબંધ રાખવો જોઈએ.

ખરીદનારની ત્યાગબુદ્ધિ એ જ 'બાઉન્ટી'

આપણે ત્યા ખાદી મોંઘી પડે છે એ આપણે જાણીએ છીએ છતા બેકાર લોકોને ઉદ્યોગ તો આપ્યે જ છૂટકો. આવડતને અભાવે ખાદી મોંઘી થતી હોય તો તે અટકાવીએ, પણ ખાદીની ઉત્પત્તિ સાવ બધ તો નહિ જ કરાય ગુજરાતની વિશેષ પરિસ્થિતિને લીધે મદદ આપવાની જરૂર હોય તો તે આપવી જોઈએ કોઈ સસ્થા કાઢીને એની મારફતે મદદ આપવી અઘરી છે દેશના ગરીબ લોકો પ્રત્યે જે પોતીકો ભાવ હોય તો એ જ મોટામા મોટી bounty 'બાઉન્ટી –મદદ છે વ્યવસ્થામા રોકાયલા લોકોનો ત્યાગ એ પણ બાઉન્ટી જ છે ભાતભાતનુ રગીન કામ ખાદી પર કરી, એને આકર્ષક બનાવી અને લોકોની રસપ્રિયતાના પૈસા કરવા એ પણ એક જાતની બાઉન્ટી છે વ્યવસ્થાપકોની અને ખરીદનારની ત્યાગબુદ્ધિ એ બાઉન્ટી સૌથી સારી એનો જ શેપ ચારે કોર ફેલાય એટલે બસ એને માટે ઉત્સાહી પ્રચારકોએ ચારેકોર ફરવુ જોઈએ.

શરાબ જેવી ખરાબ વસ્તુ માટે પણ જો પીઠાવાળો પ્રચાર કાર્ય કરે છે તો ઊચે ચડવાના કાર્યમા તો પ્રચારની મદદ ડગલે ને પગલે હોવી જ જોઈએ એવા પ્રચારકોમા કુશળતા જોઈએ છે, ઉત્સાહ જોઈએ છે, અને ત્યાગવૃત્તિ જોઈએ છે

આ અપૂર્ણ દુનિયામા જ્યા જ્યા પ્રવૃત્તિ થાય છે ત્યા ત્યા એમા પાપ તો ઘૂસવાનુ જ ઉપનિષદ્મા એની મજાની વાર્તા છે દેવો જે પ્રવૃત્તિ આદરે એમા અસુરો પાપથી વેધ કરે અને પછી એમા સારુ નરસુ બન્ને પેદા થાય આખરે પ્રાણ ફાવ્યો. અને એણે અસુરોનો નાશ કર્યો આપણે જો ' Business is business ' ની મલિન વૃત્તિ રાખીને ખાદીકામ કરીશું તો ગરીબોને નીચોવી ખાવાનો તે ધધો થઈ બેસે 'Let the buyer beware ' એ સૂત્ર અગ્રેજોને ભલે મુબારક હો. આપણી વેપારી–નીતિ આના કરતા ઉજ્જવળ હોવી જોઈએ ખોટી ખાદી દેશમા ખૂબ ફેલાઈ રહી છે જાપાની ખાદી, મિલની ખાદી, એ ખાદી જ નથી ભાષાના એવા ખોટા પ્રયોગ આપણે નહિ જ કરવા જોઈએ. અમદાવાદના મિલમાલિકો જો એવા ઠરાવ કરે કે 'જે વેપારી પરદેશી કાપડ વેચતો હોય કે ખોટી ખાદી વેચતો હોય તેને તેઓ પોતાનો માલ ન જ વેચે તો ખાપ ઉપર ઘણો અકુશ આવી જશે

સૂતરમા પણ જે દગો ચાલી રહ્યો છે તે ભયાનક છે પરદેશી સૂતર સાથે આપણો પૂણ્ય પ્રકોપ જાગ્યો જ નથી વણકરો સહેલાઈ જોઈ પરદેશી કે મિલનુ સૂતર વાપરે છે આ લુચ્ચાઈમા તેમનો આત્મઘાત રહેલો છે એ તેઓ નથી જાણતા સચાનુ સૂતર જેમ જેમ વપરાય તેમ તેમ તેટલી મિલની સાળો, મૂડીવાળા વધારવાના જ, અને અંતે હાથવણાટનો ધધો જ ડૂબી જવાનો વણકરોને એમનુ હિત સમજાવવાનો અથાગ પ્રયત્ન કરવો જોઈએ

ધર્મશાસ્ત્રોમા રેશમની નિંદા

રેશમના લૂગડાંનો સવાલ એટલો જ અટપટો છે રેશમ ધાર્મિક ક્રિયામા આવશ્યક છે, કેમકે રેશમ પવિત્ર એવો વહેમ બ્રાહ્મણોએ ચલાવ્યો સાચુ જોતા રેશમ એ અપવિત્ર વસ્તુ છે એમાં હિસા રહેલી છે ધર્મશાસ્ત્રોમા પ્રાણ્યગ (animal substance) તરીકે એની નિદા કરેલી છે રેશમ જેવી વિલાસની વસ્તુ ગરીબોને માટે નહિ હોય. રેશમનો માલ જોઈતો હોય તો પૈસાદાર લોકો ખાદીની વ્યાખ્યા પ્રમાણે એને ભલે દેશમા તૈયાર કરે રેશમી કપડાની પેદાશનો સવાલ રાષ્ટ્રીય મહત્ત્વનો નથી એવી મારી વૃત્તિ છે રેશમનો મૂળ ત્યાગ કરે તો કશું બગડવાનુ નથી.

એ જ રીતે ૩૫ આકથી ઝીણુ કાપડ દેશી પરદેશીઓનો ભેદ કર્યા વગર આપણે છોડી જ દઈએ તો કશું ખોટુ થવાનું નથી. કાપડ જો શરીરને ઢાકવા માટે છે તો ૩૫–૪૦ આક કરતા ઝીણુ આપણે શા માટે વાપરીયે ?

ગુજરાતમા સ્વાવલબી ખાદીનો પ્રચાર ખૂબ કરીએ. પણ ખરીદવાની ખાદી પણ ગુજરાતની જ હોય એવો આગ્રહ આપણે નહિ રાખીએ આ બાબતમા શ્રી લક્ષ્મીદાસભાઈ સાથે જ હુ મળતો છું. ગુજરાતની ખાદીને ઉત્તેજન આપીએ. પણ પર પ્રાતની ખાદીનો બહિષ્કાર કરવા જેટલી સકુચિત પ્રાતીયતા નહિ કેળવીએ ગુજરાતના વેપારીઓ હિંદુસ્તાનમા બધે વેપાર ખેડે ? બીજા પ્રાતની ખાદીને આપણે શી રીતે રોકવાની વાત કરીએ ?

ખાદી મોંઘી નથી

ખાદી મોંઘી છે એ ફરિયાદ હવે મોળી પડતી જાય છે. દહાડે દહાડે ખાદી સારી અને સસ્તી થવા લાગી છે પૈસાની દૃષ્ટિએ ખાદીનો વિચાર કરવાનો નથી જે માણસ રોજ ત્રણ ચાર રૂપિયા કમાય છે તે શા માટે કાતે એવો સવાલ હમેશા કરાય છે દેશમા પૈસા આપીને પૂરતુ સૂતર હજી મળતુ નથી અને નળવાનું યે નથી. એટલા માટે દરેક જણે કાતવુ જોઈએ, એ એક જવાબ છે જ પણ ઉદ્યોગ વખતે કલાકે આઠ આના કે રૂપિયો મળે છે, એટલા ખાતર ચોવીસ કલાકની દરેક પળનો હિસાબ એ ભાવે આપણે કેમ કરીએ ? દિવસના હજાર કમાનાર વકીલ માત કલાક ઊંઘે છે તે વખતે આપણે કેટલા રૂપિયાનું ઊઘ્યા એવો હિસાબ તે નથી ગણતો પોતાની સ્ત્રી કે બાળબચ્ચા વિનોદ કરે છે ત્યારે એમને તેટલા કલાકનુ બિલ નથી આપતો તો કેવળ નવરાશનો વખત સૂતર કાતવામા ગાળ્યો હોય તો એનો વેપારીહિસાબ શામાટે કરીએ ?

વળી આપણે ખાદી મારફતે પરદેશી કાપડનો બહિષ્કાર કરવા માગીએ છીએ. એ બહિષ્કાર મારફતે સ્વરાજ મેળવવા માગીએ છીએ. એવસ્તુ ન ભૂલીએ ખાદીની યુદ્ધની દૃષ્ટિએ કિંમત વિશેષ છે એ War value ને ધ્યાનમા રાખીએ તો ખાદી મોંઘી નથી જ

ખાદીને હમેશા કૃત્રિમ મદદ આપવાની વાત હુ નથી કરતો આપણી પાસે જેટલી ખાદી પડી છે તેટલાનો આજે નિકાલ કરે જ છૂટકો આજે રોકાયલી મૂડી અને કાર્યકર્તાઓની શક્તિ છૂટી કરવી એ અત્યત આવશ્યક છે એ પછી ગુજરાતમા ખાદીઉત્પત્તિના ધારાધોરણ નક્કી કરી તે પ્રમાણે જે મથકો ખાદી તૈયાર કરી શકે તેટલા જ મથકો ચાલતા રાખવા જોઈએ બાકીના આગ્રહપૂર્વક બધ કરવા જોઈએ

અતે આપણે એટલુ ધ્યાનમા રાખીએ કે બજારુ ખાદીની શક્તિ પરિમિત છે જ્યારે સ્વાવલબી ખાદીની શક્યતા તો ૩૦ કરોડની મહેનત જેટલી છે સ્વાવલબી ખાદીને પ્રથમ સ્થાન છે કેમકે તે ધર્મ છે વેપારી ખાદી એની પાછળ પાછળ આવે

ખાદી સમેલનમા જે મહેમાનો આવ્યા છે તેમનો મારે આભાર માનવો જોઈએ એમના સત્કારમા અમારા તરફથી ઘણી ઊણપો રહી છે તે બદલ મારે માફી માગવી જોઈએ ખાદી સંમેલનનુ આતિથ્ય તો ગરીબાઈનુ જ હોય પણ આપણા ગરીબો જેવું આતિથ્ય બતાવે છે તેવુ પણ અમે ન બતાવી શક્યા એ અમારી ઊણપ છે તે દરગુજર કરશો

આજનુ કામ પૂરુ કરતા પહેલા મારાથી અહીં પધારેલ બહેનોનુ અભિનદન કર્યા વગર રહેવતુ નથી બહેનોએ આ યુદ્ધ દરમ્યાન જે ભાવનાની ઉત્કટતા બતાવી છે તે તો અદ્ભુત છે જ પણ એની સાથ કાર્યશક્તિ અને વ્યવહારકુશળતા પણ એમણે એટલા જ બતાવી છે હજારો વર્ષથી બહેનોની આ શક્તિનો આપણે અનાદર કર્યો એ સમાજનુ કેવડું નુકસાન ? અર્ધા માનવસમાજને આપણે અપગ રાખ્યો હવે એમની શક્તિ પણ ખાદીને મદદ થાઓ અને ખાદીનો વિજય થાઓ.

—(૦)—

સ્વાધીનતાને પોષતો ખાદીનો પોશાક ધારણ કરો — ખાદીનો પોશાક એ રાષ્ટ્રનું ગૌરવ છે.
ખાદી કાપડનાં તૈયાર સીવેલાં કપડાં.

બાળકોના ખમીસ
સફેદ ખાદીના તૈયાર
ગળાનું માપ ૧૧ાા, ૧૨,
૧૨ાા ઈંચ
ભાવ નંગનો રૂા ૧—૦—૦
ડઝનનો , ૧૧-૧૨-૦

સ્કાઉટ ડ્રેસ-બાળકોનો
લશ્કરી પોશાક
ખાખી ખમીસ અને બ્રાઉન
તથા નિકર
બે ખીસાવાળાં ખમીસ
ખમીસના ગળાનું માપ
૧૧, ૧૧ાા, ૧૨ ઈંચ
નિકરની લંબાઈ ૧૬ અને ૧૮ ઈંચ
ભાવ રૂા ૩-૦-૦ નગના
ડઝનના રૂા ૩૫-૮-૦

ખાદીના પાયજામા
ઈજાર
પૂરી લંબાઈના
લંબાઈ ઈંચ ૩૮ ૩૯
૪૦ ના તૈયાર
કિ નંગના
રૂા ૦-૧૪-૦
ડઝનના
રૂા ૧૦-૪-૦

અર્ધી બાયનું પહેરણ
(ચિત્રમાં દર્શાવ્યા મુજબ)
અર્ધી બાયનું
'કાઠિયાવાડી પહેરણ'
કિંમત નગની
રૂા ૦-૧૩-૦
કિંમત ડઝનની
રૂા ૯-૮-૦
તૈયાર ગળાનું માપ ૧૩ાા
૧૪, ૧૪ાા ૧૫ ઈંચ

પહોળાં કોલરવાળા ગ્લોડનેક હાફશર્ટ-ખમીસ
ડગલાના કોલર ઉપર ખમીસનો કોલર બહારથી દેખાય તેવી ઢબનાં
કોલરવાળા ખમીસ
કિ નગની રૂા. ૧-૧-૦ ડઝનની રૂા ૧૨-૮-૦
તૈયાર ખમીસના ગળાના માપ ૧૩ાા, ૧૪, ૧૪ાા, ૧૫ ઈંચ

બાળાઓ માટે રંગીન ફ્રોક

જાત ન	ઉમર વર્ષ	કિં નગ
૧	૧ થી ૨	રૂા ૦—૧૨—૦
૨	૨ થી ૩	,, ૦—૧૪—૦
૩	૩ થી ૪	, ૧—૦—૦
૪	૪ થી ૫	, ૧—૨—૦
૫	૫ થી ૬	,, ૧—૪—૦
૬	૬ થી ૭	, ૧—૬—૦

ડઝનના ચાર આના ઓછા

ખાદીના
બકલવાળા — કમરપટા
નિકર અને પાટલૂન પર
પહેરવાને ઉપયોગી
સફેદપટા
કિં રૂા ૦-૪-૬ નગ ૩-૪-૦ ડઝન
રંગીનપટા
કિં રૂા ૦-૫-૬ નગ ૪-૦-૦ ડઝન

એપ્રિલના ૧૫ દિવસ
ખાદીના ઘટાડેલા ભાવ — વટાવ ટકા ૬ા

હિંદની દરેક ઢબનાં ધોતિયા
સૂતર ન ૧૨ થી ૧૫
દરેક નગ જુદું આવે છે
ધોયેલ હોય છે

વાર પનો ઈંચ	ભાવ ન ૧ નો
૪ાા× ૫૦"	રૂા ૨-૧૫-૦
૪ × ૫૦'	,, ૨—૯—૬
૪ × ૪૫"	,, ૨—૫—૦
૩ાા× ૪૫"	,, ૨—૦—૯
૩ાા× ૪૦"	, ૧-૧૩-૩
૩ × ૪૦'	,, ૧—૯—૦
૩ × ૩૬"	, ૧—૭—૦

સાધારણ પાતળા વણાટના
ધોતિયા
૪ વાર × ૪૬" રૂા ૨-૪-૦
૩ાા વાર × ૪૬" , ૨-૨-૦
ઘટ્ટ વણાટ
૪ વાર×૪૫' રૂા ૩-૦-૦

ફૂમતાવાળા ખેસ
દુપટ્ટા
૨ાા વાર × ૨૭ ઈંચ
રૂા. ૦-૧૨-૦ એકના

બાળકોના લાંબા પહેરણ
લાંબી બાય – પૂરતી લંબાઈ
અને ખીસાવાળાં સફેદ
નગના રૂા ૦-૧૪-૦
ડઝનના રૂા ૧૦-૪-૦
ગળાનું માપ
૧૧ાા, ૧૨, ૧૨ાા ઈંચ



મૂંઢા-ગજીફરાક
ગજીફરાકને બદલે
દરેક ઋતુમા વાપરી
શકાય છે
ચિત્ર મુજબ સીવેલા
કિ રૂા ૦-૮-૬
એકના
કિ રૂ ૬-૨-૦
ડઝનના

તૈયાર ખમીસ
સફેદ ખાદીમાથી સીવેલાં, ચાલુ
પહેરવેશના કોલરવાળા



(ચિત્ર મુજબ)
લાલાજી ખમીસ
કિંમત નંગની રૂા ૧-૫-૦
,, ડઝનની રૂા ૧૫-૮-૦

લાંબા પહેરણ
પૂરી લંબાઈ-બાય અને
ગજવા સાથે



(ચિત્ર મુજબ)
'લાલાજી પહેરણ'
કિંમત નગની રૂા ૧-૩-૦
,, ડઝનની રૂા ૧૪-૦-૦

ખમીસ તથા પહેરણ — તૈયાર ગળાનું માપ
૧૩ાા, ૧૪, ૧૪ાા અને ૧૫ ઈંચ


તૈયાર સિવેલા હાફકોટ
તૈયાર ડગલામા રખાતું છાતીનું
માપ ૩૨, ૩૪ ૩૬ અને
૩૮ ઈંચ
સફેદ અને ચેકની તરાહવાળા
હાફકોટ
સફેદ કોટ
ટૂંકા ડગલા
રંગીન ચેકના કોટ
કિ રૂા ૩-૨-૦
રૂા ૩-૬-૦ અને ૪-૮-૦

'જવાહર જાકીટ'
તરાહદાર રંગીન ચેકના
પહેરણ ઉપર પહેરી શકાય
તેવા જાકીટ
છાતીનું માપ ૩૨', ૩૪',
૩૬", ૩૮'
કિ રૂા ૧-૧૦-૦ એકના

નાના બાળકો માટે
બાબાપોશાક-બાબાસ્યુટ
ઘૂંટણ સુધીની ચડ્ડી સાથે
બટનવાળો કોટ (ક્બજો)
સફેદ કોટ — રંગીન ચડ્ડી

જાત ન	ઉપયોગી વર્ષ	કિ નં
૧	૧ થી ૨	રૂા ૦—૧૦—૦
૨	૨ થી ૩	, ૦—૧૨—૦
૩	૩ થી ૪	, ૦—૧૪—૦
૪	૪ થી ૫	,, ૧—૦—૦
૫	૫ થી ૬	, ૧—૨—૦
૬	૬ થી ૭	,, ૧—૪—૦

મુસાફરી માટે ઉપયોગી સાધનો



હોલ્ડઓલ — ચિત્રમા બતાવ્યા મુજબ
બ્રાઉન રંગની ખાસ વણાટની મજબૂત ખાદી
— હોલ્ડઓલ વોટરપ્રૂફ કરાવેલ હોય છે —

મુસાફરી વખતે પથારી બાધવા તથા થોડા લુગડા રાખવા આ હોલ્ડઓલ ઉપયોગી છે મજબૂત ચામડાના બધ તથા કુડન્સ અંદર બે બાજુ કપડા ભરવા માટે ખાસ સગવડતા વાળા ખાના, વચ્ચે બિછાનું બાધવા માટે પડદો અને તે પડદામા ત્રણ બકલ સાથે ચામડાના બધ હોય છે.

પહોળાઈ ઇંચ ૨૭—લબાઈ ઇંચ ૭૨—કિં રૂ ૧૧-૧૨-૦

તૈયાર ગાદી — રૂ ભરેલ

— ફેન્સી તરાહ છાપની —

માપ ૨ વાર લાબી – ૨૭ ઇંચ પહોળી

ફક્ત છાપેલ ખોળ	કિં રૂ ૨-૮-૦
ગાદી રૂ ભરેલી બે વાર	કિં „ ૫-૦-૦
રૂ ભરેલ ગાદી તથા ઉપર ખાદીનું સફેદ કવર	કિં „ ૬-૪-૦

દીવાનખાનાનો શણગાર

મનમોહક છાપની જાજમ
જમીન પર બિછાવવા માટે
આકર્ષક પજાબી તરાહો છાપેલ

માપ—૩ વાર×૧॥ વાર, ૩ વાર×૨ વાર–૪ વાર×૩ વાર
ભાવ ન રૂ ૪—૦—૦ રૂ ૫-૧૩-૦ રૂ ૧૧-૧૦-૦

વણેલ ચોકડી ભાતના ટેબલક્લોથ
'રાજાજી' ટેબલ ક્લોથ.
મેજ, સ્ટૂલ વગેરે પર રાખવા માટે
૪૫ ઇંચ × ૪૫ ઇંચ – કિંમત રૂ ૨-૦-૦ એકના

— ટેબલ ક્લોથ — ટીપોઈ કવર

મરતી જાત–રંગીન–ચારે તરફ બારીક કિનારના–૨૭"×૨૭"
કિ. રૂ ૦—૪—૦

રંગીન– સ્વતંત્ર ભારત' છાપના ટેબલ ક્લોથ–૨૭"×૨૭"
કિ રૂ. ૦—૬—૦

ફેન્સી તથા એંગ્રેજ પ્રિન્ટિંગનાં ટેબલ ક્લોથ
સફેદ અને રંગીન
ચોરસ માપ—કિંમત નગ એકની

૩૦"×૩૦	૩૬"×૩૬"	૪૦"×૪૦	૪૫"×૪૫"	૫૦"×૫૦"
રૂ ૦-૧૩-૦	૦ ૧૫ ૬	૧ ૫-૦	૧-૯-૦	૧ ૧૪ ૦

રાષ્ટ્રીય સપ્તાહની ઊજવણી

ખાદીનો સંગ્રહ કરવાની સુંદર તક—વટાવ ટકા ૬॥ અને ૧૨॥

ટ્રાવેલિંગ – મુસાફરી માટે – રેલ્વેના પાટિયા પૂરતી
શેતરજી–માપ ૨ વાર × ૨૮" પહોળી કિં રૂ ૩-૪-૦ એકના

ટકાઉ અને મજબૂત વણાટની – પટ્ટાવાળી

૨॥ વાર × ૩૬" કિ રૂ ૪-૧૫-૦	શેતરજી	૨॥ વાર × ૪૫" કિ રૂ ૬-૧૪-૦

સુંદર – સુશોભિત – શેતરજી – જાડી ઘટ્ટ વણાટની
૭ ફૂટ લાંબી – ૪ ફૂટ પહોળી – છેડા ગૂંથેલી
કિંમત રૂ ૬-૦-૦ એકના

વણેલ ભાતના ચારસા – બ્લેંકેટ – બેડશીટ
'રાજાજી' બેડશીટ
સુંદર રંગીન તરાહ વણાટના ઓઢવા, બિછાવવા માટે

માપ	કિંમત નગ એકની
૨॥ વાર × ૩૬ ઇંચ	રૂ ૨-૧૨-૦
૨॥ , × ૪૫ „	રૂ ૩—૫-૦
૨॥। , × ૫૪ „	રૂ ૪—૩-૦

વણેલ ભાતનાં સસ્તી જાતનાં બેડશીટ
૨॥ વાર × ૫૪ ઇંચ કિ રૂ ૩-૧૨-૦ નગના

શરીર સાફ કરવા
— ટુવાલ —
હાથ મોઢું લૂછવા નપકિન
હનિકોમ–ખાડાની તરાહવાળા
ટુવાલ ટુવાલ નપકીન


માપ	૧॥વાર×૨૭	૧વાર×૨૭	૨૨"×૩૬
ડઝનના રૂ	૭-૧૫-૦	૫-૫-૦	૪-૯-૦
નગની કિ	૦-૧૦-૯	૦-૭-૩	૦-૬-૩

ચોતારી ટુવાલ–નૅપકિન

માપ	૧॥×૨૭	૧×૨૭	૨૨"×૨૨"
ડઝનના રૂ	૭-૧૩-૦	૬-૮-૩	૨-૧૪-૦
નગની કિ	૦-૧૦-૬	૦-૮-૯	૦—૪-૦

પાતળી વણાટના ટુવાલ–નેપકિન

માપ	૧॥×૨૭"	૧×૨૭"	૧×૨૭
ડઝનના રૂ	૪ ૧૨ ૦	૪-૨-૦	૩ ૪-૦
નગના „	૦-૬-૬	૦-૫-૬	૦-૪-૬





સાફસૂફ કરવા
માટે ડસ્ટર
ચોકડી ભાતના, ટકાઉ, મોટર અથવા ઘોડા-ગાડી તેમજ ઘરના બારીબારણા સાફ કરવા અને ફરનિચર લૂછવામા ઉપયોગી
માપ ૨૧ ઇંચ ચોરસ
કિ નગની રૂ ૦-૨-૬

વિદેશી કાપડનો બહિષ્કાર ખાદી સિવાય બીજી કોઇ પણ રીતે થઇ શકવાનો નથી.

— સ્રી ઉપયોગી વસ્તુઓ —

ખડી છાપની સાડીઓ ચકચકતી આકર્ષક વેલબુટ્ટી વગેરે

તરાહદાર સાડી

કિનાર.	ગાળો	સાડીનું માપ	કિંમત
એક રંગી છાપેલ	સફેદ	૫ વાર × ૪૫"	રૂા ૪—૪-૦
બેરંગી છાપેલ	,,	,,	રૂા. ૪—૮-૦
એક રંગી છાપેલ	છાપેલ	,,	રૂા ૪-૧૨-૦
એક રંગી છાપેલ	સફેદ	૫ વાર × ૫૦"	રૂા ૪-૧૦-૦
બે રંગી છાપેલ	,,	,,	રૂા ૪-૧૪-૦
એક રંગી છાપેલ	છાપેલ	,	રૂા ૫—૨-૦

છાપેલ ખાદી છીટ — ઘાઘરાપાટ

ઘાઘરાપાટ — પનો ઇંચ ૩૬

સફેદ જાત	છાપેલ—વારના	રૂા ૦-૧૨-૩
રંગીન ,,	, — ,,	રૂા ૦-૧૨-૯

છાપેલ છીટ	ઘાઘરાપાટ
— પનો ઇંચ ૨૭ —	રંગીન જાત અને કોર છાપેલ
એક રંગી ભાત — રંગીન છીટ	પનો ઇંચ ૩૬
વારના રૂા ૦—૭-૦	વારના રૂા ૦-૧૦-૩

વણેલ રંગીન પટા કિનારની સાડી

સફેદ પોત ૫ વાર × ૪૫" દર રૂ. ૩-૩-૦

મહારાષ્ટ્રના પહેરવેશ માટે

મહારાષ્ટ્રીય લૂગડાં — રંગીન પદર — રેશમી કોર

વાર ૮।। × ૪૫ ઇંચ — કિ રૂા ૨૫-૫-૦ થી ૩૨-૧૦-૦



હાથ રૂમાલ

સાઇઝ ૧૮" × ૧૮"

ચારે તરફ લાઇનવાળા

જાત		બાર નગ	ડઝન
સસ્તી જાત	રૂા	૦-૧-૯	૧—૩-૬
ખાસ જાત	,,	૦-૨-૦	૧-૧૨-૦
પાતળી જાત	,,	૦-૪-૦	૨-૧૪-૦

કોકટી-રૂમાલ

માપ ૧૮"×૧૮' ન રૂા ૦-૧૦-૦ ડઝનના ૭-૬-૦

વાનરસેનાનો કેસરી રૂમાલ

૨૭'×૨૭" નગના રૂા ૦-૮-૦

લગ્નસરાના પ્રસંગો વખતે પહેરણ, ખમીસ વિગેરે માટે

રેશમી કાપડને બદલે વપરાતુ **કોકટી કાપડ**

ચાલુ પનો ઇંચ ૩૬ કિં રૂા ૨-૦-૦ થી ૨-૨-૦

મોટો પનો ઇંચ ૪૫, આ પનો સાડી માટે પણ ઉપયોગી છે

કિંમત રૂા ૨-૫-૦ વારના

હાથે કાતેલ બારીક ઊનનુ ઉંચા પ્રકારનું

નિખાલસ ઊની માલ

ખરીદી ઉપર ૧૨।। ટકા ઓછા એપ્રિલ તા. ૧૯ મી સુધી

હરેક પ્રકારનું કાશ્મીરી ગરમ કાપડ, બ્લેંકેટ વગેરે—૧૨।। ટકા ઓછા

સસ્તી કિંમતનુ — કાશ્મીરી ઊનનું

— પટ્ટુ ગરમ કાપડ —

એક તાકામાંથી એક કોટ બને છે

તાકામા વાર	સાદા રંગના તેમજ સફેદ	ઘેરા રંગના તાકા	ખાખી તેમજ નેવી બ્લુ રંગના
૪।	રૂા ૬-૧૪-૦	રૂા. ૭—૨-૦	રૂા ૬—૬-૦
૪।।	,, ૭—૪-૦	,, ૭—૮-૦	, ૬-૧૨-૦
૪।।।	,, ૭-૧૦-૦	,, ૭-૧૪-૦	, ૭—૨-૦

કાશ્મીરી ઊનનું સસ્તી કિંમતનું

ટવીડ ગરમ કાપડ

તાકામા વાર ૧૫, પનો ઇંચ ૨૭

કૉટેજ ટવીડ રૂા ૧-૧૨-૦ વારના

વિંટર ટવીડ ,, ૧-૧૦-૦ ,,

સ્ટુડન્ટસ ટવીડ ૧—૮-૦ ,

કાશ્મીરી રેશમ ભરતની

મનમોહક અને ભભકાદાર,

અનેક જાતના ભરતકામવાળી

પશ્મીના શાલ

૩ વાર લાંબી × ૫૪ ઇંચ પહોળી

કિં રૂા ૮૦ થી ૨૫૦

પશ્મીના કોટિંગ

રંગીન અને કાળો તથા તરાહદાર ચેક — પનો ઇંચ ૩૦

વારની કિંમત રૂા ૦-૮-૦

— વૂલન સ્યૂટ —

ગરમ ટવીડનો હાફકોટ અને પાટલૂન

કિંમત રૂા ૧૬-૧૨-૦

ટવીડના જુદી જુદી તરાહના

— હાફકોટ —

કિ રૂા ૧૦-૮-૦ એકના

પટ્ટુ યા ટવીડ કાપડનું

— પાટલૂન —

માપ લંબાઈ ૩૮ ૪૦, ૪૨ ઇંચ

કિંમત રૂા ૬-૪-૦ એકના

કાશ્મીરી રંગ — ધાબળી

વજનમા હલકી

શિયાળા તેમજ ચોમાસામા એક સરખુ કામ આપતી

રંગીન ધાબળી બ્લેંકેટ

માપ વાર પનો ઇંચ	ભાવ એક નગનો
૩। × ૬૮	રૂા ૧૫-૧૨-૦
૩ × ૫૮	રૂા ૧૧—૪-૦
૩ × ૫૮	રૂા ૧૦—૨-૦
૨।।× ૫૪	રૂા ૯-૧૦-૦
૩ × ૫૮	રૂા ૮—૮-૦
૩ × ૫૪	રૂા ૭—૦-૦

સૂચના—૧ બહારગામના ઑર્ડર વી પી થી મોકલાશે.

૨ બહારગામથી માલ મગાવનારે ૨૫ ટકા જેટલી કિંમત ઑર્ડર સાથે અવશ્ય મોકલવી જોઈએ.

૩. એક આનાની પોસ્ટની ટિકિટ મળેથી નમૂનાઓ મોકલવામાં આવશે

૪. બહારગામથી મગાવનારે જોઈતી વસ્તુનું જરૂરી માપ લખવું.

સઘળો પત્રવ્યવહાર—ખાદી ભંડાર, નં ૩૯૬ કાલબાદેવી રોડ, મુંબઇ નં ૨, એ સરનામે કરવો

ગરમ કાપડનું ઉત્પત્તિકેન્દ્ર —અખિલ ભારત ચરખાસંઘ, શ્રીનગર (કાશ્મીર) મંગાવવું અંગ્રેજીમાં કરવું,

તારનુ સરનામું: KHADI SHOP Bombay.

અખિલ ભારત ચરખાસંઘ (વેચાણ વિભાગ)

ખાદી ભંડાર—૩૯૬, કાલબાદેવી રોડ—**મુંબઈ નં. ૨.**

પ્રકાશક —મનુભાઈ મગનલાલ વૈદ્ય, 'ખાદી પત્રિકા' ઑફિસ, રીચ રોડ, અમદાવાદ.

Regd No. B. 2339
ખાદીભંડારના સંગઠનના સભાસદોને મફત

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૪] તંત્રીઃ વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૫

મુદ્રક મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ, સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ પાનકોરનાકા, અમદાવાદ.

અમદાવાદ, સંવત ૧૯૮૭ ના વૈશાખ સુદ ૧૪
શુક્રવાર, તા. ૧ મે. ૧૯૩૧

વાર્ષિક લવાજમ
દેશમા રૂા ૦-૮-૦
દેશાવર રૂા ૧-૦-૦

કરાંચી ખાદી પ્રદર્શન

(ટૂંક રૂપરેખા)

તા ૨૧ મી માર્ચને રોજ કરાચીમા હમેશ મુજબ મહાસભાના અંગરૂપ ખાદીપ્રદર્શન ખોલવા નક્કી થયુ પણ તા ૪થીના રોજ શ્રી જયરામદાસ સૂચના આપે છે કે 'બહુ જોખમદારી નહિ વહોરતા, દીલ્હીના સંદેશા ચિન્તાજનક છે' આવા સંજોગો વચ્ચે કરાચીના વેપારી મહામંડળ તરફથી ખાદીપ્રદર્શન ભરાયુ, અને તે માટે એટલો તો ટૂંકો વખત હતો કે પ્રદર્શન સંબંધી જે નિમંત્રણપત્રિકા મોકલાઈ તેમા પણ ખબર આપવામા આવી હતી કે આ પત્રિકા પહેલી તેમજ છેલ્લી ગણી ખાદીકાર્યકર્ત્તાઓ સહકાર આપી પ્રદર્શનને ફત્તેહમંદ બનાવે

અનુપમ પ્રદર્શન

આ વર્ષની મહાસભા પણ અલૌકિક તેમજ આ વર્ષનુ ખાદીપ્રદર્શન પણ અજોડ અસહકારના યુગ પછી મહાસભા સાથે પ્રદર્શન હોય છે, પણ આ વખતે તો માત્ર અખિલ ભારત ચરખાસંઘના પ્રમાણ પત્ર વાળી ખાદીનુ જ એક પ્રદર્શન થયુ પ્રદર્શન માટે એક લાખ પચીસ હજાર ચોરસ ફૂટ જમીનનો વિસ્તાર પસંદ થયો, અને આવા વિસ્તારમા એકલી ખાદીનુ પ્રદર્શન ભરવુ એ પહેલી વખત જ બન્યુ પણ આથી ખાદી કેટલી ફાલી છે તેનું માપ કાર્યકર્ત્તાઓને અને રાષ્ટ્રને મળ્યુ.

આટલા ટૂંકા સમયમા પ્રદર્શન ફતેહમંદ રીતે પાર પાડવામાં કરાચીના ભાઈબહેનોનો પૂર્ણ સહકાર, વિપુલ સાધનસામગ્રીની જોગવાઈ અને પ્રદર્શનમંત્રી ભાઈશ્રી ચંદ્રશંકર બૂચની મહેનત અને વ્યવસ્થાશક્તિ ગણાય પ્રદર્શન સંબંધી વિગતવાર હેવાલ આ પત્રિકામા બીજે પ્રગટ થયો છે પણ આ સ્થળે કેટલીક વિશેષતાનો ઉલ્લેખ કરવો જરૂરી છે

પ્રદર્શન કોણે ખોલ્યું ?

પ્રદર્શન ખોલવા માટે બંગાલના ખાદીસેવક શ્રી સતીશચંદ્ર દાસ ગુપ્તાને નોતરવામા આવ્યા હતા પ્રદર્શનના કામકાજમા મદદ કરવા માટે ભાઈ ચંદ્રશંકર બૂચના વસીલાથી એક ખડી ફોજ તૈયાર હતી, અને સ્વયંસેવિકાઓ તરીકે હિન્દુ તેમજ પારસી બહેનોનો પૂરો સહકાર ન હોત તો પ્રદર્શન એક મેળો જ રહેત

અદ્ભુત સ્ત્રીશક્તિ

આ વર્ષની લડતમાં હિન્દની સ્ત્રીશક્તિએ જે ફાળો આપ્યો છે અને એ શક્તિ કેટલી ખીલી નીકળી છે તેનો ઠીક ઠીક અનુભવ આ પ્રદર્શનમા થયો ૨૦ હિન્દુ બહેનોએ તો ગતદીવસ પ્રદર્શન છાવણીમાં જ રહીને કામ કર્યું, જ્યારે શ્રી જમશેદ મહેતાની પ્રેરણાથી ૪૦ જેટલી પારસી બાનુઓએ કલાકોના કલાક ખડે પગે પ્રદર્શનના જુદા જુદા વિભાગમાં પ્રદર્શન જોવા આવનારને પ્રદર્શનની વિગતો સમજાવવા જે ભાગ ભજવ્યો તેથી પ્રદર્શનની ઉપયોગિતા વિષે પ્રદર્શન જોનારાઓને ઠીક ઠીક સમજણ મળતી.

ટૂંક સમયમા ગોઠવાયેલા આ પ્રદર્શનમા ઘણુ કરવાનુ બાકી રહી ગયુ હતુ, છતા પણ આ વર્ષમા જે ઝડપથી કેટલીક પ્રગતિ ખાદીકાર્યમા થઈ તે સંતોષકારક રીતે દર્શાવી શકાઈ હતી

આ માહેલી કેટલીક વિગત તો એવી પણ હતી કે મારા જેવા આ કામમા પડેલા માણસ માટે પણ નવુ જાણવાજેવુ ગણાય.

ઐતિહાસિક ઢાકા મજલીન

હિન્દના પૂર્વ ઇતિહાસમા ઢાકા મલમલ સારી પેઠે વખણાયું છે, અને જ્યારથી ફરી રેંટિયા ફરતા શરૂ થયા ત્યારથી આ દશ વર્ષ દરમિયાન એ ઢાકા મલમલ હવે પાછુ ક્યારે વણી શકાશે એ પ્રશ્ન પુછાતો જ રહ્યો છે

આ પ્રદર્શનમા બિહારની ચરખાસંઘની શાખા તરફથી ૧૨૦ આંકના સૂતરનો એક મલમલમજલીનનો તાકો લાવવામાં આવ્યો હતો આ તાકો જોતા જ આનંદની ઝણઝણાટી વછૂટતી હતી, અને અસલના ઢાકા મજલીનની યાદ તાજી થતી હતી પણ વિગતો તો સમજવી બાકી હતી આ તાકાની ઉત્પત્તિની વિગત બિહારીભાઈઓએ આપી ત્યારે તો એવી આશા બંધાઈ કે હવે તો ઢાકાની ઐતિહાસિક મજલીનનાં દર્શન દૂર નથી

બિહારમા બ્રાહ્મણો જનોઈ માટે પોતાને આંગણે એક ખાસ પ્રકારનું રૂ ઉગાડે છે આ રૂને વાસની તકલી ઉપર કાંતે છે આ તકલી ઉપરનુ સૂતર બારીક અને સુંવાળુ હોય છે, અને પ્રયત્ન કરતાં તે મેળવી શકાય એમ અમને ખબર મળ્યા પરિણામે તેવુ કેટલુક સૂતર એકઠુ થયુ એ સૂતરનો આંક ૬૦થી ૧૨૦નો હતો

આ સૂતરમાથી મજલીન વણાવવા બિહારીભાઈઓએ તજવીજ કરી, પણ પહેલે ઝપાટે બિહારી વણકર તે ન વણી શક્યો, એટલે ભેગુ કરેલુ સૂતર ઢાકા વણાવા મોકલ્યુ ઢાકાના કારીગરે તે વણ્યુ અને તાકો વણાઈ બિહાર આવ્યો પછી તો બિહારી વણકરે પણ વણવા પ્રયત્ન કર્યો અને છેવટ વણાયુ આજે આ જાત માસિક રૂા ૫૦૦ ની કિંમત જેટલી જ ઉત્પન્ન કરી શકાય પણ વધુ પ્રયત્ન કરે શુ થાય છે તે માટે રાહ જોવી રહી

(આ જાતના નમૂના—તકલી, રૂ, સૂતર અને તાકાના—મુંબઈના ખાદીભંડારમા દર્શન અર્થે હાલ રાખવામા આવ્યા છે)

ભરવાડનો ધાબળો

કચ્છ, કાઠિયાવાડ અને સિંધના ભરવાડો ઢોર ચરાવવા જંગલમા જાય ત્યારે ખભે એક ગરમ ધાબળો રાખે છે ટાઢ અને વરસાદમાં આનો ઉપયોગ સારો થાય છે આવા ધાબળા શહેરમા વેચાણ માટે વ્યવસ્થિત રીતે નહોતા મળી શકતા

સિંધના થરપારકરના જિલ્લામાં આગલા વર્ષોમાં રેલસંકટ આવ્યુ અને ત્યા મદદ માટે ભાવનગરવાળા ભાઈ બળવંતરાય મહેતા પહોચ્યા, તેમણે ત્યા આ ધાબળાના દર્શન કર્યા અને

તેની લોકોને ખબર આપી આ વખતે તો મહાસભા અને પ્રદર્શન સિંધમાં જ હતાં એટલે રેલસંકટ નિમિત્તે જે ઉદ્યોગ ત્યાંના ગદરા ગામમાં બેસીને ખાદીસેવકોએ ખીલવ્યો હતો તેનાં પૂરા દર્શન પ્રદર્શનમા થયા

ઊન કાતનારી બહેનો (જેમા એક કાતનાર બાઈ તો અંધ હતી), તથા ઊનના ધાબળા વણનાર વણકરો પણ આવ્યા હતા, અને આ ધંધાને હવે વ્યવસ્થિત રૂપ મળ્યું છે

કૅલિકો પ્રિન્ટ

હિન્દના ઇતિહાસમા ઢાકા મલ્મલીન જે સ્થાન ભોગવે છે તેવુ જ સ્થાન હિન્દી કૅલિકો પ્રિન્ટ પણ ભોગવે છે ચાલુ લડત દરમિયાન આ જાતની છાપવાની કળા કેટલી ખીલી છે તેનું દર્શન આ પ્રદર્શનમા ફરૂકાબાદ (સંયુક્ત પ્રાન્ત), રજપુતાના, મુંબઈ અને પંજાબ, એ ચાર પ્રાન્તો આપી રહ્યા હતા આ ચારે પ્રાંતો પોતપોતાની કળામા દીપી રહ્યા હતા અને ઇતિહાસને ફરી સાચો કરશે એમ દેખાડી રહ્યા હતા

વીંટીમાંથી પસાર થતી શાલ

કાશ્મીરી કળા તો હજુ જીવતં છે, પણ તેમા ભેળસેળ પૂરેપૂરૂ થાય અને તે હાથમાથી જવાની અણી પર આવે તે પહેલા તો અખિલ ભારત ચરખાસંઘના એક સેવક ત્યા પહોચી ગયા, અને કાશ્મીરી કળાનુ પુનરુત્થાન આદર્યું

સાત વાર લાંબી, સડસઠ ઇંચ પનાની એક શાલ–નામે શાહતૂશ–આંગળીની વીંટીમા સારીયે પરોવાઈ નીકળે તેના દર્શન પ્રદર્શનજોનારને થતા હતા

પ્રદર્શનમાં ગાંધીજી

ગાંધીજીએ પ્રદર્શનની મુલાકાત તો લેવી જ જોઈએ, પણ તે ક્યારે? જાહેર રીતે મુલાકાત લે તો કેટલી ભીડ થાય?

આ પ્રશ્ન બહુ મૂંઝવણવાળો હતો. આનો ઉકેલ કરવા વહેલી સવારે મળસ્કામા પાંચ વાગે ગાંધીજી ચૂપચૂપ પ્રદર્શનની મુલાકાતે આવે એમ ઠરાવ્યુ આથી એ રીતે દોઢ કલાક સુધી ફરીને ગાંધીજીએ નિરાંતે નીરખીનીરખીને પ્રદર્શન જોયુ, અને સંતોષકારક જાહેર કરી આશીર્વાદ આપ્યા

ઉપાહારગૃહ

જ્યા બહુ મોટી સંખ્યામા માણસો આવવાના હોય ત્યા ખાવાપીવા માટે પણ બંદોબસ્ત કરવો જરૂરી હોય છે અને આ માટે પ્રદર્શનના કાર્યકર્તાઓએ નોખી ગોઠવણ કરી હતી

ગોઠવેના ટેબલ પર ખાદીના ટેબલક્લોથ, ખાદીના હાથ લૂછવાના નૅપકિન પીરસનારા બધા ખાદી પોશાકમા અને સ્વદેશી સાકર એ સૌ આકર્ષક હતુ

પ્રકાશનખાતુ

પ્રદર્શન તરફથી ખાસ પ્રકાશનખાતુ ખોલવામા આવ્યુ હતુ, અને તેમા વિશેષતા તો એ હતી કે દરરોજ 'ખાદી પ્રદર્શન પત્રિકા' નામનુ એક બુલેટિન ગુજરાતી, સિંધી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામા પ્રગટ થતું, અને આ રીતથી પ્રદર્શનની માહિતી ઠીક ઠીક ફેલાવી શકાતી હતી

પ્રદર્શન જે વિસ્તારમાં ગોઠવાયુ હતુ તે વિસ્તાર દશ વર્ષની ખાદીકારકિર્દીમા મોટામા મોટો હતો પરંતુ એટલા વિસ્તારમાંયે સંકોચાવુ પડ્યું અને ખાદીપ્રદર્શન હવે એનાથી બેવડા વિસ્તારમાં કરવુ પડશે એવો અનુભવ થયો.

પ્રદર્શન જોવાનો લાભ ૮૦,૦૦૦ માણસોએ લીધો અને આ પ્રદર્શન જોનારને ખાદીના વિસ્તૃતપણાનું ભાન કરાવ્યુ પ્રદર્શન દરમિયાન એકંદરે રૂા ૬૦,૦૦૦ નુ ખાદીવેચાણ થયુ

વિઠ્ઠલદાસ વમનજી જેરાજાણી

કરાંચી ખાદી પ્રદર્શન

(વિસ્તૃત વિવેચન)

દિનપ્રતિદિન ખાદીની રાજસીમા વિસ્તરવા લાગી છે એની ઉપયોગિતાનું ભાન પણ તેટલા જ, બલ્કે તેથી થોડાક વધુ, પ્રમાણમા જનતાને થવા લાગ્યુ છે આવી રીતે વધતો જતો એનો વિસ્તાર અને દૃશ્યમાન થતી એની તલસ્પર્શિતા ખાદીની પ્રગતિ આંકે છે

મહાસભા અને મહાત્મા ગાંધીજી આજે ઓતપ્રોત થઈ ગયા છે રાષ્ટ્રપતિને સ્થાને સરદાર વલ્લભભાઈ હો કે પંડિત જવાહરલાલ હો, સુકાન તો ગાંધીજીના હાથમા જ હોય છે. મહાત્માજી આજે રાષ્ટ્રદેહે દીપે છે અને એમને પ્રિય, રાંકને પોષનાર, દુર્બળને સબળ કરનાર, નિર્માલ્યને તેજ અર્પનાર, નિરુદ્યોગીને થોડુંક કામ આપનાર ખાદી એઓ જ્યાં જાય ત્યાં હોય જ.

ખાદી સામ્રાજ્ય

મહાસભાની બેઠક સાથે પ્રદર્શનની પ્રથા ચાલુ થયેલી છે અત્યારસુધી પ્રદર્શનમા ખાદી તથા બીજી સ્વદેશી વસ્તુ વગેરેનો સમાવેશ થતો, પરંતુ આ વર્ષે ખાદીએ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યુ હતુ

ખાદીપ્રદર્શનનું કામ અખિલ ભારત ચરખાસંઘે તથા કરાચીના વ્યાપારી મહામંડળે ઉપાડી લીધુ હતુ સ્વાગત સમિતિએ પ્રદર્શન અંગેની સર્વ અનુકૂળતા કરી દીધી હતી ચરખાસંઘ તરફથી શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી જઈ પહોચ્યા હતા પ્રદર્શનના સામાન્ય મંત્રી શ્રી ચંદ્રશંકર ખૂબ પણ યોગ્ય પુરુષ મળ્યા હતા આવા સંજોગોના કારણે થોડાક સમયમા પણ પ્રદર્શન આકર્ષક અને ઉપદેશક બની શક્યુ હતુ

પ્રદર્શન પત્રિકા

ખાદીપ્રદર્શન માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવા, કરાચીને ખાદીસજ્જ બનાવવા માટે શહેરમાં ખાલિકદીના હૉલમા ખાદી બજાર ગોઠવાયુ હતુ આ બજાર સફળ થયુ અને પ્રદર્શન માટેની પૂર્વ તૈયારી થઈ આ ઉપરાંત તા ૯–૩–'૩૧થી 'ખાદી પ્રદર્શન પત્રિકા' ચાલુ થઈ ગુજરાતી, સિંધી અને અંગ્રેજી આ ત્રણ ભાષાઓમાં એના અંકો નીકળવા લાગ્યા, અને કરાંચી સિંધ અને અન્ય પ્રાંતોમા એ પહોંચવા લાગી જાગૃતિ વધારવામા એનો ફાળો જેવોતેવો નહોતો આ પત્રિકાની સવિસ્તર સમાલોચના કરવાનુ આ સ્થળ નથી, પરંતુ એટલું કહેવુ પ્રાપ્ત થાય છે કે પત્રિકાએ પ્રદર્શનને વિશેષ પ્રસિદ્ધિ તથા ગૌરવ બક્ષ્યાં હતા

ભવનો

પ્રદર્શનમા કલાભવન, પ્રયોગભવન, સિંધુભવન, આલેખ-ભવન તથા વિક્રયભવન આમ પાંચ ભવનો હતા

જો કે 'ભવનો' રચવાનો મનોરથ હતો, અને કરતા કરતાં દોઢ લાખ ચોરસ ફીટનો વિસ્તાર માગેલો, પણ ખાદીને આટલી જગ્યા પૂરી ન પડી જો સમય પૂરેપૂરો લાધ્યો હોત તથા પ્રદર્શન યોજાતી વેળાએ મચિનું અસ્થિર વાતાવરણ ન હોત, તો આટલો વિસ્તાર તો ઘણો જ અધૂરો જણાત હવે આપણે પ્રત્યેક 'ભવન'માં પ્રવેશીએ

પ્રયોગ ભવન' બીજાં ભવનો કરતાં આ ભવને લોકોને પોતા તરફ વધુ ખેંચ્યા હતા સાબરમતીના ઉદ્યોગમંદિરે પીંજવાથી માંડીને કાંતવાની બધી ક્રિયાઓ ચાલુ રાખી હતી મહાત્માજીએ યરવડાતુરંગમાં ઉપજાવેલો રેંટિયો પણ હતો બે ત્રાકવાળો રેંટિયો પણ સૌને થંભાવતો હતો જોકે આ રેંટિયો સફળ થયો ન કહેવાય, પણ એ પ્રયોગાવસ્થામાં

છે એના ઉપર સતત બે કલાક કાતી શકાય અને તે પણ ઠીક ઠીક અભ્યાસ પછી કલાકે ૧,૨૦૦ વાર સુતર પેદા થાય બે કલાક ને વળી શ્રમ પણ ખૂબ લાગે છે એટલે એ હજી સફળ બની શકયો નથી આંધ્રનું બારીક કાંતણ તથા વણાટ પણ આ ભવનનુ એક આકર્ષણ હતુ સિંધના થરપારકરના ગઢરા સ્થળનુ ઊની કામ એ એક નવો જ અંશ હતો. આ સ્થળેથી ઉત્પન્ન થતો ઊની માલ સારો અને સસ્તો હોય છે આ કામની ઉત્પત્તિ દુષ્કાળસંકટનિવારણને અંગે થઈ હતી

આ 'ભવન'નો બીજો વિભાગ કાશ્મીરી કલાથી ઝગમગી રહ્યો હતો નષ્ટપ્રાય થતો કાશ્મીરી ઉદ્યોગ ચરખાસંઘે કેવી રીતે બચાવી લીધો તેનુ સ્પષ્ટ ભાન કાશ્મીર પ્રયોગ વિભાગથી થતુ હતુ આનો ઇતિહાસ ભાગ પણ પ્રદર્શન પત્રિકામાંથી લઉ છુ —

કાશ્મીરી ગરમ કાપડ

'કાશ્મીર એના ગરમ કપડા માટે પરાપૂર્વથી પ્રખ્યાત છે કાશ્મીરી શાલો અને કાશ્મીરી કોટિંગ એ વ્યાખ્યા ભારે વ્યાપક છે

આજે કાશ્મીરની આ જૂની વ્યાખ્યાની વિખ્યાતી પર વેપારીઓ વેપાર ખેડી ખાય છે અને કાશ્મીરી શાલ કે કાશ્મીરી કપડાંને નામે પરદેશમા બનેલા કાપડનુ વેચાણ કરી ગ્રાહકોને અને દેશને દગો દે છે ચાર વર્ષ પર અખિલ ભારત ચરખા-સંઘના કાર્યકર્તાઓનું લક્ષ ગયુ અને કહણ્ કાડના હરજીવનભાઈ કોટક કાશ્મીર પહોંચ્યા

તપાસ કરતા સમજાયું કે ઊનનું કાંતવાનું જો કે હજી ચાલે છે પણ દિવસેદિવસે ભાંગતુ જાય છે અને પરદેશથી આવતા ઊનના ધાગાથી કાશ્મીરમા વણેલ કાપડનો કાશ્મીરી કાપડ તરીકે પ્રચાર થાય છે એટલુ જ નહિ પણ પરદેશી તૈયાર વણેલ કાપડ કાશ્મીરના વેપારીઓ મંગાવી તેના ઉપર ભરતકામ વગેરે કરાવી, કાશ્મીરી શાલ અને કાપડ તરીકે ધકેલી દઈ કાશ્મીરના ધીકતા ઉદ્યોગને પાયમાલ કરી ચૂકયા છે'

આ વિભાગ અત્યંત આકર્ષક બન્યો હતો અને પ્રેક્ષકોને હેરત પમાડતો હતો કાશ્મીર દિનપ્રતિદિન વધતુ જ જાય છે, અને નાણાની વધારે સગવડ મળતા આ કામ ખૂબ આગળ ધપી શકે એમ છે, એમ એમના વૃત્તાંત ઉપરથી લાગે છે આ વિભાગમા જે જે હતું તે 'પ્રદર્શન પત્રિકા' જ આપણી સમક્ષ રજૂ કરશે—

કાશ્મીરી ઘેટા

'જે મુલકમા ઠંડી વધારે પડે છે ત્યાના ઘેટાની ઊનમા કુદરતે તેટલા પ્રમાણમા વધુ મુલાયમતા અને ગરમી આપેલા છે હિંદુસ્તાનમા ઠંડામા ઠંડો મુલક કાશ્મીર જ છે તેથી ત્યાના ઘેટાની ઊન આખા હિંદુસ્તાનના બીજા પ્રાંતોના ઘેટાની ઊન કરતા વધુ મુલાયમ અને ગરમ હોય છે એ બતાવવા ખાસ એક ઘેટાદંપતીને કાશ્મીરથી લાવવામા આવ્યું હતુ

ઘેટાને સ્નાન

ઊનને ધોઈને જ પછી બીજી ક્રિયાઓ થઈ શકે છે પણ એ ઊનને ઘેટાના શરીર પરથી ઉતારી પછી ધોવાય તો ઊનના તાર ગૂંચવાઈ અને સંકોચાઈ જાય છે આ બાબતના જ્ઞાનને અભાવે બીજી જગ્યાઓની ઊનમા આ ખામી રહી જાય છે પણ કાશ્મીરમા તો ઊનને ઘેટાના શરીર પર જ સાફ કરવામા આવે છે ઘેટાને ધમાર્યા પછી દાંતરડા જેવા હથિયારથી વાળને ઘેટાના શરીર પર જ સીધા કરી લેવામા આવે છે

ઊનની કતાઈ

કાશ્મીરમા ઊનને પીંજવામા આવતુ નથી પણ કાસકીના દાતા વતી ઘેટાના વાળને છૂટા અને સીધા કરી કાંતવામા આવે છે 'પરામ' જે ઊંચી જાતનું ઊન છે તેને તો કાસકીથી સાફ કરી ચોખાના લોટમા મેળવવામા આવે છે આથી 'પરામ' વધુ ચીકાશવાળુ અને એકરંગી થઈ જાય છે 'પરામ'ની જાતને તો તેલ મેળવીને કાસકીથી સાફ કરાય છે કતાઈથી કાશ્મીરની ઊનને એ ફાયદો રહે છે કે પીંજવામા રેસા જે તૂટીને કમજોર બને છે તે નુકસાન આ ક્રિયા થઈ અટકે છે

કાશ્મીરનુ વણાટ

મુખ્યત્વે કરીને એના ત્રણ પ્રકાર છે શાલવણાટ, ઊનનુ વણાટ અને ત્રીજુ પશ્મીનાનુ વણાટ

કાશ્મીરી શાલનુ વણાટ કારીગરીનો ઉત્તમ નમૂનો છે આ વણાટ જોતા સૌને ગરીબ તથા અભણ વણકરો પ્રત્યે પ્રેમ ને આદર ઉપજશે અને હિંદુસ્તાનની કળાનુ અભિમાન થશે (પ્રયોગવેળાએ જે શાલનુ વણાટ થતુ હતુ તે બે માણસો મળીને ત્રણ દિવસે લગભગ સવાઇંચ વણી શકે આ રીતે ત્રણવારી શાલ લગભગ ૮ મહિને પૂરી થાય આ શાલની કિંમત લગભગ રૂા ૯૦૦ થાય આ વણકરો પોતા સામે પોતાના શાસ્ત્રનુ એક પાનુ રાખે છે, ભૂલ પડે તો એ શાસ્ત્ર એમને માર્ગ દર્શાવે છે).

ઊનનું વણાટ તથા પશ્મીનાનુ વણાટ

આ જાતનુ વણાટ થોડા ઘણા ફેરફાર સાથે બીજા વણાટને મળતુ છે કાશ્મીરની સાળ બહુ થોડી જ ચામા સમાઈ જાય છે, અને વણકર કેવા આનંદથી પોતાની નાની ઝૂંપડીઓમા વણતો હશે તેનો સૌને ખ્યાલ આવે છે

પૂર્જ એ કળાની ખબર બહુ ઓછાને હોય છે, જેમ સુતરાઉ ખાદીમા તેમ પશ્મીનાના કપડમા વણાટ કરતા કેટલાક તાર તૂટે છે, અને કાપડ બન્યા પછી તે ઉપર દેખાય છે આથી કાપડ ખડબચડુ અને અસરખ લાગે છે પૂર્જની ક્રિયાથી આવા વાળો કાઢીને પશ્મીનાનુ કાપડ એકસરખુ બનાવાય છે

મલીદો આ શબ્દ હિંદુસ્તાનમા એટલો પ્રખ્યાત છે કે ઘણીવખા મલીદો શું હશે તે જાણ્યા વગર પણ દૂર દૂરના લોકો માગે છે કે અમારે કાશ્મીરનો મલીદો જોઈએ છે એ એવી ક્રિયા છે કે જેથી ઊની કાપડ ધોવાય છે અને સંકડાઈને મજબૂત બને છે સાધારણ રીતે ઊની ચીજોને વાપરીને મલીદો કરાય છે આ ક્રિયાનુ નામ મલીદો છે તેના ઉપરથી પશ્મીનાના મલીદો દરેક ઊની કાપડને મલીદો ના નામથી ઓળખાય છે

રફુ—વાટ

આ બે ક્રિયાઓ એવી છે કે જેથી ફાટયાતૂટયા કે કપાયેલ કપડાને સુધારીને નવા જેવુ બનાવાય છે વાટથી બે ટુકડા જોડાઈને સળંગ થઈ જાય છે અને તે એવી રીતે કે તે જોડાયા પછી ખબર જ ન પડે કે તે કપડુ પહેલા કદિ જુદા બે ટુકડાના રૂપમા હતું રફુથી અંગારાથી પડેલા કે કીડાએ ખાઈને બનાવેલા કે ઘસાઈને પડેલા કાણા છેદ એવી રીતે જોડાઈ જાય છે કે પછીથી તે જગાએ છેદ હતા કે નહિ તેમ કહેવુ મુશ્કેલ થઈ પડે

ઊની કાપડ માટે રફુ વાટ અને મલીદો એ ક્રિયાઓ એટલી બધી આશીર્વાદરૂપ છે કે અકસ્માતથી ખરાબ થયેલ ચીજો સુધારી શકાય છે અને જૂની ચીજોને પુનર્જીવન આપી ફરીથી કામમા લઈ શકાય છે

કાશ્મીરનુ ભરતકામ એ તો જગવિખ્યાત છે કારીગરના ચપળ આંગળાઓ આંખના સહકારથી ઊંચી જાતના પશ્મી કાપડ પર ભવ્ય તરાહો કે કુદરતી દેખાવો ઉતારી શકે છે

નમદાની બનાવટ

ઊનને પીંજીને એક સ્થળે જમા કરી, મલીદો ,
બનાવવામા આવે છે, કાશ્મીરમા આ ઉપયોગ હ
યારકંદના (હિંદની બહારનો મુલક) નમદાથી
આજે ભરપૂર છે

કાશ્મીરી શાલો

કાશ્મીરી શાલોની મુખ્ય બે
શાલ અને ભરતકામની શાલ
તૈયાર થાય છે જ્યારે ભરતમા
ભરત ભરી બનાવાય છે ઞ

(૧) દોરાદાર શાલ
(૨) પલ્લેદાર શ
(૩) જામેવી

ઞ

આ

શાલૂશ

આ ચીજે તો કળાભવનને બહેકાવી મૂક્યુ હતુ આ શાલ લગભગ ૭ વાર લબાઈની તથા ૬૭ ઈંચ પનાની હતી અને તે આગળીની વીંટીમાથી મહેલાઈથી પસાર થએલી–વીંટીમા પરોવાયેલી હમે દર્શન આપતી આ શાલની કિંમત રૂા ૬૨૫ પાચેક મિનિટ હાથમા રાખવાથી ગરમી વછૂટે એટલી બધી ઉષ્મા એમ છે કળાનો આ અદ્ભુત નમૂનો વીલેપારલેવાળા ભાઈ હેમચદ મોહનલાલ ઝવેરીએ ખરીદી કાશ્મીરી કળાની કદર કરી

પીંજણ યત્ર

પ્રયોગભવનમાથી નીકળતા પહેલા પીંજણયત્રને પણ અવલોકીએ શહેરોમા મિલની પૂણીઓ દાખલ થઈ છે, તે દૂર કરવા માટે તથા સહેલાઈથી રૂ પીંજવા માટે આ યત્ર ઉપયોગી નીવડશે એમ લાગે છે આ ભારત પીંજણયત્ર' શોધનાર અને બનાવનાર શ્રી કે તિરૂનારાયણ બી એ (કિશોર ભુવન, સી પી ટેક મુબઈ) છે

(૧) આ યત્રથી એક કલાકમા ૧ રતલ અને સાત કલાક લાગલાગટ ચલાવવથી ૬ રતલ પીંજી શકાય

(૨) મજબૂત શરીરવાળો માણસ તેના ઉપર બબ્બે કલાક એક સાથે એમ દિવસમા આઠ કલાક કામ કરી શકે એક સાથે તેના ઉપર વધુમા વધુ ૪ કલાક ને ૨૦ મિનિટ કામ થયુ છે આમ તેના ઉપર મહિનામા ૨૬ દિવસ કામ કરી શકાય

આલેખ ભવન

હવે આપણ આલેખભવનમા પ્રવેશીએ લાહોરમા જે નકશાઓ આલેખો, નાની છબીઓ વગેરે હતા તે જ અહીં પણ જરા વધુ વ્યવસ્થિત અને કલામય રીતે ગોઠવવાનો યત્ન થયો હતો ઐતિહાસિક નમૂનાઓ પણ મોકળાશવાળુ સ્થાન પામ્યા હતા અને તેથી પ્રેક્ષકોને થભાવતા હતા

સિંધુ ભવન

આ ભવન સાથે સિંધુ ભવન હતુ સિંધની બાઈઓ કાતણ–પીંજણની પોતાની રીતો દર્શાવતી બેઠી હતી આલેખોમાં સિંધની પ્રગતિનું માપ દર્શાવનાર આકડાઓ હતા

આ ભવનમા દેશનેતાઓના સૂતરના નમૂનાઓ હતા તેમાં વળી મહાત્માજીના સૂતર આગળ સૌ થભતાં ને પ્રેમવદના કરતાં આ ઉપરાત બારીક સૂતરના બીજા કેટલાક નમૂનાઓ હતાં, જેમાના એકમે વિષે અહીં નોંધવુ ઉપયુક્ત છે

	આક	વાર	વજન	રૂની જાત
(૧)	૬૪૦	૩૦૦	૪ ગ્રેન	ચીની

આવુ કાતનાર ૧૨ વર્ષનો દેવેન્દ્રનાથ બોઝ છે

(૨) બિહારી બ્રાહ્મણોનું યજ્ઞોપવીત માટે જ તકલી ઉપર કાતેલુ સૂતર ૭૦ થી ૧૦૦ આંક સુધીનુ કે જે સૂતરમાથી બિહારની મજલીન ઉત્પન્ન કરી શકાઈ છે

આ ભવનમા મલમલ ચાદર મલમલ ધોતી જેવી સુદર વસ્તુઓ પણ હતી તકલી ઉપર કાંતેલી સૂતર ૬૦ થી ૨૫૭ આંકનું નીકળી શકે છે એના નમૂનાઓ પણ હતા આલેખભુવનમા સૂતરની ઝૂપડી વીલેપારલેની ઝૂપડીની કલ્પના ઉપરથી ઊભી કરવામાં આવી હતી અને આ ભવનની સામે વીલેપારલેની ઉપનગર છાવણીએ મહાત્માજી માટે તૈયાર કરેલ કુટિર પણ આણી રાખવામા આવી હતી

રાષ્ટ્રપતિનુ સૂતર

કરાચી મહાસભાના રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઈ પોતે યેરોડા અને સાબરમતીની તુરગોમાં પોતે કાંતેલા સૂતરમાંથી વણાવેલ એક ધોતિયુ અને એક સાડી પોતા સાથે લાવ્યા હતા મહાસભાના પ્રમુખના હાથે જેલવાસ દરમિયાન કતાયેલ સૂતરમાથી વણેલ આ વસ્તુઓ આ પ્રદર્શનમા અણમોલી હતી, અને તેથી આ બન્ને વસ્તુઓને ખાસ સ્થાન આપવામાં આવ્યુ હતું

કલાભવનમાં દાખલ થતા જ રંગોની વિવિધતા તથા છાપકામની પ્રગતિનું ભાન થતું હતુ કલિકો છપાઈની સહાયથી મેરઠ ફરૂકાબાદ આદમપુર (પજાબ), અને મુબઈએ સ્થળોએ શુ શુ કામ કરવુ શરૂ કર્યું છે તેની સ્પષ્ટ પ્રતીતિ થતી હતી અમદાવાદની વિદેશી વસ્ત્રબહિષ્કારસમિતિએ રૂપેરી કોર વગેરેને શુદ્ધ બનાવી છે આ પણ જેવોતેવો લાભ નથી આમ જનતાની હાજતોને પૂરી પાડવાના પ્રયત્નો કેટલા બધા થાય છે તે આ કલાભવન દેખાડતું હતુ

વિક્રય ભવન

હિંદુસ્તાનની મુખ્યમુખ્ય દુકાનો આવી પહોચી હતી શુદ્ધ રેશમ પ્રાપ્ત કરી શકાય એવી જોગવાઈ કોઈકોઈક દુકાનોએ કરી હતી કેટલીક દુકાનોમા રાષ્ટ્રનેતાઓના 'ફોટો ' અને કાશ્મીરી શુદ્ધ કેસર જેવી વસ્તુઓ શા માટે રાખવામા આવી હતી તે સમજાતુ નથી ભારત સરસ્વતી મંદિરે' પણ એક દુકાન રાખી હતી ને ત્યા ગાધીજીની તસવીરો વેચાતી હતી લોલેનો મનોરંજક કાર્યક્રમ પણ હતો વિરામ લેવા માટે એક છત્ર ઊભુ કરવામા આવ્યુ હતુ આ છત્રના મધ્યસ્થ થાભને મહાત્મા ગાધીજી જવાહરલાલ નેહરુ તથા સરદાર વલ્લભભાઈ શ્રી કનુ દેસાઈની કલા વડે દત્તરૂપે વિરાજતા હતા ને તેથી આ છત્રનુ નામ દત્તછત્ર પાડવામા આવ્યુ હતું ઉપાહાર વગેરેની સગવડ માટે ખાદી ભુવન ક્ષુધા શાંતિ ગૃહે ખાદીપ્રદર્શનને છાજતી રીતે વ્યવસ્થા રાખી હતી, એટલે કે મેજપાથરણા હાથલૂછણા, ટુવાલો વગેરે ખાદીનાં જ હતા કામ કરનાર–પીરસનારે પણ ખાદીમાં હતા આ શાંતિગૃહનો દેખાવ મનહર હતો

વિક્રયભવનની જયપુરની તથા આદમપુરની દુકાને સામાન્ય રીતે સારી ખાદી ૪ અને ૩॥ આને વાર મળી શકતી હતી અને આ પ્રગતિ કાંઈ જેવીતેવી નથી અભ્યાસીઓને મુખેથી સાંભળ્યુ છે કે આવી રીતે આગળ વધતા જઈશુ તો મિલની સાથે પણ ઊભા રહી શકીશુ ગાધી આશ્રમ મેરઠ'નું દીવાનખાનું ખાદીમા કળાને સ્થાન ક્યા ને કેટલું છે તેની પ્રાયોગિક માહિતી આપતું હતુ આવી જ રીતે આદમપુર શાખાએ પણ એક આકર્ષક દીવાનખાનું રચ્યુ હતું

આ પ્રદર્શન તા ૨૧–૩–'૩૧ ના દિવસે શ્રી સતીશદાસ ગુપ્તાએ ખુલ્લુ મૂક્યુ એમણે ઉદ્ઘાટન ક્રિયા કરતાં જે ઉદ્ગાર કાઢ્યા હતા તેનો થોડોક ભાગ ઉતારુ છું —

"હુ માનુ છું કે ખાદીથીજ સ્વરાજ આવશે ૧૯૨૨ મા જ્યારે આપણે કોંગ્રેસનુ કામ ચલાવતા હતા ત્યારે ચૌરીચૌરાના પ્રસગને લીધે આ કામ બંધ પડ્યુ ફરી પાછુ ૧૯૨૪મા તે શરૂ કર્યું આ ખાદીકામ આઠનવ વર્ષ થયાં વધ્યુ છે તેથી એટલું જોર આવી ગયુ છે કે આ આપણી હ ત શક્ય બની એનો અર્થ એ છે કે સારાયે હિંદમા એટલી બધી ખાદી બની ગઈ છે કે તેમને લોકો બરાબર ટેકો આપે તો આજે આઝાદી મળી જાય માટે જ ગાધીજી કહે છે ખાદીઓ તૈયાર કરો

પ્રદર્શન ૧૩ દિવસ ખુલ્લું રહ્યુ વેચાણદૃષ્ટિએ અગાઉનાં પ્રદર્શનો કરતા આ આગળ વધે છે પ્રેક્ષકોની સખ્યા પણ સારી હતી જોકે કેટલાકના મનમા મેળાનો ભાવ હતો પણ પ્રથમ દર્શાવ્યુ છે તેમ પ્રેક્ષકો દેશનું દળદર ફીટતું જોવા આવતાં હતા પૂજ્ય મહાત્માજી સરદાર સાહેબ જવાહરલાલ વગેરેએ ખાસ સમય ફાજલ પાડીને પ્રદર્શનને પોતાના નિરીક્ષણનો લાભ આપ્યો હતો મહાત્માજીએ આટલા બધા વર્ષોમા આ વેળાએ જ ૧॥ કલાક ધરાઈધરાઈને પ્રદર્શન અવલોક્યુ અને 'ખાદીમા અનંત શક્તિ સમાઈ છે ' એવું અનેકવાર ઉચ્ચારણ કરી સતોષ પામી તેઓ પાછા વળ્યા. પ્રદર્શનમા આવા મહેમાનોનું આગમન એ પણ એક વિશેષતા આ પ્રદર્શનની હતી વળી 'પ્રદર્શન પત્રિકા'માથી બેચાર વાક્યો ટાંકી વિરમું –

જુદા જુદા ભવનોમા મળીને ૩૬ સ્થળોએથી આવેલા ૬૦૦ નમૂનાઓ પ્રદર્શનમા હતા આ પ્રદર્શનની ટૂંકી માહિતી આપતા કહેવું જોઈએ કે અહીં ખાદીનું સામ્રાજ્ય છે આ સ્થળ ખાદીપ્રેમીઓનું મિલનસ્થાન છે અખડાણનાં બોધ અહીં દૂર થાય છે, ને આપણને તે બદલ નીકળાય ઉચ્ચારે છે કે ' મનગમતો માલ ખાદીમા પણ મળી શકે છે તો આમારે ખાદી ન વાપરીએ !

.. ગોકુળભાઈ

ખાદીનું અર્થશાસ્ત્ર એ પૈસાનું શાસ્ત્ર નથી, પણ જીવનશાસ્ત્ર છે.

કાપડના અનેક પ્રકાર
શુદ્ધ ખાદીમાં
મળે છે.

અખિલ ભારત ચરખા સંઘ
(વેચાણ વિભાગ)
ખાદી ભંડાર
૩૯૬ કાલબાદેવી રોડ મુંબઇ ૨
Tel 'Khadishop Bombay

ખાદી અને ખાદીની વસ્તુઓને
બહારગામ મોકલવા માટે
પણ ખાસ વ્યવસ્થા છે

ચોમાસાની ઋતુ માટે–વૉટરપ્રૂફ

— વરસાદમા પહેરવાલાયક —

વૉટરપ્રૂફ ખાદીના ઓવરકોટ

આ જાત લાંબો વખત થયા વપરાય છે અને સંતોષકારક કામ આપે છે

તૈયાર ઓવરકોટનુ માપ
છાતીનો ઘેરાવો ઈંચ ૩૬ ૩૮ ૪૦ ૪૨

એક ઓવરકોટની કિં રૂા ૧૩-૦-૦

વૉટરપ્રૂફ ખાખી ચોતારી કાપડ—પનો ઇંચ ૩૬

એક વારની કિં રૂા ૧-૪-૦

બહારગામના ગ્રાહકોએ તૈયાર ઓવરકોટ મંગાવતી વખતે છાતીના ઘેરાવાનુ માપ લખવું

વરસાદ માટે છત્રી

રોગાન ચડાવેલ ખાદીની છત્રીઓ વરસાદમા સારુ કામ આપે છે
કિં રૂા ૨-૪-૦ એકના

આ છત્રી ખાદીકાપડ પર રોગાન ચડાવી તૈયાર કરવામા આવી છે ખાદીની છત્રીઓ હજુ અખતરારૂપે છે આ કારણે બહારગામના ગ્રાહકોને એ માલ હજુ મોકલી શકાય તેમ નથી

મુસાફરી માટે વૉટરપ્રૂફ હોલ્ડ–ઑલ



સફરમા પથારી તેમજ સામાન વસ્તુઓ રાખી શકાય અને વરસાદમા ભિંજાય નહિ તેવી સગવડવાળી આ જાત મજબૂત કાપડ માંથી બનાવવામા આવે છે—માપ ૨૭ ઈંચ પહોળુ × ૭૨ ઇંચ લાંબુ

કિં રૂા. ૧૧-૪-૦ એકના

શરદીની ઋતુમા ગંજીફરાકને બદલે વાપરવાલાયક

ગરમ ઊની કબજા–બંડી–પેટી

ચિત્ર મુજબ

ખીસાવાળી	ડબલ છાતીની
બંડી	બંડી
(બાંયવગરની)	બાંયવગરની–ખીસા વગરની
કિં રૂા ૨-૮-૦	કિં રૂ ૨-૧૪-૦
એકના	એકના

તૈયાર છાતીનુ માપ
૩૨, ૩૪ ૩૬ ૩૮ ઈંચ

તૈયાર સીવેલા કપડાં

લજપત ખાદીમાંથી બનાવેલા
સસ્તી કિંમતના તૈયાર કપડા

વસ્તુ	કિં એકની રૂા આ પા	કિં ડઝનની રૂા આ પા
ગંજીફરાકને બદલે પહેરવા માટે મિરેલ —મૂંડા—	૦—૮–૬	૬–૭–૦
અર્ધી બાંયના પહેરણ	૦–૧૩–૦	૯ ૮–૦
અર્ધી બાંયના પહોળા કાનરવાળા ખમીસ	૧—૧–૦	૧૨–૮–૦
પહેરણ ગજવા સાથે	૧—૩–૦	૧૩–૦–૦
ખમીસ	૧—૫–૦	૧૫ ૮–૦

તૈયાર કપડાના ગળાના ઘેરાવાનું માપ
ઈંચ ૧૩॥ ૧૪ ૧૪॥ ૧૫

પાયજામો–લેંઘો	૦–૧૪–૦	૧૦–૪–૦

પાયજામાની લંબાઈ ઇંચ ૩૮ ૪૦, ૪૧ ૪૨ ૪૩ ઈંચ

નિશાળિયાઓ માટે તૈયાર કપડા

ગંજીફરાકના બદલે	નંગ	ડઝન
સીવેલા મૂંઢા	રૂા ૦—૭–૦	રૂા ૫—૦–૦
પહેરણ ગજવા સાથે	૦–૧૪–૦	, ૧૦—૪–૦
ખમીસ	૧—૦–૦	૧૧–૧૨ ૦

તૈયાર કપડાના ગળાનું માપ ૧૧ ૧૧॥ ૧૨ ઇંચ

પાયજામા–લેંઘો	રૂા ૦–૧૦–૦	રૂા ૭–૪–૦

પાયજામાની લંબાઈ ઈંચ ૨૧ થી ૨૭

હિંદની દરેક કમના ધોતિયા

સૂતર ન. ૧૨ થી ૧૫
દરેક નંગ જુદુ આવે છે અને
ધોયેલ હોય છે

લંબાઈ વાર		પનો–ઈંચ	ભાવ ન ૧ નો
૪॥	×	૫૦	રૂા ૨–૧૫–૦
૪	×	૫૦"	, ૨—૯–૬
૪	×	૪૫	૨—૫–૦
૩॥	×	૪૫	૨—૦–૯
૩॥	×	૪૦	૧–૧૩–૩
૩	×	૪૦	૧—૯–૦
૩	×	૩૬"	૧—૭–૦

સાધારણ પાતળી વણાટના
ધોતિયા

૪ વાર × ૪૪	રૂા	૨–૪–૦ નંગના
૩॥ વાર × ૪૪"		૨–૨–૦

–ઘટ્ટ વણાટ

૪ વાર × ૪૫	રૂા.	૩–૧–૦

'ખાદીનું સંપૂર્ણ વાતાવરણ નથી એટલે જ મારે સવિનય ભંગ જેવી લડત ચલાવવી પડે છે.' ગાંધીજી

— ઉનાળાની ગરમ ઋતુમાં —

ખમીસ પહેરણ વગેરે માટે

લોન કલોથ ખાદી કાપડ

તાકામાં વાર ૧૦ – ચાલુ ધોલાઈ

ધોએલ ખાદી પનો ઈંચ	જાત નમ્બર	વારનો ભાવ	તાકાનો ભાવ
૩૫	૩૫	રૂ. ૦—૮—૦	રૂ ૪—૧૪—૦
૩૯	૩૯	રૂ ૦—૮—૯	રૂ ૫—૬—૬
૪૪	૪૪	રૂ. ૦—૯—૯	રૂ ૫—૧૫—૬
૪૮	૪૮	રૂ. ૦—૧૦—૯	રૂ. ૬—૧૦—૦
૫૨	૫૨	રૂ ૦—૧૨—૦	રૂ. ૭—૬—૦

ખાસ ધોલાઈની ઊજળી જાત

લોનકલોથ — શર્ટિંગ ખાદી

ધોયેલ ખાદી પનો ઈંચ	જાત નંબર	વારનો ભાવ	તાકાનો ભાવ
૩૬	૪૦	રૂ. ૦—૯—૩	રૂ. ૫—૧૧—૦
૪૦	૪૫	રૂ. ૦—૧૦—૩	રૂ. ૬—૪—૬
૪૫	૫૦	રૂ ૦—૧૧—૬	રૂ ૭—૧—૦
૪૮	૫૪	રૂ. ૦—૧૨—૯	રૂ ૭—૧૩—૬

ડગલા પાટલૂન માટે ખાદીની જાતો

— સફેદ – ધોયેલ – ચોતારી —

જાત નંબર	પનો ઈંચ	તાકામાં વાર	ધોલાઈ	કિં. વારની	કિં તાકાની
૪/૩૫	૩૫	૨૪	ચાલુ ધોલાઈ	રૂ. ૦—૧૦—૯	રૂ ૯—૪—૬
૫૫	૨૭	૧૦	,, ,,	,, ૦—૭—૦	,, ૪—૬—૦
૪	૩૪	૧૪	ખાસ ધોલાઈ	,, ૦—૧૧—૯	,, ૧૦—૨—૬

પહેરણ ખમીસ માટે લજપતખાદી

સસ્તી કિંમતની

૪ આના વારની

ધોયેલ, ટકાઉ અને સુંવાળી

તાકામાં વાર ૧૫ — પનો ઈંચ ૨૭

ઘટ્ટ કુમાસની ધોયેલ ખાદી

મજબૂત અને ટકાઉ

જાત નંબર	પનો ઈંચ	તાકામાં વાર	વારનો ભાવ	તાકાનો ભાવ
૭૦	૨૭	૧૫॥	રૂ. ૦—૪—૩	રૂ ૪—૦—૩
૩૦	૩૦	૧૫॥ થી ૧૬	રૂ. ૦—૫—૬	રૂ. ૫—૩—૩
૨૦	૩૦	,,	રૂ. ૦—૬—૦	રૂ. ૫—૧૦—૦
૧૦	૩૦	,,	રૂ. ૦—૬—૩	રૂ. ૫—૧૪—૬

પહેરણ ખમીસ માટે ૩॥ થી ૩॥ વાર કાપડ જોઈએ.

ખાદી જાત નં. ૫૭

તાકામાં વાર ૧૫ — પનો ઈંચ ૨૭

વારનો ભાવ રૂ. ૦—૫—૬ — તાકાનો ભાવ રૂ. ૫—૦—૬

— સ્ત્રી ઉપયોગી વસ્તુઓ —

સાડી ——————— સાડી

પાકા રંગની – રંગબેરંગી આકર્ષક કિનાર

તથા તરાહવાળી સાડીઓ

ચાલુ વપરાશના પોતની – સૂતર નં ૧૨ થી ૧૪

કિનાર છાપેલ સફેદ ગાળો	૫ વાર × ૪૮ ઈંચ	રૂ. ૪—૧૩—
,, રંગીન ગાળો	,, ,,	,, ૫—૦—
,, સફેદ ગાળો વચ્ચે ભાત	,, ,,	,, ૫—૭—
,, ,, ,,	૫ વાર × ૪૪ ઈંચ	,, ૫—૧—

સાધારણ પાતળી જાતની સાડી

વણેલ પટ્ટાના કિનારની

સૂતર નં. ૧૫ થી ૧૭

૫ વાર × ૪૫ ઈંચ રૂ. ૩—૧૧—૦, ૫ વાર × ૪૮ ઈંચ રૂ. ૫—૩—૦

વણેલ રંગીન પટ્ટા કિનારની સાડી

સફેદ પોત ૫ વાર × ૪૫ ઈંચ કિં. રૂ. ૩—૩—૦

ચોળી, પોલકા, બ્લાઉઝ, ફ્રોક તથા ઘાઘરા માટે

છીંટ તથા ઘાઘરાપાટ

જાત	પોત	પનો	વારનો ભાવ
એક રંગી ભાત છીંટ	રંગીન	૨૭ ઈંચ	રૂ. ૦—૭—૦
કોર છાપેલ ઘાઘરાપાટ	સફેદ	૩૬ ,,	,, ૦—૧૧—૦
ત્રીરંગી કોર છાપેલ	,,	૩૫ ,,	,, ૦—૯—૬
'સ્વતંત્ર ભારત' કોર છાપેલ	,,	૩૫ ,,	,, ૦—૯—૬

હાથે કાંતેલ તથા હાથે વણેલ શુદ્ધ રેશમી ખાદી

રેશમની જાતો અખિલ ભારત ચરખા સંઘના પ્રમાણપત્રવાળી તૈયાર થવા લાગી છે.

કેટલોક જથ્થો આવી પહોંચ્યો છે.

રેશમી ——————— ખાદી

— રેશમી સાડીઓ —

માપ	૬ વાર × ૪૫ ઈંચ	૬ વાર × ૫૦ ઈંચ
કિં. નંગની સફેદ	રૂ ૨૨—૦—૦	રૂ. ૨૪—૧૨—૦
,, ,, રંગીન	,, ૨૩—૦—૦	,, ૨૫—૧૨—૦

— બ્લાઉઝ માટે રેશમી છીંટ —

સફેદ તથા રંગીન — પનો ઈંચ ૩૪ રૂ. ૨—૧૨—૦ વારના

ખમીસ માટે સફેદ રેશમી કાપડ

પનો ઈંચ ૪૫, વારના રૂ. ૨—૧૨—૦

ડગલાનું રેશમી કાપડ

પનો ઈંચ ૫૩

મટકા કોટિંગ	રૂ. ૪—૬—૦ વારના
ઍન્ડી કોટિંગ	,, ૬—૦—૦ વારના

લગ્નસરાના પ્રસંગો વખતે પહેરણ, ખમીસ વિગેરે માટે રેશમી કાપડને બદલે વપરાતું કોકટી કાપડ

ચાલુ પનો ઈંચ ૩૬ કિં. રૂ ૨—૦—૦ થી ૨—૨—૦

મોટો પનો ઈંચ ૪૫, આ પનો સાડી માટે પણ ઉપયોગી છે.

કિંમત રૂ. ૨—૫—૦ વારના

કોકટી છીંટ

કોકટી પર વેલાની તરાહનું છાપકામ છાપેલ

પનો ઈંચ ૩૬, રૂ. ૨—૪—૦ અને રૂ. ૨—૮—૦ વારના

'શાંતિનું—અહિંસાનું—મૂર્ત સ્વરૂપ મેં ખાદીને ગણાવ્યું છે, કેમકે ખાદીમાં કંગાલો પ્રત્યે શુદ્ધ પ્રેમ છે.' (ગાંધીજી)

દીવાનખાનાનો શણગાર

— જમીન પર પાથરવા માટે શેતરંજી —

'ઘટ્ટવણાટની જુદી જુદી કિસમની શેતરંજીઓ

લંબાઈ ૬ ફૂટ × ૨। ફૂટ પહોળાઈ કિ. રૂા ૩–૦–૦ એકના

" ૬ " × ૩ " " કિં. રૂા. ૪–૦–૦ "

ટ્રાવેલિંગ – મુસાફરી માટે – રેલવેના પાટિયાપૂરતી શેતરંજી

માપ ૨ વાર × ૨૮" પહોળી, કિં રૂા. ૩–૦–૦ એકના

ટકાઉ અને મજબૂત વણાટની – પટ્ટાવાળી

૨। વાર × ૩૬" કિં. રૂા. ૪–૧૧–૦	શેતરંજી	૨॥ વાર × ૪૫" કિં રૂા. ૬–૧૦–૦

હાથ રૂમાલ



સાઇઝ ૧૮" × ૧૮"

ચારે તરફ લાઇનવાળા

જાત	ભાવ નંગ.	ડઝન
મસ્તી જાત	રૂા. ૦–૧–૯	૧—૩–૬
ખાસ જાત	" ૦–૨–૬	૧–૧૨–૦
પાતળી જાત	" ૦–૪–૦	૨–૧૪–૦

કોકટી-રૂમાલ

માપ ૧૮"×૧૮" નગના રૂા. ૦–૧૦–૦ ડઝનના ૭–૬–૦

વાનરસેનાનો કેસરી રૂમાલ.

૨૭"× ૨૭" નગના રૂા ૦–૮–૦

ટીપોઈકવર — ટેબલક્લોથ — ટીપોઈકવર

મસ્તી જાત-રંગીન-ચારે તરફ બારીક કિનારના-૨૭"×૨૭"

કિ. રૂા ૦—૪—૦

'સ્વતંત્ર ભારત' છાપના રંગીન ટેબલક્લોથ, ૨૭"×૨૭"

કિ. રૂા. ૦—૬—૦

ફેન્સી તથા એરોપ્લેન પ્રિન્ટિંગનાં ટેબલક્લોથ

સફેદ અને રંગીન

માપ ઇંચ	કિંમત નંગની	માપ ઇંચ	કિંમત નંગની
૩૦"×૩૦"	રૂા ૦–૧૩–૦	૪૫"×૪૫"	રૂા ૧—૯–૦
૩૬"×૩૬"	રૂા. ૦–૧૫–૬	૫૦"×૫૦"	રૂા ૧–૧૪–૦
૪૦"×૪૦"	રૂા ૧—૫–૦	૫૪ × ૫૪"	રૂા ૨—૪–૦

ખાદીની શાલ — પછેડી

લાલ તથા કાળા રંગની છાપેલ કિનાર

આ શાલ ધોઈ નાખી શકાય છે તેમજ ઓઢી શકાય છે

શાલનું માપ લંબાઈ×પહોળાઈ	રંગીન શાલ કિંમત	સફેદ ધોયેલ શાલ કિંમત
૩ વાર × ૫૪ ઈંચ	રૂા ૨—૮–૦	રૂા ૨—૬–૦
૨॥વાર × ૫૦ ઈંચ	રૂા. ૧–૧૫–૦	રૂા ૧–૧૩–૦
૨॥વાર × ૪૫ ઈંચ	રૂા ૧–૧૨–૩	રૂા ૧–૧૦–૩

બેડશીટ — પલંગપોષ

આકર્ષક તરાહની રંગબેરંગી ભાતની

છાપેલ ચાદર — પાકા રંગનું છાપકામ –

બિછાના તથા પલંગ પર પાથરવા માટે

માપ	૨॥ વાર × ૪૫"	૨॥ વાર × ૫૦"	૩ વાર × ૫૪"
કિંમત	રૂા. ૨–૨–૦	રૂા. ૨–૯–૦	રૂા ૩–૦–૦

દરરોજની ઉપયોગી વસ્તુઓ ખાદી કાપડમાં મળી શકે છે.

તૈયાર ગાદી — રૂ ભરેલ.

— ફેન્સી તરાહ છાપની —

માપ ૨ વાર લાંબી – ૨૭ ઇંચ પહોળી

ફક્ત છાપેલ ખોળ	કિ રૂા. ૨–૮–૦
ગાદી રૂ ભરેલી બે વાર	કિ. " ૫–૦–૦
રૂ ભરેલ ગાદી તથા ઉપર ખાદીનું સફેદ કવર	કિ. " ૬–૪–૦

વણેલ ભાતના ચારસા – બ્લેંકેટ – બેડશીટ

'રાજાજી' બેડશીટ

સુંદર રંગીન તરાહ વણાટના ઓઢવા, બિછાવવા માટે

માપ		કિંમત નંગ એકની
૨॥ વાર × ૩૬ ઇંચ	..	રૂા. ૨–૧૨–૦
૨॥ " × ૪૫ "	...	રૂા ૩—૫–૦
૨॥। " × ૫૪ "	...	રૂા. ૪—૩–૦

વણેલ ભાતનાં સસ્તી જાતનાં બેડશીટ

૨॥ વાર × ૫૪ ઇંચ કિં રૂા. ૩–૧૨–૦ નગના

મનમોહક છાપની જાજમ

જમીન પર બિછાવવા માટે

આકર્ષક પંજાબી તરાહો છાપેલ

માપ—	૩ વાર × ૧॥ વાર,	૩ વાર × ૨ વાર,	૪ વાર × ૩ વાર
ભાવ ન.	રૂા. ૪—૦—૦	રૂા. ૫–૧૩–૦	રૂા ૧૧–૧૦–૦

વણેલ ચોકડી ભાતના ટેબલક્લોથ.

'રાજાજી' ટેબલક્લોથ.

મેજ, સ્ટૂલ વગેરે પર રાખવા માટે

૪૫ ઇંચ × ૪૫ ઇંચ, કિંમત રૂા. ૨–૦–૦ એકના

— મની પર્સ —

સ્ત્રી ઉપયોગી — હાથમાં રાખવાની થેલી



કેસરી રંગની મનીપર્સ

દર રૂા. ૦–૪–૦ નંગના

આરીભરતની મનીપર્સ

ચિત્ર મુજબની — નગના રૂા ૦–૧૦–૦

આરામ ખુરશીનું ખાદી કાપડ

લાકડાની સંકેલી શકાય તેવી આરામ ખુરશીઓ માટે

ખૂબ જાડા વણાટનું રંગબેરંગી પટ્ટાવાળું કાપડ

તાકામાં વાર ૭ — પનો ઇંચ ૨૦

દર રૂા. ૧–૫–૬ વારના

એક ખુરશીમાં ૧॥ થી ૧॥। વાર કાપડ જોઇએ છે.

તરત ઉપયોગમાં લેવા માટે

એક ખુરસી પૂરતુ સીવેલુ તૈયાર કાપડ

કિ. રૂા. ૨–૪–૦

નાનાં બચ્ચાંઓ માટે

તૈયાર પોશાક

સ્કાઉટ ડ્રેસ—બાળકોના લશ્કરી પોશાક

ખાખી અને બ્રાઉન રંગમાં

ખમીસ તથા નિકર

બે ખીસાવાળા ખમીસ, ખમીસના ગળાનું માપ ૧૧, ૧૧॥, ૧૨ ઇંચ

નિકર-અર્ધી પાટલુનની લંબાઈ ૧૬ અને ૧૮ ઇંચ

સ્કાઉટ ડ્રેસ (ખમીસ અને નિકર સાથે)

ભાવ રૂ ૨—૧૨—૦ ડઝનના રૂ ૩૨—૮—૦

બાળાઓ માટે રંગીન ફ્રોક

કોર-પટ્ટી તથા કોલરવાળા ફ્રોક

જાતનંબર	ઉપયોગી	એક ફ્રોકના ભાવ	ભાવ ડઝનનો
૧	૧ થી ૨ વર્ષ માટે	રૂ ૦—૧૨—૦	રૂ ૮—૧૨—૦
૨	૨ થી ૪ ,,	,, ૦—૧૪—૦	,, ૧૦—૪—૦
૩	૩ થી ૪ ,,	,, ૧—૦—૦	,, ૧૧—૧૨—૦
૪	૪ થી ૫ ,,	,, ૧—૨—૦	,, ૧૩—૪—૦
૫	૫ થી ૬ ,,	,, ૧—૪—૦	,, ૧૪—૧૨—૦
૬	૬ થી ૭ ,,	,, ૧—૬—૦	,, ૧૬—૪—૦

નાના બાળકો માટે બાબાપોશાક

— બેબી સ્યુટ —

ઘૂંટણ સુધીની રંગીન ચડ્ડી અને બટનવાળો સફેદ કોટ-કબજો

રંગીન બાયની પટ્ટી અને કોલરવાળા બાબા પોશાક

જાત નંબર	બાબા સ્યુટનો ઉપયોગ	ભાવ નંગનો	ભાવ ડઝનનો
૧.	૧ થી ૨ વર્ષ માટે	રૂ. ૦—૧૦—૦	રૂ. ૭—૪—૦
૨	૨ થી ૩ ,, ,,	,, ૦—૧૨—૦	,, ૮—૧૨—૦
૩	૩ થી ૪ ,, ,,	,, ૦—૧૪—૦	,, ૧૦—૪—૦
૪	૪ થી ૫ ,, ,,	,, ૧—૦—૦	,, ૧૧—૧૨—૦
૫	૫ થી ૬ ,, ,,	,, ૧—૨—૦	,, ૧૩—૪—૦
૬	૬ થી ૭ ,, ,,	,, ૧—૪—૦	,, ૧૪—૧૨—૦

ડઝનના ભાવે ત્રણ નંગ મળી શકશે.

— રંગીન ખાદી —

પાકા રંગની ખાત્રી સાથે, ખમીસ પહેરણ માટે, સ્વયંસેવક તથા સૈનિકો માટે

ખાખી, નેવીબ્લુ તથા બ્રાઉન

૪૫ ઇંચ પનો — ૧૦ વારના તાકા

ખાખી ખાદી દર રૂ ૦—૧૧—૯ વાર, રૂ ૭—૩—૬ તાકાના

બ્રાઉન ખાદી દર રૂ. ૦—૧૧—૯ વાર, રૂ. ૭—૩—૬ ,,

નેવીબ્લુ ખાદી દર રૂ ૦—૧૨—૬ વાર, રૂ. ૭—૧૨—૦ ,,

રંગીન ચોતારી સ્યુટિંગ

તાકામાં વાર ૧૪, પનો ઇંચ ૩૫

ખાખી અને બ્રાઉન (તપખીરી)

વારનો ભાવ રૂ. ૦—૧૩—૬

તાકાનો ભાવ રૂ. ૧૧—૧૧—૦

નેવી બ્લુ

તાકાનો ભાવ રૂ ૧૩—૧૪—૦, વારનો ભાવ રૂ. ૧—૦—૦

કોટ માટે ૩॥ વાર, સ્યુટ માટે ૬॥ વાર

'તકલી કાંતો—અને સૂતર લાવો' 'ગાંધીજી'

'અમર તકલી'

અમર તકલી એ કાંતવાનું એક ઉત્તમ સાધન છે. આ તકલી શાસ્ત્રીય છે, સુંદર છે, એક સરખું ફરે છે.

એક તકલીના	૧૦૦ તકલીના	૧૦૦૦ તકલીના
રૂ ૦—૧—૬	રૂ. ૮—૧૨—૦	રૂ. ૮૫—૦—૦

જથ્થાના ભાવે અર્ધો જથ્થો આપી શકાય છે.

૧૦૦૦ તકલી સાથે લેતા પૅકિંગ માફ.

કાશ્મીરની કુદરતી ઉત્પત્તિ

મધ

શાસ્ત્રીય પ્રયોગથી ગાળેલુ

બાટલીમાં ભરી પૅક કરેલુ

૦॥ રતલની બાટલીની

કિ. રૂ. ૦—૧૫—૦

કેસર

પૅક કરેલ બાટલીમાં

તોલા	કિંમત
૦॥	રૂ ૦—૧૨—૦
૧	રૂ. ૧—૮—૦
૨	રૂ. ૩—૦—૦
૫	રૂ. ૭—૨—૦
૧૦	રૂ ૧૪—૦—૦

છૂટું કેસર

૧ રતલના રૂ. ૫૨—૦—૦

પૅકિંગ તથા મોકલવાનું ખર્ચ જુદું.

લૉકેટ બિલ્લા તથા બટન

ત્રિ રં ગી રા ષ્ટ્ર ધ્વ જ



અને દેશનેતાઓનાં લૉકેટ

સ્વ પંડિત મોતીલાલ નેહરુ, પૂજ્ય ગાંધીજી, પંડિત જવાહરલાલજી, સરદાર વલ્લભભાઈ પટેલ, પ્રેસિડેન્ટ પટેલ, લોકમાન્ય તિલક, દેશબંધુ દાસ, શ્રીમતી સરોજિની નાયડુ વિગેરે વિગેરેના. ૫ બટનના રૂ. ૦—૪—૦

લૉકેટ તથા બટન

૧ ડઝનના રૂ ૦—૧૨—૦ (૪ લૉકેટ વધુ)

૧૨ ડઝનના રૂ. ૯—૦—૦ (૫ ડઝન લૉકેટ વધુ)

૧૪૪ ડઝનના રૂ. ૧૦૮—૦—૦ (૭૨ ડઝન લૉકેટ વધુ)

પૅકિંગ તથા મોકલવાનું ખર્ચ જુદું

—ડગલા પાટલૂન માટે—

કાશ્મીરી તરાહ જેવા અનેક પાકા રંગના ચેક

ભાવ ૧ વારનો

ભાવ રૂ ૦—૧૧—૦ થી ૦—૧૩—૦ પનો ઇંચ ૨૭

ભાવ રૂ ૦—૧૪—૩ થી ૧—૩—૦ પનો ઇંચ ૩૧

સૂચના—૧. બહારગામના ઑર્ડર વી. પી. થી મોકલાશે.

૨. બહારગામથી માલ મંગાવનારે ૨૫ ટકા જેટલી કિંમત ઑર્ડર સાથે અવશ્ય મોકલવી જોઈએ.

૩. એક આનાની પોસ્ટની ટિકિટો મળેથી નમૂનાઓ મોકલવામાં આવશે.

૪. બહારગામથી મંગાવનારે જોઈતી વસ્તુનું જરૂરી માપ લખવું.

સઘળો પત્રવ્યવહાર — ખાદી ભંડાર, નં. ૩૯૬ કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨, એ સરનામે કરવો.

ગરમ કાપડનું ઉત્પત્તિ‌ક્ષેત્ર —અખિલ ભારત ચરખાસંઘ, શ્રીનગર (કાશ્મીર) સરનામું અમેરીકામાં કરવું.

તારનું સરનામું: KHADISHOP Bombay.

અખિલ ભારત ચરખાસંઘ (વેપાર વિભાગ)

ખાદી ભંડાર—૩૯૬, કાલબાદેવી રોડ—મુંબઈ નં. ૨.

પ્રકાશક — મનુભાઈ મગનલાલ વૈદ, 'ખાદી પત્રિકા' ઓફિસ, રીલીફ રોડ, અમદાવાદ.

સંઘનો વાર્ષિક હેવાલ

Regd No. B. 2339
ખાદીકાર્યના સમાચારના પ્રકાશન માટે

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૪] તંત્રીઃ વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૧

મુદ્રક મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ, સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ, પાનકોરનાકા, અમદાવાદ.

અમદાવાદ, સંવત ૧૯૮૭ના જેઠ વદ ૧
સોમવાર, તા. ૧ જૂન ૧૯૩૧

વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૦-૮-૦
દેશાવર રૂ. ૧-૦-૦

૧૯૩૦ ના સપ્ટેમ્બરની તા. ૩૦ મીએ પૂરા થતા વર્ષ દરમ્યાનનો

અખિલ ભારત ચરખા સંઘની પ્રગતિનો હેવાલ

પૂરું થયું ગત વર્ષ બીજી કેટલીક બીનાઓ માટે જેટલું ચીરસ્મરણીય છે તેટલું જ ખાદી માટે પણ છે. લાહોરની મહાસભામાં પસાર થયેલા સ્વાતંત્ર્યના ઠરાવને અમલમાં મૂકવા ગાંધીજીની દાંડી પ્રતિની કૂચના પ્રથમ કદમે જ આખા દેશની સ્થિતિ એકદમ સંપૂર્ણ પલટાઈ ગઈ આખાયે દેશની જનતામાં કંઈક અનેરું ચેતન આવ્યું, અને પ્રયત્ન, સેવા અને આત્મભોગથી સ્વતંત્ર થવાની ઊર્મિનું એક પ્રબળ મોજું સર્વત્ર ફેલાઈ ગયું મહાસભાના કાર્યક્રમને અમલમાં મૂકવાનો એક અપૂર્વ સંગઠિત પ્રયત્ન થયો, અને આમ શતમુખ વહેતા લાગણીના પ્રવાહથી ખાદી પણ કંઈ અલિપ્ત રહી શકી નહિ

જબ્બર માગણી

ખાદી એકદમ લડતના પ્રતીકરૂપ થઈ પડી અને એથી એને માટે સર્વત્ર એટલી બધી જબરદસ્ત માગ અને પડાપડી થવા લાગી કે મીઠાના કાયદાનો ભંગ કરવા નિર્માણ કરેલી તારીખ પહેલા જ દેશના સર્વ ભંડારોના ખાદીના જથ્થા ખલાસ થઈ ગયા આમ થતા તરત જ સમજાયું કે ઉત્પત્તિ અને વેચાણની જે ચાલુ વ્યવસ્થા હતી તે આ નવા અને ચડતા ખાદીપૂરને અટકાવવા બસ નહોતી આ વસ્તુસ્થિતિમાં માગને પહોંચી વળવા ગાંધીજીએ સૂચવ્યું કે સૂતરના બદલામાં ખાદી વેચવી દેશના સર્વ ખાદીભંડારોમાં આ સૂચના પહોંચાડી દેવામાં આવી, અને એનો પ્રથમ અમલ મુંબઈના ખાદીભંડારમાં થયો, જ્યાં રોકડ નાણાંને બદલે સૂતરને સાટે ખાદી વેચાવી શરૂ થઈ એક બાજુએ આમ જેમ વેચાણનું રૂપ બદલ્યું તેમ બીજી બાજુથી ગામડામાં અને તેટલી ખાદીઉત્પત્તિ વધારવાના ઉપાયો યોજવાની પણ જરૂર જણાઈ પરંતુ આમ ઉત્પન્ન વધારવામાં બેએક વાંધા નડતરરૂપ જણાયા એક તો એ કે સત્યાગ્રહની લડત માટે ગમે ત્યારે માણસો અને નાણાની જરૂર પડે, તેથી ખાદીઉત્પત્તિમાં તે સૌ આમ રોકી દેવાય નહિ. અને બીજું એ કે કાર્યકર્તાઓ લડતને અંગે ઝડપથી ઝડપાઈ જતા હતા, અને તેમની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જતી હતી એટલે ઉત્પત્તિક્ષેત્ર વધારવા પૂરતા માણસો પણ મળી શકશે કે કેમ એ માટે પણ શંકા રહેતી હતી જ્યારે બીજી બાજુથી ખાદી માટેની માગના પૂર જોસથી ચડતા જુવાળ સામે પણ આંખમિચામણા થઈ શકે એમ નહોતું. આ સ્વાતંત્ર્ય યુદ્ધમાં વિદેશી કાપડના બહિષ્કારનો કાર્યક્રમ કેટલો બધો અગત્યનો છે એ સૌને સારી પેઠે સમજાયું હતું, અને એથી લડતને અંગે એ બાબતને હમેશાં પ્રાધાન્ય મળતું વળી બહિષ્કાર સફળ કરવામાં ખાદી કેટલો અગત્યનો ફાળો આપતી હતી એ પણ વધુ સ્પષ્ટ થતું હતું

કાર્યક્ષેત્રનો વિસ્તાર

એટલે હવે વિદેશી કાપડનો બહિષ્કાર સફળતાથી પૂરો કરવા તેમજ દેશના કાપડની જરૂરિઆત દેશમાં જ ઉત્પન્ન થતા કાપડથી જ પૂરી કરવા, ખાદીની વિશાળ શક્તિ ઉપર આધાર રાખવો આવશ્યક હતો, અમારું કામ આ શક્તિને શોધી તેને ખીલવવાનું હતું. બારમાસ બધી દેશમાં પથરાયેલી સઘળી શાખાઓને તેમના ક્ષેત્રો આ દિશામાં કેટલો ફાળો આપી શકે એમ છે તે પુછાવ્યું, જવાબમાં સર્વ સ્થળોએથી સારા ઉત્તેજક સમાચાર મળ્યા એટલે જ્યાં જ્યાં જેવી અનુકૂળતા મળી ત્યાં તે પ્રમાણમાં તેવા ઉત્પત્તિક્ષેત્રો વિસ્તારવામાં આવ્યા વળી એમ પણ જણાયું કે લોકો જો થાગડથીગડ જાડી ખાદીથી નભાવી લે તો ખાદીની વધુ કરતા પણ અધિક ગણી માગણીને પહોંચી વળાય

દરમ્યાન કપાસના ભાવ એકાએક બેસી ગયા. ખેડૂતને કપાસના પાકને અંગે જે મહેનતમજૂરી અને ખર્ચ થયેલા તેનું રૂ જેટલું વળતર પણ મળે એમ ન લાગ્યું એટલે એને માટે એક જ રસ્તો ખુલ્લો રહ્યો, અને તે એ કે એણે પોતે જ પોતાના રૂનું સૂતર બનાવવું અને કાચા કપાસના વેચાણથી મળતી ખોટમાંથી ઊગરી જવું આથી સૂતરની ઉત્પત્તિને સારો વેગ મળ્યો અને ખાદીનો જથ્થો પણ રસભેર વધવા માંડ્યો પરંતુ આ બધું આમ અબાધિત ટકી શક્યો નહિ કારણ કે આવી રીતે જે સૂતર આવતું હતું તે સ્વાભાવિક રીતે ૧ થી ૯ આંક સુધીનું જાડું આવતું અને વળી દિવાળીને અંગે જે માગ ઊભી થઈ હતી તે ઝીણી અથવા તો સામાન્ય જાતની ખાદી માટે હતી એટલે જેમ એક બાજુએ ઉત્પન્ન થયેલી જાડી ખાદીનો નિકાલ લાવી શકાયો નહિ, તેમ બીજી બાજુએ વધારે આંકની એટલે ૧૬ થી ૨૦ સુધીની ઝીણી ખાદીની માગને બરોબર સંતોષી શકાઈ નહિ આવી વિચિત્ર વસ્તુસ્થિતિને લીધે ઉત્પત્તિનો વેગ થોડોક સમય પછી ધીમો પડ્યો, અને જો કે આખા વર્ષના હિસાબે તો જાણે ઉત્પત્તિમાં ૭૦ ટકાનો વધારો થયો ખરો, પરંતુ જો લોકોએ સહેજ જાડી ખાદીથી નભાવી લીધું હોત તો એ આંકડો વધીને ઘણો ઊંચો ગયો હોત એમ લાગ્યા વિના રહેતું નથી

× × × ×

બીજી મુશ્કેલીઓ

પરંતુ વિધિની વિચિત્રતા કેવી! વર્ષો થયાં કેટલી મુશ્કેલી અને પરિશ્રમના પરિણામે, ગાંધીજીએ દેશસ્વાતંત્ર્યની સાધનામાં ખાદી એ એક મોટું અને પ્રબળ સાધન છે એમ લોકોને સમજાવી લોકલાગણીને ખાદી પ્રતિ દોરી ત્યારે મિલવાળાઓએ શું કર્યું? ખાદી જેવા જાડા કાપડને પેદા કરી તેના ઉપર "ખાદી"નો સિક્કો મારી એ લોકલાગણીના ખાદીક્ષેત્ર પ્રતિ વહેતા પ્રવાહને પોતાના ખાદી જેવા મિલ કાપડના ખેતરો પ્રતિ દોર્યો અને તેમને પાણીછંટા કર્યા આમ રાષ્ટ્રીય પહેરવેશ માટે ખાદીભૂખી જનતાને મિલોએ ખાદીને નામે ખાદી જેવું કાપડ ધાબી માર્યું વેપારીઓએ પણ આમાં કંઈ પાછી પાની કરી નહિ તેમણે પણ મિલના ખાદી જેવા કાપડને શુદ્ધ હાથકાંતણ અને હાથવણાટની ખાદી તરીકે વેચી લોકોને ઠગ્યા આમ ખાદીપ્રગતિને બાધરૂપ આ આડખીલી તો ચાલુ જ રહી, જ્યારે સત્યાગ્રહનો પ્રવાહ તો ધોધબેર આગળ વધતો જ ગયો

× × × ×

ઉત્પત્તિ અને વેચાણ

આમ આવી અનેક મુશ્કેલીઓ હોવા છતાં પણ વર્ષ દરમ્યાન ખાદીક્ષેત્રમાં ઘણી જ સારી પ્રગતિ થયેલી છે, જે નીચેના કુલ આંકડાઓ ઉપરથી જણાશે:—

૧૯૨૯ તથા ૧૯૩૦ ના સપ્ટેમ્બરની ૩૦મી તારીખે પૂરા થતા બે વર્ષની ઉત્પત્તિના એકંદર આંકડા અનુક્રમે રૂા ૩૧,૫૫,૪૯૭ અને ૫૩,૦૦,૯૧૬ છે, એટલે ચાલુ હિસાબી વર્ષમાં ૬૮ ટકાનો વધારો થયો.

એજ પ્રમાણે ૧૯૨૯ અને ૧૯૩૦ના સપ્ટેમ્બરની તા ૩૦ મીએ પૂરા થતા બે વર્ષ દરમ્યાનના વેચાણના એકંદર આંકડા અનુક્રમે રૂા ૩૯,૪૩ ૦૭૭ અને ૬૩,૪૪,૫૫૩ છે, એટલે હિસાબ વર્ષ દરમ્યાન વેચાણમા ૬૧ ટકાનો વધારો થયો

ખાદીકેન્દ્રોની સંખ્યા જે પાછલા વર્ષ દરમ્યાન માત્ર ૩૮૪ની હતી તે વધીને આ વર્ષની આખરે ૬૦૦ ની થઈ છે, આમાના ૩૫૯ કેન્દ્રો ઉત્પત્તિના મથકો છે, અને ૨૪૧ વેચાણના ભંડારો છે, જ્યારે પાછલા વર્ષમા ઉત્પત્તિમથકો તેમજ વેચાણના ભંડારોની સંખ્યા અનુક્રમે ૧૭૯ અને ૨૦૫ ની જ હતી આ ઉપરથી સમજાશે કે રિપોર્ટના વર્ષ દરમ્યાન ઉત્પત્તિકેન્દ્રો વધીને બેવડાયા છે, આ બધા એકંદર મથકોમા ચરખા સંઘના પોતાના કેન્દ્રો ૨૨૧ છે, જે પાછલા વર્ષ દરમ્યાન માત્ર ૧૯૦ જ હતા, એમા ચરખા સંઘની મદદ લેતા ૮૧ છે, જે પહેલા ૭૦ હતા, અને સ્વતંત્ર કેન્દ્રો ૨૯૯ છે જે પાછલા વર્ષમા માત્ર ૧૨૪ જ હતા, સ્વતંત્ર કેન્દ્રોની સંખ્યામા જે મોટો વધારો થયેલો છે તે ખરેખર સંતોષકારક છે આમ આ ઉત્પન્ન અને વેચાણના મથકોનો વધારો સામાન્ય રીતે દરેક પ્રાન્તમા થયેલો છે

× × ×

૬,૦૦૦ ગામડા

જે ગામડાઓમા ઉત્પત્તિકેન્દ્રો સ્થપાયા છે તેમની સંખ્યા ૬,૦૦૦ ની ઉપર છે

× × ×

પીંજનાર, કાંતનાર અને વણનાર

જે પીંજારા, કાતનારા અને વણકરોને આ ખાદી પ્રવૃત્તિથી પોષણ મળે છે તેમની સંખ્યા પણ અનિશ્ચિત અને અધૂરી છે બિહાર તરફથી કાતનારની સંખ્યાના આંકડા મળ્યા નથી, જ્યારે બંગાળ, દિલ્હી અને સંયુક્ત પ્રાંતના કાતનાર અને વણનાર બન્નેના આંકડા અધૂરા છે કાતનારાઓની સંખ્યાનો ચોક્કસ આંકડો દફતરે રાખવો કેટલો જરૂરી છે એ હજી બધા મથકો બરોબર સમજતા જણાતા નથી, જો કે કાતનાર લોક જુદા જુદા અને છૂટાછવાય ગામડામા પથરાઈ ગયેલ હોવાથી એવો ચોક્કસ આંકડો રાખવો કંઈક મુશ્કેલ પણ છે કાતનાર અને વણકરોની એકંદર સંખ્યા અનુક્રમે ૧,૩૯,૬૧૯ અને ૧૧,૪૨૬ ની છે

× × ×

ભાવ

રૂના ભાવમા જેમ જેમ ઘટાડો થયો છે તેમ તેમ તે જ પ્રમાણે ખાદીના ભાવ પણ જુદા જુદા કેન્દ્રોમા વારંવાર ઘટાડવામા આવ્યા છે રિપોર્ટના વર્ષની શરૂઆતના સરાસરી ભાવો કરતા વર્ષ આખરના ભાવો મોટે ભાગે ૧૨½ ટકા જેટલા ઓછા રહ્યા છે ત્યાર પછી તો ઘણા કેન્દ્રોમા એથીયે વધુ ઘટાડો થયો છે કેટલીક જથાબંધ ખાદી જે મોઘા ભાવે લીધેલા રૂમાથી ઉત્પન્ન કરવામા આવી હતી તે પણ સોંઘા ભાવે વેચી દેવામા આવી છે, અને એથી સંઘની આર્થિક સ્થિતિને પણ કંઈક ગોબરું પડ્યું છે

× × ×

એકંદર રોકાયેલી મૂડી

તા ૩૦-૯-૧૯૩૦ના રોજ સંઘની એકંદર રોકાયેલી મૂડી રૂા ૨૩૧૫૮૬૧-૨-૦ ની હતી

× × ×

સારાંશ

આ હેવાલના પ્રતિ વર્ષના ખાદીપ્રવૃત્તિ અને વેચાણના આંકડા ઉપરથી જણાય છે કે ખાદીપ્રવૃત્તિમા દિનપ્રતિદિન નિયમિત પ્રગતિ થયા જ કરી છે, પણ સાથે સાથે એ પણ સ્પષ્ટ થાય છે કે આપણે તો હજી એ પ્રશ્નની સપાટી ઉપર જ માત્ર જમણ કરીએ છીએ. એ ખાદીવિના મૂર જણની મહત્તા આપણે તો હજી ભાગે જ છે કેટલા લાખો માણસોને એમને નિરક્ષર અથવા તો પૂરતી રોટી મળતી નથી તેમને રોટી પૂરી પાડવી એ મહાન પ્રશ્ન છે ખાદી પરદેશી માલ સામા દેશપ્રેમનું એક લક્ષણ છે એટલું પૂરતું સમજવા બસ છે, પણ ભગવાન રાજકીય દૃષ્ટિવાર હોવા ઉપરાંત ખાદીમા ઊંડુ અર્થશાસ્ત્ર અને સામાજિક સેવાનો મર્મ પણ સમાયેલો છે એવુ હજી થોડાક જ સમજે છે. રાજકીય શરીરના 'આર્થિક અંગનો રોગ જે દિવસે દિવસે વર્તમાન 'શિષ્ટાચાર સામે પ્રખર રૂપ' પકડતો જાય છે અને જેણે મોટા મોટા પાશ્ચાત્ય દેશોને પણ મૂંઝવણમા નાખી દીધા છે, એવા રોગને હિંદુસ્તાનમાથી નાબૂદ કરનાર, બલ્કે હરનાર ખાદી એ એક રામબાણ ઇલાજ છે જ્યા લગભગ ભૂખમરો છે ત્યા ખાદી કંઈક રોટી આપે છે, અને પ્રજાના નવરાશના સમયે ઉદ્યોગ પૂરો પાડી અર્થોપાર્જનનુ ઉત્તમ સાધન બને છે.

ખાદી માત્ર રાજકીય ચળવળસૂચક જ નથી, પરંતુ યંત્રયુગ તથા શહેરી જીવન અને તેથી ઉદ્ભવતી એકહથ્થુ નાણાસ્થિતિ અને સહસ્રમુખી નિર્ધનતાની મરણકૂપ પ્રતિ પૂરપાટે દોડી જતી આગગાડીને ચેતવનાર એ એક અમોઘ 'સિગ્નલ' ની ગરજ સારે છે, સામાજિક સ્થિતિની ડામાડોળ તુલાને સ્થિર કરવાનો ખાદીનો ઉદ્દેશ-હેતુ, બલ્કે દાવો છે

ખાદી જ્યા જ્યા જાય છે ત્યા ત્યા તે જાગૃતિ, સ્વ નિયમન, સ્વ-માન, સ્વ આશ્રયનો, એટલે કે હિંદુસ્તાનના લાખો ઘરોમા સાચ સ્વરાજ્યનો પયગામ પહોંચાડે છે

વરસાદી છત્રીઓ

ચોમાસાના દિવસમા ખાદીની છત્રી હોય એમ આપણે સ્વાભાવિક ઇચ્છા રાખીએ

આવી છત્રી કરી લેવા માટે ચાર વર્ષ સુધી અનેક અખતરા થયા, અને ગયે વર્ષે છત્રીઓનો એક નાનો જથ્થો ચોમાસામા વાપરી શકાય તેવો તૈયાર પણ કરી શકાયો, એટલે કામ ઠીક ઠીક ચાલ્યુ

વરસાદના ઝાટાથી બચવા માટે છત્રી પરના ખાદી કાપડ ઉપર કંઈક રોગાન જેવું ચડાવવુ પડે છે અને આ કારણે છત્રી વજનમા થોડીક ભારે પણ થાય છે

આ વર્ષે પણ એક નાનો જથ્થો તૈયાર કર્યો છે પણ તે મુંબઈના ગ્રાહકોને જ અખતરા તરીકે અપાય અને મોસમના વપરાશ પછી પૂરી ખાતરી થયે બીજે વર્ષે વધુ જથ્થો બનાવી શકાય એમ ઉમેદ રાખી છે

વરસાદી ડગલા

વૉટરપ્રૂફના ખાદીના વરસાદમા ઉપયોગી ડગલાના વપરાશની આ છઠ્ઠી મોસમ આવે છે

આ મુદત દરમિયાન અમારા ખાદીના વરસાદી ડગલાએ વાપરનારાઓને સંતોષી કર્યા છે, અને પહેલે વર્ષે કરાવેલા ડગલા આજે પણ હજુ વપરાય છે.

આવા ડગલાનો એક જથ્થો આવતી મોસમ માટે પણ તૈયાર થયો છે

• વિ વ બે

રેંટિયા રહસ્ય

જ્યાસુધી હિંદુસ્તાનમા રેંટિયા ચૂલાની જેમ સર્વવ્યાપક ન થાય ત્યાસુધી હિંદુસ્તાન ફરી આબાદ થાય એ હું અશક્ય માનુ છું.

× × ×

રેંટિયો એ પણ એક પૂજનીય સાધન છે સાધ વિનાનું ઘર જેમ ન શોભે તેમ રેંટિયા વિનાનુ ઘર ન શોભે. રેંટિયાની કથા એ પણ એક ગીતા છે. રેંટિયાના ઉદ્ધાર વિના આપણી કથા હમણા અસમર્થ થઈ પડી છે

× × ×

રેંટિયો દરેક ઘરની આવશ્યક ને એના વિના ન ચાલે એ ચીજ તેવી ધારણી છે દેશની આબાદીનું ને દેશની મુક્તિનું તે ચિહ્ન છે

× × ×

જે દિવસે હિંદુસ્તાનમા રેંટિયો ઘરે ઘરે મુકાયો તે દિવસથી જ અહીં દુ ખ દારિદ્ર દૂર થયું, અને આળસ, બેકારી અને મુફલિસી નષ્ટ થઈ

(સ્વદેશીના સૂત્રોમાથી) મો. ક. ગાંધી

"ખાદી સામાન્ય ખેડૂતની સ્ત્રીને માફક આવે છે, તેમ જ તે રાજકુમારીને પણ શણગારે છે."
શ્રી સરોજિની દેવી

કાપડના અનેક પ્રકાર
શુદ્ધ ખાદીમાં
મળે છે.

અખિલ ભારત ચરખા સંઘ
(વેચાણ વિભાગ)
ખાદી ભંડાર
૩૯૬, કાલકાદેવી રોડ, મુંબઇ ૨
Tel 'Khadishop,' Bombay

ખાદી અને ખાદીની વસ્તુઓને
બહારગામ મોકલવા માટે
પણ ખાસ વ્યવસ્થા છે.

સ્ત્રી ઉપયોગી સાડી, છીંટ, બ્લાઉઝ વગેરે

(હિંદુસ્તાનમાં દરેક પ્રાન્તને ઉપયોગી માપની સાડીઓ વરધી મળે બનાવી આપવામાં આવે છે)

ચાલુ પહેરવેશ માટે અને તુરત ઉપયોગી થાય તેવી ૫ વાર લાંબી અને ૪૫ તથા ૫૦ ઇંચ પનાની સાડીઓ
સફેદ તેમજ રંગીન — આકર્ષક છપાઈ — તેમજ વણાટના પટ્ટાની સાડી

સંગમનેરી છાપની સાડીઓ
સૂતરનો આંક ૧૨ થી ૧૪

સફેદ ગાળો		૫ × ૪૫"	૫ × ૫૦"
એક રંગની છાપેલી કાળી કિનાર	રૂા	૩-૧૩—૦	૪—૬—૦
બે રંગની છાપેલી કિનાર (લાલ તથા કાળા રંગમાં)	રૂા	૪—૬—૦	૪-૧૨-૦
છાપેલ કિનાર તથા વચ્ચે બુટ્ટી	રૂા	૪-૧૨—૦	૫—૨-૦

ખડી છાપની સાડીઓ
ચકચકતી અનેક જાતભાતની ખડીની તરાહોવાળી
— સફેદ પોત —

		૫ × ૪૫"	૫ × ૫૦"	
એક રંગની ખડી કિનાર	રૂા	૪—૪—૦	૪-૧૦-૦	નંગના
બે રંગની ખડી કિનાર	રૂા	૪—૮—૦	૪-૧૪-૦	,,
કિનાર તથા વચ્ચે ભાત	રૂા	૪-૧૨—૦	૫—૨-૦	,,

વણેલ પટ્ટા કિનારની સાડી
સફેદ પોત — રંગીન વણેલ પટ્ટો

લંબાઈ		પનો	પોત	ભાવ નંગનો
૫ વાર	×	૪૫ ઇંચ	ચાલુ પોત	રૂા ૩—૩—૦
,,	×	,,	વણેલી ચોકડી ભાત	રૂા ૩—૦—૦
,,	×	૫૦ ઇંચ	પાતળી કુમાસ	રૂા ૪—૪—૦
,,	×	૪૫ ઇંચ	,, ,,	રૂા ૩-૧૧—૦
,,	×	,,	મોટા પટ્ટાની કિનાર	રૂા ૪—૦—૦
૬ વાર	×	૪૮ ,,	પાતળી કુમાસ	રૂા ૬-૧૫—૦

છાપેલ તરાહની સાડીઓ
પાકા રંગનો અનેક રંગ બેરંગી અને આકર્ષક કિનારની
તથા તરાહોવાળી સાડીઓ

—૫ વાર લાંબી તથા ૪૮ ઇંચ પહોળી સાડીઓ—
સૂતર નં ૧૨ થી ૧૪ — ચાલુ પોત

વિગત		સફેદ પોત	રંગીન પોત
ફેન્સી તરાહની કિનાર છાપેલી સાડી	રૂા.	૪-૧૩-૦	૫—૦-૦
બાંધણી ભાતની કિનાર છાપેલ ,,	રૂા.	૫-૧૪-૦	૬—૨-૦
ત્રિરંગી—લાલ લીલી તથા સફેદ કિનાર	રૂા	૫—૧-૦	.....
વચ્ચે ભાત—છાપેલ સાડી	રૂા	૫—૭-૦	૫-૧૦-૦
કિનાર છાપેલ સાડી	રૂા	૪—૩-૦	.....

— સાડી — લંબાઈ વાર ૫ — પનો ઇંચ ૪૫

ફેન્સી કિનારની છાપેલી સાડી – સફેદ પોત રૂા ૪—૭—૦
રંગીન પોત રૂા ૪-૧૦—૦
,, ,, ,, સુંદર કિનાર તથા વચ્ચે ભાત છાપેલ સફેદ સાડી રૂા. ૫—૧—૦
કિનાર છાપેલ સફેદ સાડી રૂા ૩-૧૪-૦

મજલીન તાકા
આ તાકામાં અનેક જાતભાત, તરાહની ભાતીગર છાપેલ તૈયાર હોય છે બે બાજુ કિનાર પણ હોય છે કે જેથી જે માપની સાડી બનાવવી હોય તે માપની બની શકે છે.
તાકામા વાર ૧૦ – પનો ઇંચ ૪૫ અને ૪૮
— ખાસ ધોવાઇની ખાદીમાંથી બનાવેલ —

પનો ઇંચ	સફેદ જાત	રંગીન જાત
૪૫	રૂા ૧—૦—૬ વારના	રૂા ૧—૧—૦ વારના
૪૮	રૂા ૧—૧—૦ ,,	રૂા. ૧—૧—૬ ,,

રંગ બેરંગી · તરાહદાર છીંટ તથા ઘાઘરાપાટ

છીંટ તથા ઘાઘરાપાટ
પોલકાં, બ્લાઉઝ, ચણિયા, ફરાક માટે

રંગીન છીંટ — એક રંગી બુટ્ટી છાપેલ પનો ઇંચ ૨૭

તાકામાં વાર ૧૬, વારનો ભાવ રૂા ૦-૭-૦ અને ૦-૭-૬

કોકટી કાપડની બારીક છીંટ
વેલા તરાહની છાપેલી કોકટીની છીંટનાં બ્લાઉઝ
પોલકાં અને ફરાક સુશોભિત દેખાય છે
પનો ઇંચ ૩૬, વારની કિંમત રૂા. ૨—૮—૦

વેલ બુટ્ટાદાર છાપેલ છીંટ
તાકામા વાર ૧૦

પનો ઇંચ	ખાદી જમીન	ચાલુ પોત	ખાસ ધોલાઈની જાત
૪૫	સફેદ	રૂા ૧—૨—૦	
,,	રંગીન	રૂા ૧—૨—૬	
,,	સફેદ	રૂા ૦-૧૩—૩	રૂા ૦-૧૫—૦
,,	રંગીન	રૂા ૦-૧૩—૯	રૂા. ૦-૧૫—૬
૪૮	સફેદ	રૂા ૦-૧૪—૩	રૂા. ૧—૦—૬
,,	રંગીન	રૂા ૦-૧૪—૯	રૂા. ૧—૧—૦

ખડી ભાતની છીંટ
ઘેરા રંગની બ્લુ, લીલી, તથા ચોકલેટ
પનો ઇંચ ૨૭ – તાકામા વાર ૧૬, કિં રૂા. ૦—૯—૦ વારના

પ્રકાશક—મનુભાઈ મગનલાલ વૈદ્ય ખાદી પત્રિકા ઑફિસ રીડ રોડ અમદાવાદ

Regd No. B. 2339
ખાદીપ્રચારના સંબંધના સમાચારોને માટે

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૪]　　તંત્રીઃ વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી　　[અંક ૭

મુદ્રક મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ, સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ, પાનકોરનાકા, અમદાવાદ

અમદાવાદ, સંવત ૧૯૮૭ના આષાડ વદ ૧
બુધવાર, તા. ૧ જુલાઈ ૧૯૩૧

વાર્ષિક લવાજમ
દેશમા રૂા ૦-૮-૦
દેશાવર રૂા ૧-૦-૦

[જે તાલુકો પોતાનું અનાજ પકવી લેતો હોય, પોતાનું સૂતર કાંતી લેતો હોય, પોતાનું કાપડ વણી લેતો હોય, અને પોતાની સ્વતંત્રતાની ખાતર દુઃખ સહન કરવા તૈયાર હોય તે આ જ વર્ષે સ્વરાજ સ્થાપવાને માટે જરૂર તૈયાર છે, અને એક તાલુકો પણ આટલું કામ પાર ઉતારવા તૈયાર હશે તો જેમ એક દીવો આખા ઘરને અજવાળે છે તેમ તે આખા દેશને અજવાળશે મો. ક. ગાંધી]

ખાદીની સ્વાવલંબન પદ્ધતિ

એક પ્રયોગ

સ્વાવલંબન એટલે શું?

પોતાની જરૂરિયાતો માટે પોતા ઉપર જ આધાર રાખી પોતાની જાત મહેનતે તે પ્રાપ્ત કરવી તેનું નામ સ્વાવલંબન. ખાદીનું સ્વાવલંબન એટલે પોતાને જરૂરની ખાદી પોતે જ સ્વહસ્તે પીંજણ, કંતામણ અને વણાટ કરી પેદા કરવી તે

આગ સ્વાવલંબી ખાદીના પ્રયોગો બિજોલિયા રિંગસ વગેરે બે ચાર સ્થળોએ આદરવામાં આવ્યા, અને તે ગ્રામ્ય પ્રદેશોમાં એનાં સારા પરિણામો મળવાથી બીજા પણ છૂટાછવાયા પ્રદેશોમાં તેવા જ પ્રયોગો શરૂ કરવાની અમને પ્રેરણા મળી.

ઉદ્દેશ

એક જ જગ્યાએ વસતા દોઢ બે લાખ માણસોની વસ્તી વાળા પ્રદેશમાં એવી જાતનું ખાદીપ્રચારકાર્ય કરવું કે જેથી કરીને મુખ્ય ધંધા ઉપરાંત સાથેસાથે ફુરસદની વેળાએ સૌ કોઈ પોતાના જ ઘરમાં બધી ક્રિયાઓ કરી પોતા માટે જરૂરી ખાદી બનાવી લઈ શકે, અને જો વધુ વખત મળી શકે તો વધુ બનાવી લોકોમા વેચી પણ શકે આ ઉપરાંત દેશકાલાનુચિત જીવનના બીજાં પણ કેટલાક ક્ષેત્રો ખેડવા અને ખીલવવા કે જેથી કરીને લોકો બને તેટલા સ્વાવલંબી બને, તેમની સર્વદેશીય શક્તિ વધે, તેમનામા શાન્તિ અને સંતોષ ફેલાય અને પરિણામે તેઓ સુખી થાય

પ્રદેશની શોધ

આવુ કાર્ય કરવા માટે પ્રદેશ પણ એવો જ હોય કે જ્યાં અત્યંત ગરીબી આળસ અજ્ઞાન, બીકણપણુ નિરાશા તથા જડતા વગેરે સૌ આસુરી સંપત્તિઓએ ઘર કર્યું હોય કારણ આસુરી સંપત્તિઓનો વિનાશ કરી અને બને તેટલે અંશે દૈવી સંપત્તિઓનુ સામ્રાજ્ય સ્થાપવુ એ જ ખાદીની આખી હિલચાલનો મુખ્ય હેતુ છે, અને તેમાં ખાસ કરીને સ્વાવલંબી ખાદીનો વિશેષ એ કાર્યને અંગે બીજો પણ કેટલોક વિચાર કરવાનો તે એ કે તે પ્રદેશમા કપાસનો પાક સારી પેઠે થતો હોય કે જેથી કરીને કપાસપ્રાપ્તિ માટે બીજાં સ્થળો ઉપર આધાર રાખવો ન પડે, જ્યાં અસલના સમયમા ખાદીક્ષેત્રનું અસ્તિત્વ હોય પણ હાલમા તે મૃતપ્રાય સ્થિતિમા હોય અથવા બિલકુલ અદૃશ્ય થયુ હોય જ્યા લોકોએ સાહુકારોના કર્જથી દબાઈ જઈ પોતાની જમીનજાગીર વેચી દીધી હોય અને સંપૂર્ણ નિરાશામય આર્થિક વાતાવરણ જામી ગયુ હોય હિન્દુસ્તાનના જુદાજુદા ભાગોના ખાદી સેવકોએ પોતપોતાને અનુકૂળ આવાં સ્વાવલંબી ખાદીસેવાક્ષેત્રો શોધી કાઢ્યા છે, અને ત્યાં ત્યાં પોતાની પ્રવૃત્તિ આદરી દીધી છે અમે અમારે અનુકૂળ બુંદેલખંડના સાગર જિલ્લામા આવેલા રહલી તાલુકાનો પ્રદેશ પસંદ કર્યો

કાર્યક્ષેત્ર

રહલી તાલુકાના અનન્તપૂર ગામમા ખાદીનિવાસ તો છે જ એટલે ત્યા ઉપર દર્શાવ્યા મુજબ કાર્યની શરૂઆત કરવામાં આવી એ ગામના ૧૯૯ ખેડૂતો પૈકી ૧૩૬ની જમીન કરજ પેટે હરાજી થઈ ચૂકી હતી એ ગામની આસપાસના પ્રદેશના ૧૯ ગામોમા ખાદીપ્રવૃત્તિને ફેલાવવામા આવી એ ગામોમા એકંદર આશરે દશ હજારની વસ્તી ગણી શકાય લોકો જેમ જેમ અમારી કાર્યપદ્ધતિ સમજતા જાય છે અને તેના લાભો અનુભવે છે તેમતેમ તેઓ એ કાર્ય પ્રતિ ખેંચાતા જાય છે, અને અમને ખાતરી છે કે સ્વાવલંબી ખાદી એ પ્રમાણે પોતાની ઉપયોગિતાનું ક્ષેત્ર વિસ્તૃત કરતી જશે

પ્રચારપદ્ધતિ

ગામેગામ ઘેરેઘેર ફરીને આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ સૌને અમે એવી સમજણ આપવા પ્રયત્ન કરીએ છીએ કે લોકો પોતાના ખેતી વગેરેના કામોમાથી નિવૃત્ત થઈ અવકાશની વેળાએ પોતાના ઉપયોગ જેટલી ખાદી તૈયાર કરી લે તો તેમનો કાપડને અંગે થતો ઘણો ખર્ચ બચી જાય સામાન્ય રીતે અમારી સ્વાવલંબી ખાદીની દલીલમા આર્થિક તત્ત્વ પ્રધાન હોય છે, પરંતુ તેના પેટામા નીતિ, ધર્મ, શાન્તિ, ઉદ્યમ, દયા, જ્ઞાન, હિમ્મત, સદાચાર આદિ ઉપાંગો પણ આવી જ જાય છે

અમારી વાત ન સમજનારાઓ સાથે અમે એકાએક વિવાદમા ઊતરતા નથી, તીવ્ર વિરોધ તેમજ વિશેષ આગ્રહ પણ કરતા નથી વારવાર તેમનામા ભળવાથી, અને આસપાસના બધા લોકોને સમજાવવાથી તેમજ તેમની સમક્ષ સક્રિય આદર્શ રજૂ કરવાથી તેઓ પોતાની મેળે જ સમજવા લાગે છે. કાર્યની અમોઘતા ધ્યાનમા રાખી અમે લોકો સાથે ઘણેભાગે ખાદી સબંધી જ વાતો કરીએ છીએ અને બીજા વિષયો ઉપસ્થિત થવા છતાં રખેને ખાદીના મુખ્ય બિંદુ ઉપરથી લોકોનુ ધ્યાન ખસવા પામે એ ભયથી તે ટાળવા અમે પ્રયત્ન કરીએ છીએ

કાર્યની શરૂઆત

આ પ્રદેશમા તા ૧૬મી નવેમ્બર ૧૯૨૯ને દિવસે આવ્યા આવ્યા તે પહેલાં કોઈ પણ માણસ સાથે અમારો કંઈ પણ પરિચય નહોતો, અને જેમની સાથે કંઇક ઓળખાણ યા પરિચય હતો તેમના તરફથી અમને જોઈતો સહકાર પણ ન મળ્યો

કાર્ય શરૂ કરીએ તે પહેલાં લોકોને અમારી ઓળખાણ આપવી અથવા અમારો પરિચય કરાવવો—એટલે કે અમે કોણ છીએ, કેવા માણસો છીએ, શું કરવા માગીએ છીએ, વગેરે સૌ જણાવવુ જરૂરી હતુ કારણ આમ પરિચય કરાવ્યા વિના ઘણીવાર કામમા બાધ આવે છે, અને પાકા પાયા

ઉપર કાર્ય જામી શકતુ નથી ખાસ કરીને આ વસ્તુ રચનાત્મક કાર્ય વિષે તો ઘણી જ સાચી છે લોકોના મનમાં સેવકો વિષે ગમે તેવા વિચિત્ર અને ન ઇચ્છવાજોગ વિચારો ઘર કરીને બેસે તો પછી સેવકો પોતાના કાર્યમા આગળ કેવી રીતે વધી શકે? આથી અમારો ટૂંક પરિચય આપી અમે અમારી સર્વ શક્તિ આરંભમા અનન્તપૂરમા જ એકાગ્ર કરી જોવાનો નિશ્ચય કર્યો

શરૂઆતના દશેક દિવસ તો શિક્ષણસ્થાન અને સરજામની ગોઠવણ કરવામા જ વીતી ગયા દરમિયાન પ્રચારકામ, એટલે કે બોધ અને શિક્ષણની રૂચિ પેદા કરવાનુ કામ તો અમે આવ્યા ત્યારથી ચાલુ જ હતુ પ્રથમ પીંજણ અને કાતણ શીખવવાનો આરંભ કર્યો

એક તરફથી આમ શિક્ષણકામ ચાલતુ હતું, તો બીજી તરફથી બાહ્ય પ્રચાર કામ પણ તેવી જ ધગશથી ચાલતુ હતુ લોકો પણ કેટલાક કૈતુકને વશ થઈને તો કેટલાક પ્રયોગને ખાતર, તો કેટલાક અમારા તરફથી ફેલાતી સમજણ અને પ્રચારથી ઉદ્‌ભવેલી જિજ્ઞાસાથી, એમ કોઈ પણ હેતુથી આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ બાળકો અને બાળિકાઓ સૌ

અસ્પૃશ્યોનો પ્રશ્ન

કોઈ આવતા લાગ્યા પ્રશ્ન માત્ર અસ્પૃશ્યોનો હતો એ વર્ગની સખ્યા અહીંઆ વસ્તીના ½ ભાગ જેટલી છે તેઓ શરૂઆતમા આવવાની હિંમત નહોતા કરી શકતા અને લોકો અમારાથી ભડકી ન જાય તેથી અમે પણ એ પ્રશ્નને ચાલચલાઉ પડતો જ મૂકેલો હતો પરંતુ થોડા દિવસ પછી તેઓ પણ આવવા લાગ્યા શિક્ષણ સમયે શિક્ષકો શીખવતા અને સમજાવતા તો હતા જ, પરંતુ સાથે સાથે બિજોલિયાની પેઠે અહીં પણ ચિત્રોદ્વારા પ્રચારકાર્ય કરવામા આવતું હતું

અધિકારી વર્ગ

અમારા આ ગામમા આવ્યા પછી થોડા જ દિવસમાં એ ગામના માલગુજાર અથવા જમીનદાર પણ ત્યાં આવ્યા એ ગામ ઉપરાંત એમનાં બીજાં પણ ૧૩ ગામો છે અમારા અહીં આવ્યાના ખબર જાણી એ ભાઈ બહુ ગભરાઈ ગયા હતા અને પહેલેથી જ અમારા વિષે ખરાબ અભિપ્રાય બાંધી ગામના લોકોને એમના ભારી વિરોધી વાતો કરવા લાગ્યા એમણે કહ્યુ કે અમારા અહીં આવવાથી અને રહેવાથી ગામના લોકો અને જમીનદાર બન્નેની કફોડી સ્થિતિ થશે લોકોમાથી બેચાર ભાઈઓ જેમને અમારામા કંઈક વિશ્વાસ આવ્યો હતો તેમણે એમનો ભ્રમ ભાગ્યો—ભાગવા પ્રયત્ન કર્યો પરંતુ તે જમીનદારને એ વાત ગળે ઊતરી નહિ

એ જ સમય દરમિયાન અમારા અહીં આવવાના સમાચાર રહલી વિભાગના પોલિસ અમલદારોને પણ પહોંચી ચૂક્યા હતા તદ્દન બહારના લોકો આમ અજાણ્યા પ્રદેશમાં રહી કોઇ પણ જાતના સ્વાર્થ વિના આવી રીતે કાર્ય કરે એનો હેતુ શો? એ વસ્તુ એમને પણ સમજાઈ નહિ એટલે અમારા વિષે પહેલેથી જ ખરાબ અભિપ્રાય બાંધી લઈને અમને પકડવા માટે એક થાણદાર પોલિસ અમલદાર સાથે આવી પહોંચ્યા

પોલિસ અમલદારે આવીને તરત જ જે જમીનદાર પહેલેથી જ અમારા વિષે બદગુમાન હતો તેને બોલાવ્યો અને ગામના મુખી લોકોને ભેગા કરી અમે તે ગામમાં શું શું કર્યું અને શું કહ્યું તે વિષેની હકીકત પૂછવા લાગ્યા. લોકોએ તો જેમ બન્યું હતું તેમ બરોબર કહ્યું કે અમે ગામલોકોને તેમને જોઈતાનું કાપડ ઘેર બનાવી લેવાનું અને તેને અંગે પીંજણ કાતણ, વણાટ વગેરે ક્રિયાઓ મફત શીખવવાનું કામ કરતા હતા પોલિસવાળાઓ એકદમ આવી સાદી વાત કેમ માને? એટલે એ તો ક્રોધમા ને ક્રોધમા અમારા કાર્યાલયમા આવ્યા અમે તેમને શાન્તિથી આવકાર આપી અને અમારો ઉદ્દેશ સમજાવ્યો અમારી માફકસર ખુલ્લા દિલની વાત સાભળી તેઓ શાન્ત થયા અને અમે તેમની સાથે બીજી કોઈ તીનપાંચ ન કરી તે જોઈ તેમને આશ્ચર્ય થયુ અમે તેમને જણાવ્યુ કે અમે અત્યારસુધીમા ન તો કોઈ જાતનાં વ્યાખ્યાનો આપ્યા હતા કે ન તો કોઈ જાતની બીજી અફવાઓ ઉડાવી હતી, અમે તો માત્ર અમારૂ સીધુસાદુ ખાદીનુ જ કાર્ય કર્યા કરીએ છીએ અને તે અહીંના ગરીબ લોકોને ઘણુ જ મદદરૂપી થઈ પડયુ છે કાર્યનો સારીપેઠે પ્રચાર થયે તેની સફળતાનુ મહત્ત્વ સમજાવ્યુ અને જે લોકો પીંજણ શીખી રહ્યા હતા તેમની પાસે થોડાક પીંજણના પ્રયોગો પણ કરાવી દેખાડયા પરિણામે થાણદાર પીગળ્યા અને આસપાસ બેઠેલા લોકો આગળ કાર્યની પ્રશંસા કરવા લાગ્યા, તેમજ તેમનાં માતુશ્રી ઘેર કેમ કાતતા હતા તે વગેરેનું દૃષ્ટાંત પણ આપ્યુ આમ ક્રોધે ભરાઈ આવેલા પોલિસ અમલદાર અને થાણદાર પ્રેમભીના થઈને પાછા ફર્યા અમારા મનમા સહેજે થયુ કે સ્વાભાવિક રીતે રાજદ્વારી વાતો પણ શાંતિથી તેમજ ક્રોધરહિત રીતે સમજાવવામા આવે તો સામા માણસને ગળે તે મહેનાઈથી ઊતરે છે અને આખરે તે ઇષ્ટ વસ્તુ છે એમ તે જણાવે છે આવી રીતે સરકારી અમલદાર તેમજ જમીનદાર તરફના ભયના વાદળો વીખરાઈ ગયાં

આના થોડાક દિવસ પછી રહલી તાલુકાના તહસીલદાર (મહેસૂલ વસૂલ કરનાર અમલદાર અથવા મહાલકરી, મામલતદાર) પણ કંઈક કામને અંગે અનંતપૂર આવી લાગ્યા. અને અમારા વિષે બધું પહેલેથી સાંભળી જાણી લઇ અમારા કાર્યાલયમા પણ તેઓ સાહેબ પધાર્યા તેમને સામાન્ય સાદડી ઉપર બેસાડી અમે અમારા કામની ઉદ્દેશની, સ્થાનિક ગરીબી વિગેરેની વાતચીત કરી અત્યાર સુધીમા થોડાક માણસો વણાટકામ પણ શીખી ગયાં હતાં અને ગામના એક બ્રાહ્મણ બહેન પાસે ખાદીના બે તાકા પણ તૈયાર થઈ ચૂક્યા હતા એ તાકાની બધી ક્રિયાઓ તેને ઘેર જ થઈ હતી. અને પ્રયાસ પ્રથમ છતા ખાદી ઘણી જ સારી નીકળી હતી ફુરસદના વખતમાં એ સઘળું કાર્ય થયેલું હોવાથી તે બહેનને એના એ તાકા કેવળ રૂના ભાવે જ પડ્યા હતા આ સર્વ અમે તહસીલદાર સાહેબને સમજાવ્યું પહેલાંના પણ કેટલાક નમૂનાઓ તેમને બતાવ્યા આમ તહસીલદાર સાહેબ અમારા કાર્યનું મહત્ત્વ સમજ્યા એટલે તેમણે લોકોને પણ તે સમજાવવા માંડયુ

ફરીથી પણ પાછા એકવાર તહસીલદાર સાહેબ ગામમા આવ્યા ત્યારે અમારા ખાદીનિવાસની મુલાકાત તેમણે લીધેલી, અને આજુબાજુના લોકોને ખાદીકાર્યમાં કેટલું સંકલિત સમાયલું છે, તે બાબત પણ ભાર મૂકીને સમજાવ્યુ આથી લોકોમાં વધુ ઉત્સાહ ફેલાયો અને વરસામાંવડેલી તો પોતે લોકો કાતણ પીંજણ, વણાટકામ વગેરે શીખી પોતાને ઘેર ખાદી ઉત્પન્ન કરવા પ્રેરાયા ખુદ તહસીલદાર સાહેબના ઘરમાં પણ આજે અમારી દેખરેખ નીચે ગણ રેંટિયા ચાલે છે

આમ તહસીલદાર સાહેબની સહાનુભૂતિથી મહમૂદ ઉપ-રાનદાર સાહેબની પણ અમારા વિષેની કેટલીક શંકાઓ દૂર થઈ અને તેમને શાંતિ વળતી જણાઈ

દરમ્યાન એક ભાઈ એવા આવી પહોંચ્યા કે જેમને વિષે અમારા મિત્રવર્ગમાં તે છુપી પોલીસના માણસ છે એવી શંકા હતી અને કદાચ તેમ હોય પણ ખરું પરંતુ અમે તો તેમને પ્રેમપૂર્વક ૧૧ દિવસ રાખ્યા ખાદીનું માહાત્મ્ય સમજાવ્યું અને ખૂબ પરિશ્રમથી કાંતણપીંજણ વગેરે શીખવી તેમને વિદાય કર્યા

સંગીન સરંજામ

ખાદીનો સરંજામ એવો છે કે સાધારણ સુથારીકામ જાણનાર કોઈ પણ વ્યક્તિ તે બનાવી શકે છે અને ગામડામાં તેવા સાધન પણ સહેલાઈથી મળી શકે છે આ સુથારીકામની પણ કેટલીક સમજૂતી અમે લોકોને આપી અને પછી તો અમારું કામ એટલું બધું વધી પડ્યું કે અમારે સ્થાનિક સુથારની મદદ લેવી પડી આટલું થયા પછી સુથારો પણ અમારી ઠરાવેલી ઉચિત મજૂરીથી રેંટિયા કરી આપવા લાગ્યા અને જોતજોતામાં સેંકડો રેંટિયાએ ગામમાં ઘર કર્યું તેમ છતાં પણ રેંટિયા માટેની માગણી એટલી વધવા લાગી કે સુથારો તે માગને પહોંચી વળી શક્યા નહિ એટલે અમે બીજા ૨૧ મજૂરો રોકી ૬૩ રેંટિયા તૈયાર કરાવ્યા આ મજૂરો મુખ્યત્વે કરીને ગોન્ડ અને ચમાર લોકો જ હતા

રૂા. ૮-૧૩-૩ માં રેંટિયો

રેંટિયાના ચાલુ ભાવ નીચે પ્રમાણે છે —

સાગવાનનો ૨૦ ઈંચી તાડીવાળો રેંટિયો

મજૂરી	લાકડું	લોઢાની લાટ	લોઢાની સ્થાય	ત્રાક
રૂા ૦–૮–૦	૦–૩–૦	૦–૧–૦	૦–૦–૩	૦–૧–૦

આ ઉપરથી કોઈ એમ ન ધારે કે આ ભાવ ઓછા ને સસ્તા છે લોકોની આર્થિક સ્થિતિ એટલી સસ્તી કિંમતે પણ રેંટિયા લઈ શકે તેવી નથી. સાવા, કુટકી તિવરા મહુઆ વગેરે ઘાસધાન્ય પણ જેમને એકવાર ભાગ્યે મળતું હોય તેમને ઉપરના ભાવે રેંટિયા વેચાતા લેવાનું કેમ રુચી શકાય?

રેંટિયા મફત

જ્યાં આવી અને આટલી બધી ગરીબાઈ અને નિર્ધનતા વ્યાપી રહી હોય ત્યાં રેંટિયાનો મફત પ્રચાર કેમ ન કરવો એવો પ્રશ્ન સ્વાભાવિક ઉઠે પરંતુ અમારે આ ૧૯ ગામોમાં જ ફક્ત કામ કરી બેસી રહેવાનું નહોતું અને એ ૧૯ ગામોમાં જ ફક્ત ગરીબાઈ છે એમ પણ નહોતું અમારો પ્રયત્ન અને અમારી કલ્પના તો એવી છે કે અમારે આ ૧૯ ગામોમાં જ એવી રીતે પ્રચારકાર્ય કરવું કે અહીં બધી તૈયારી થઈ ગયા પછી અમે માત્ર ઘેર બેઠાબેઠા જ આજુબાજુનાં ગામોની સર્વ મહેનતી હલાવીચલાવી શકીએ ચાર આના વાળા રેંટિયાનો પ્રચાર આ ગામોમાં જામી જશે તો આગળ પણ એનો વિસ્તાર સારી પેઠે થશે જ કોઈ પાસેથી ઉચક દાન લઈ મફત રેંટિયા આપવાનું કાર્ય બધે ન થઈ શકે અને બને ત્યાં સુધી લોકોમાં મફત લેવાની વૃત્તિ પેદા ન થાય એ જ ઇષ્ટ છે

જૂના રેંટિયા

આ પ્રદેશમાં અસલના રેંટિયાનો નાશ થયે હિંદના બીજા પ્રાંતોની માફક કંઈ ૩૦–૩૫ થી વધુ વર્ષો થયાં નથી એમ જણાય છે તે વખતના જૂના રેંટિયા આજે પણ ઘણાખરા ઘરોમાંથી મળી આવે છે એક ગામમાં ચમારોના ૧૫ ઘર છે જેમાંના ૧૦ ઘરોમાં આ જૂના રેંટિયા હજી છે પરંતુ આજે એ લોકોને ખાવાના પણ સાંસા પડે છે એટલે રેંટિયા જોઈએતેટલા સંગીન ન હોવા છતાં પણ અમે એ લોકોની ગરીબીનો ખ્યાલ કરીને એવા રેંટિયાથી પણ કામ ચલાવી રહ્યા છીએ જો કે એમાંના કેટલાક રેંટિયા ઠીક ચાલી શકે એવા પણ છે બાકીના તો જ્યારે ગામેગામ જ થશે ત્યારે બદલાશે આ જાતના ૧૨૫ રેંટિયા ગામના ઘરોમાં હશે પરંતુ રૂની અછત પણ એમની પ્રગતિમાં મુશ્કેલી નડી છે આશા છે કે કપાસ આવ્યા પછી એ અને બીજા પડી રહેલા સૌ સુવ્યવસ્થિત રીતે ચાલુ થઈ જશે

રૂનો પ્રશ્ન

રૂનો સવાલ પણ કંઈ મામૂલી નહોતો જો ગામમાં રૂ થતું હતું તેમાં પણ આ વરસે પાક ન જેવો થયો હતો તેથી વેચાતું લેવાની સગવડ નહોતી અને વખતોવખત જરૂરના પ્રમાણમાં વેચાતું લેવાની ઇચ્છા હોય તોપણ મળવામાં ઘણા નહિ કે બારે મહિના રૂ મળી શકે

કપાસનો પાક ઉતરવાના પહેલાં અમે અહીં આવી પહોંચ્યા હતા અને પાકઉતારના સમયે અમારા કામની શરૂઆત થઈ હતી એટલે જ અમારા સમજાવવાથી આગળ જતા લોકો રૂ લેવા પ્રેરાશે તો તેઓ તે ક્યાંથી લેશે એ પ્રશ્ન ઉભો થયો. બનતા સુધી અમારે એ લેવડદેવડની બાબતમાં ન પડવું પડે એમ અમારી ઇચ્છા હતી તેમ છતાં પણ આ વરસે માલ રૂ ન મળવાના કારણે જ અમારો વખત નકામો જાય એ ભયથી અમે પોતાના ખરચે થોડુંક રૂ વેચાતું લઈ રાખ્યું અમે વિચાર્યું કે જો આ વરસે ઓછામાં ઓછું એક ગામ પણ આદર્શ વસ્ત્રસ્વાવલંબી તરીકે તૈયાર થઈ જાય તો એ આજુબાજુનાં ગામડાંને પ્રત્યક્ષ પ્રમાણ અને દૃષ્ટાંત રૂપ થઈ પડશે, અને બીજે વરસે આસપાસના ગામડામાં લોકોને સમજાવવાનું અમારું પ્રચારકાર્ય સહેલું થઈ પડશે

અમારા પ્રચારકાર્ય વડે અમે લોકોને એટલું તો સમજાવી શક્યા કે ચાર રૂપિયાનું કાપડ લેવા કરતાં રૂપિયા એકનું રૂ લઈ ઘેર કાપડ બનાવવામાં દરેક રીતે ફાયદો સમાયેલો છે લોકોની ખરીદવાની શક્તિ ઓછી તો હતી જ એવી ગરીબીને લીધે અમારું કાર્ય આ વરસથી ઢીલું પડવા માંડે એ હેતુથી માત્ર અનન્તપુર ગામમાં જ ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિઓની મારફત તેમની જવાબદારી ઉપર થોડીક મુદતને માટે જ થોડું થોડુંક રૂ ઉધારે અપાવવાનો માર્ગ અમારે ગ્રહણ કરવો પડ્યો. અને આથી અમને પરિણામે લાભ તો થયો જ

અબાધિત પ્રચાર

આમ અમલદારવર્ગનો વિરોધ રેંટિયા, ત્રાક વગેરે સરંજામ અને રૂની મુશ્કેલીનો અંત આવ્યો દરમ્યાન આજુબાજુના પ્રદેશમાં અમારું પ્રચારકામ તો ચાલુ જ હતું રેંટિયા તૈયાર થઈ ચાલવા માંડ્યા હતા, અને લોકો પોતાના છોકરાછોકરીઓની મદદથી રૂ પીંજવા કાંતવા લાગ્યા. ઘેરઘેર જઈ કતામણ શીખવવાના પરિણામે સર્વત્ર રેંટિયાનો ગુંજારવ સંભળાવા લાગ્યો સૂતર તૈયાર થવા માંડ્યું તેમ તેમ વણાટ કામનું શિક્ષણ પણ આરંભાતું ગયું ખેડૂતોને પોતાને ઘેર જ રૂનું કાપડ બનતું જોઈ લોકોમાં તેની સારી અસર થઈ, અને એથી લોકોને અમારી વાત સમજાવવામાં અમને સુગમતા થઈ પડી

વણાટવ્યવસ્થા

બિજોલિયાના અનુભવ પરથી અમને માલૂમ પડ્યું હતું કે વણાટવ્યવસ્થાના કામમાં અમારી ઘણી શક્તિ ખરચાઈ જતી હતી એટલે અમે પહેલેથી જ માત્ર ઉપરથી સલાહકાર તરીકે રહી વણાટશિક્ષણ દાખલ કરાવ્યું હતું કારણ વણાટ માટે સ્થાનિક વણકરો ઉપર આધાર રાખવાથી વધારે વણકરી લેવી દિવસો સુધી વણી ન આપવું ખરાબ વણી આપવું, સૂતર રાખી લેવું અથવા તો બદલી લેવું ઇચ્છાનુસાર વણી

ન આપવું વગેરે મુશ્કેલીઓ અને અગવડતાઓ વણકરો તરફથી સહન કરવી પડતી આવા સજોગોને લીધે અહીં પણ બિજોલિયાની માફક અમારે જ વણાટવ્યવસ્થા હાથ ધરવી પડેલી આશા છે કે અહીં વણાટકામ કાતણકામ જેટલું વધુ પ્રચલિત થતા અમારુ કાર્ય અન્યસ્થળોએ પ્રચારવા અમને અહીંથી વહેલી મુકિત મળશ

ઉત્પત્તિ

અહીંની બેકારી અને ગરીબી એટલી બધી છે કે બને તો લોકો પાસે તેમની જરૂરિયાત ઉપરાત વધુ કાપડ તૈયાર કરાવી વેચવાની વ્યવસ્થા પણ કરી આપવાનો વિચાર છે કે જેથી ઉત્પત્તિ અને વેચાણનું કામ એક વખત સુવ્યવસ્થિત થતા અમારા ગયા પછી કોઈપણ સ્થાનિક વેપારી તેને અપનાવી શકે

સાર

પ્રચારક્ષેત્રનાં આ બધા ગામોમાં જેની જનસખ્યા લગભગ ૧૦૦૦૦ની હશે ત્યા અમારા પ્રચારકાર્યની એટલે સુધી અસર થઈ છે કે વાવણી થઈ ગયા પછી લોકો કતણ પીંજણ અને વણાટકામને પોતાની મેળે જ અપનાવવા લાગશે એકે હાલ તો બધે જ ટૂકા પ્રમાણમા કામ શરૂ કર્યું છે છતા અમારા પ્રચારનો હેતુ લોકોમા ઠીક ઠીક સમજાતો થઈ ગયો છે સુથાર, લુહાર વગેરેની સગવડો પણ જ્યા ત્યા મળી આવવા લાગી છે પીંજણશિક્ષણ ને સૂત્રપાત ઘણાખરાં ગામોમા થઈ ચૂક્યુ છે ૧૫-૨૦ માઈલના ઘેરાવામા કાર્યની અસર ચારે બાજુ ફેલાઈ ચૂકી છે કાર્યાલયના જન્મથી જ સંગીનતા પર વધારે ભાર મૂકવાથી કતામણ વગેરે કામો સારાં થાય છે અને ૮-૧૦ ધરોનું સૂતર તો બહુ જ સારુ આવે છે એક ઇંચમા ૮૦ તાર નાખી શકાય છે

પીંજણનુ કામ વૃદ્ધો અને ડોસીઓ તથા ૭-૮ વરસના બાળકો તથા બાળિકાઓ આનદપૂવક કરી સૌ આ કાર્યની સહેલાઈ સિદ્ધ કરી રહ્યા છે

અત્યારસુધીમા ૪-૩૫ માણસો વણાટકામ શીખી ગયા છે અને એમાના ત્રણ ચારને બાદ કરતાં સૌનું વણાટ સારુ છે પ્રથમના તાકાઓ જ તેમના સગીન વણાટકામનો ખ્યાલ આપે છે એક દશ વરસનો બાળક અને એક ૬૫ વરસનો ડોસો જેણે સૌ પરિશ્રમ ભર્યું કામ કરવુ છેડી દીધુ છે, તે બન્ને વણાટકામ શીખી ગયા છે અને એ કાર્યની સહેલાઈની પ્રતીતિ કરાવે છે

એક વાણિયાવેપારીનો મૂગો અને બહેરો ભાઈ પહેલે જ પ્રયાસે સારુ કાપડ બનાવી શક્યો જો કે આમા શિક્ષકના પરિશ્રમની સાથે એ મૂગાબહેરા શિષ્યની આત્મશક્તિના પણ વખાણ કરવા ઘટે છે

આ બધુ છતાં એટલું તો ચોક્કસ છે કે લોકોના લાબા સમયના જામેલા ગરીબી આળસ અજ્ઞાન વગેરેના થરોનો ઉચ્છેદ કર્યા વિના આ કામ જામી ન શકે પરતુ આ અવશ્ય એક દૈવી શક્તિનું કામ છે એટલે અમારી માન્યતા છે કે આજ સુધીના પ્રયાસને પરિણામે આ બદીઓના મૂળ ઊખડી તો જરૂર ગયાં છે

પ્રભુકૃપાથી અમે આગળ વધશુ જ

(મૂળ હિંદી ઉપરથી)

નોંધ

સ્વાવલબન પ્રચાર

શ્રી જેઠાલાલ અને એમના ખાદીપ્રચારક પાદરીમિત્રો હિંદુસ્તાનના જુદાજુદા ગ્રામ્ય સિમાડાઓમા જે ધગશથી ખાદીના સ્વાવલમ્બી તત્ત્વનો પ્રચાર કરી રહ્યા છે તે ખરેખર પ્રશસાપાત્ર છે બિજોલિયા રિંગસ અનન્તપૂર વિગેરે ક્ષેત્રો એમણે ઠીકઠીક ખેડયા છે અને ખાદીની સ્વાવલબી પદ્ધતિનો સારો પ્રચાર કરી તે તે ગ્રામ્ય પ્રદેશોને શુદ્ધ વસ્ત્રસ્વાવલબી બનાવ્યા છે ખાદીની સ્વાવલબન પદ્ધતિ—એક પ્રયોગ - વાળુ વર્ણન મૂળ એક હિંદી પુસ્તિકાના તરજૂમારૂપે છે શ્રી જેઠાલાલભાઈએ પોતાના મિત્રોની સહાયથી રહલી તાલુકા (બુદેલખડ) ના અનન્તપૂર ગામમા સ્વાવલબન પ્રયોગ કેવી રીતે શરૂ કરી પાર પાડયો અને એ જિલ્લાની આજુબાજુ આજે વસ્ત્રસ્વાવલબન કેવુ જામ્યુ છે અને જામતું જાય છે તે વગેરેનો વાચકને એ વર્ણન આબેહૂબ ખ્યાલ આપી શકશે, એટલું જ નહિ પરતુ એ દિશામાં કાર્યકર્તાઓને એ દરેક રીતે માર્ગદર્શક પણ થઈ પડશે શ્રી જેઠાલાલભાઈ જેવા ખાદી સ્વાવલબનના 'પાયોનિયરો' દેશના આગણેઆંગણે પાકો એ જ વ છના અને એ જ પ્રાથના.

વેચાણના આકડા

ઇ. સ ૧૯૩૧ ના નીચે પ્રમાણે જણાવેલા માસ દરમિયાન મુબઈમા થયેલા ખાદીવેચાણ

	ફેબ્રુઆરી	માર્ચ	એપ્રિલ	મે
ભડારનું નામ અને ઠેકાણુ	રૂા આ પા	રૂા આ પા	રૂ આ પા	રૂા આ પા
૧ ખાદી ભડાર ૩૮૬ કાલબાદેવી રોડ	૨૬ ૨૯૯-૨-૦	૩૧ ૮૧૫ ૧૦ ૦	૬૧,૦૧૦ ૧૦ ૬	૨૨ ૯૨૮-૩-૯
૨ ખાદી દુકાન ગીરગામ બૅક રોડ	૫ ૩૪૯-૯-૯	૩ ૫૮૪ ૧૦ ૯	૧૨ ૦૫ ૮ ૬	૩ ૪૬૨-૩ ૦
૩ શુદ્ધ ખાદી ભડાર મોરારજી ગો માર્કિટ	૩ ૫૮૮ ૧૨ ૩	૩ ૬૨૦-૦-૦	૩ ૭૦૩-૧-૦	૪ ૨૦૨-૬-૦
૪ „ , શાખા ન ૧	૧,૭૨૯ ૧૩ ૬	૧ ૮૫૦-૦-૦	૧ ૪૦૯ ૧૨ ૬	૧,૦૩૯ ૧૨ ૦
૫ શરજી વલ્લભદાસ ખાદી બજાર માડવી	૬ ૭૧૦ ૯-૬	૮ ૧૨૯-૨-૯	૪ ૧૮૮-૪-૬	૩ ૭૦૮ ૧૧ ૦
૬ ઝવેરી બજાર શુદ્ધ ખાદી ભડાર	૩,૭૬૯-૧-૬	૩ ૬૧૩-૬-૯	૨ ૦૪૬ ૧૪ ૯	૧ ૨૭૧-૬-૬
૭ સદર ખાદી ભડાર દાદર	૨ ૧૯૦-૦ ૦	૨ ૪૦૬ ૧૨ ૭	૨ ૫૧૫ ૦ ૭	૧ ૫૯૩ ૦-૦
૮ અ ભા ચ સંઘ ખાદી ભડાર, ગિરગામ	૧ ૮૪૬ ૦-૦	૧ ૫૭૯-૧-૦	૧ ૨૧૧-૦-૦	૧ ૦૬૪-૦-૦
મુબઈનાં એકદર વેચાણ	૫૧ ૪૮૨-૦-૬	૫૬ ૮૯૮ ૧૧ ૧૦	૮૮,૧૪૪ ૩-૯	૩૯ ૫૭૬ ૧૦-૩

વિ ૫ જે

'ખાદી એ સ્વરાજની જેમ આપણો જન્મસિદ્ધ હક છે, ને કેવળ તેનો જ ઉપયોગ આપણી આજન્મ ફરજ છે.' ગાંધીજી

કાપડના અનેક પ્રકાર
શુદ્ધ ખાદીમાં
મળે છે.

અખિલ ભારત ચરખા સંઘ
(વેચાણ વિભાગ)
ખાદી ભંડાર
૩૯૬ કાલબાદેવી રોડ મુંબઈ ૨
Tel 'Khadishop' Bombay

ખાદી અને ખાદીની વસ્તુઓને
ગામ મોકલવા માટે
પાર્સલ વ્યવસ્થા છે

દૂધમલ ધોયેલ

સફેદ — સુંદર — ખાદી

ખમીસ, પહેરણ સાડી ચાદર બ્લાઉઝ ફ્રાક વગેરે માટે

ટકાઉ — મજબૂત — સર્વોપયોગી

૧૦ વારનો તાકો — નાના મોટા પનામાં

પનો ઇંચ	જાત નંબર	તાકાનો ભાવ	વારનો ભાવ
૪૮	૫૪	રૂ ૭—૩—૬	રૂ ૦—૧૧—
૪૫	૫૦	રૂ ૬—૭—૬	રૂ ૦—૧૦—૬
૪૦	૪૫	રૂ ૫—૧૧—૬	રૂ ૦—૯—૩
૩૬	૪૦	રૂ ૫—૩—૦	રૂ ૦—૮—૬

— શરદી તથા ઠંડી માટે ગરમ કાપડ —

ડગલા પાટલૂન તેમજ ખમીસ પહેરણ માટે

— સંપૂર્ણ શુદ્ધ ગરમ ઊની કાપડ —

ડગલા – પાટલૂન માટે
ઘટ્ટ વણાટનું ચોતારી કાપડ
પનો ઇંચ ૨૭ – તાકામાં વાર ૧૨
કિં રૂ ૦—૧૩—૦ વારના

નૂતન ફ્લાલીન કાપડ
ખમીસ પહેરણ સાડી બ્લાઉઝ
વગેરે માટે ઉપયોગી
પનો ઇંચ ૨૧ – તાકામાં વાર ૧૨
કિં રૂ ૦ ૭ ૦ વારના

ચોમાસાની ઋતુ માટે
વૉટરપ્રૂફ

વૉટરપ્રૂફ ખાદી ચોતારી કાપડ—પનો ઇંચ ૩૬
એક વારની કિં રૂ ૧—૪—૦

— ખાદીના ઓવરકોટ —

વરસાદમાં પહેરવાલાયક
વૉટરપ્રૂફ ખાદીના લાંબા ડગલા
તૈયાર



ઓવરકોટનું માપ
છાતીનો ઘેરાવો
ઇંચ
૩૬ ૩૮ ૪૦ ૪૨

એક ઓવરકોટની
કિં રૂ ૧૨—૦—૦
આ જાત લાંબો વખત
થયા વપરાશમાં છે અને
સંતોષકારક કામ આપે છે
વરસાદમાં ભીંજાયા પછી
કોટને ખૂબ હલાવીને
ખંખેરી પછી તેને સુકવી
દેવામાં અથવા તડકે
સૂકવો

બહારગામના ગ્રાહકોએ તૈયાર ઓવરકોટ મંગાવતી વખતે છાતીના ઘેરાવાનું માપ લખવું

સસ્તા — ગરમ — ધાબળા

આ ધાબળા શરદી અને ઠંડીમાં પૂરતું રક્ષણ આપે છે તોએ મોટેભાગે ગરમાવો આપે છે ચાલુ મોસમ માટે ખાસ તૈયાર કરવામાં આવ્યા છે

શરદીની ઋતુમાં તથા ઠંડીમાં ઓઢવા માટે ધાબળા

આ ધાબળાઓની કોર તથા છેડાપર રંગીન ભાતકામ વણેલ હોય છે
ચોતારુ વણાટ–ઘટ્ટ પોત તથા બે પાટે વચમાં ઊનનો જ સાંધો

કાઠિયાવાડી ધાબળા—૨॥ વાર લાંબા અને ૪૬ ઇંચ પહોળા કિં રૂ ૩ ૬ ૦ થી ૩–૧૦– નંબના

કચ્છી કામળા બ્લાંકેટ—૨॥ વાર લાંબી ૫૦ ઇંચ પહોળી રૂ ૪–૪–૦ થી ૪ ૮ ૦ નંબના આ જ જાતના ડબલ બ્લાંકેટ—પા વાર લાંબું—આ બ્લાંકેટ ડબલ કરી ગડી વાળી ઓઢી શકાય છે કિં રૂ ૮–૮–૦

સીંધી ધાબળા-ધુસા—સુંદર નકશી કિનાર તથા પાલવવાળા અને ઘટ્ટ ડોકવણાટનું ચોતારી પોત ૩ વાર લાંબા ૫૪ ઇંચ પહોળા કિં ૫ ૧૦–૦ નંબના

કરાચી લહેરદાર ધાબળા—આ જાત ડિલ વણાટની છે કોર તથા છેડા રંગીન તગતગાટ વણાટના હોય છે, બે પાટે સીવેલા ૨॥ વાર લાંબા ૫૦ ઇંચ પહોળા દર રૂ ૫ ૧૨ ૦ થી ૬–૦ ૦ નંબના

ચોકડાવાળા બ્લાંકેટ—૨॥ વાર લાંબા ૫૪ ઇંચ પહોળા કિં રૂ ૬–૪–૦ થી ૬–૮–૦ નંબના

ગરમ આસન

એકદમ ઘટ્ટ પોતનું ઊની આસન દેવપૂજા માટે પણ ઉપયોગી શરદીની ઋતુમાં બેસવાનું ઉત્તમ સાધન
માપ: ૨૨ × ૨૨ ઇંચ કિંમત રૂ ૧–૧૪–૦ નંબના

તા ક — જથ્થાબંધ ખરીદનાર માટે ખાસ વ્યવસ્થા ખાદી ભંડાર પર પત્ર લખી વિગત મંગાવો.

'આ ખાદીની પ્રવૃત્તિને લીધે જ વ્યાપક સવિનય ભંગનો પ્રયોગ શક્ય થયો છે.' —ગાંધીજી.

ટાઢમાં ઉપયોગી

ગંજીફરાકના બદલે
પહેરવા માટે–ખાદી કાપડમાંથી
—સીવેલાં ગંજીફરાક—
પહેરણ, ખમીસની નીચે પહેરી શકાય છે.



ચિત્ર મુજબ
—સીવેલ ગંજીફરાક—
—મૂંઢા—
કિં. નંગના
રૂ ૦–૮–૬
ડઝનના રૂ ૬–૨–૦

તૈયાર ગળાનુ માપ ૧૩॥, ૧૪, ૧૪॥, ૧૫ ઈંચ

ખાદી કાપડના સીવેલાં
ઉરેબવાળાં ગંજીફરાક
આડું વેતરી સિવેલ હોવાથી શરીરને બધ બેસે છે.
અરધી બાંયનાં–ખભે બટન હોય છે.
કિં. રૂા. ૦–૧૨–૦ નંગના
,, ૮–૧૨–૦ ડઝનના

૪ આને વાર ખાદી

ધોયેલ
મજબૂત — ટકાઉ
પનો ઇંચ ૨૭
પહેરણ, ખમીસ, કોટ, પાટલૂન
દરેક કામમાં ઉપયોગી
૧ રૂપિયામાં ૪ વાર ખાદી

વરસાદ માટે છત્રી

રોગાન ચડાવેલ ખાદીની છત્રીઓ વરસાદમાં સારુ કામ આપે છે.
કિં. રૂા. ૨–૪–૦ એકના.
આ છત્રી ખાદીકાપડ પર રોગાન ચડાવી તૈયાર કરવામાં આવી છે.
ખાદીની છત્રીઓ હજુ અખતરારૂપે છે.

મુસાફરી માટે વોટરપ્રૂફ હોલ્ડ–ઑલ

સફરમા પથારી તેમજ બીજી સામાન્ય વસ્તુઓ રાખી શકાય અને વરસાદમાં ભીંજાય નહિ તેવી સગવડતાવાળી આ જાત મજબૂત કાપડમાંથી બનાવવામાં આવે છે.
માપ ૨૭ ઈંચ પહોળુ × ૭૨ ઈંચ લાંબું.
કિં. રૂા. ૧૧–૪–૦ એકના

કાશ્મીરની કુદરતી ઉત્પત્તિ

—મધ—
શાસ્ત્રીય પ્રયોગથી ગાળેલું
બાટલીમાં ભરી પેક કરેલું
૦॥। રતલની બાટલીની
કિં. રૂા. ૦–૧૫–૦

શુદ્ધ કેસર
પેક કરેલ બાટલીમાં

તોલા		કિંમત
૦॥	રૂા.	૦–૧૨–૦
૧	રૂા.	૧—૮–૦
૨	રૂા.	૩—૦–૦
૫	રૂા.	૭—૨–૦
૧૦	રૂા.	૧૪—૦–૦

છૂટું કેસર
૧ રતલના રૂા. ૫૨–૦–૦

પેકિંગ તથા મોકલવાનું ખર્ચ જુદું.

ડક વણાટની ચોતારી ખાદી

આ જાત હરેક રીતે પ્રશંસાપાત્ર નીવડી છે તેમજ ગ્રાહકો પસંદ કરે છે.
હાફ કોટ માટે ૩॥ વાર
લાંબા કોટ માટે ૪ વાર
પાટલૂન માટે ૨॥ વાર
આ જાત ખાસ ધોલાઈની છે. પનો ઇંચ ૩૪, તાકામાં વાર ૧૪.
જાત નં. ૪
કિં. રૂા. ૦–૧૦–૯ વારના
કિં. રૂા. ૯—૫–૩ તાકાના

સુતરાઉ સફેદ તથા રંગીન ખાદી

સસ્તી સફેદ ખાદી
ખમીસ પહેરણ માટે, દરરોજના ઉપયોગ અર્થે
પનો ઇંચ ૨૭, જાત નં. ૭૨૭, વારના રૂા. ૦–૩–૬

ડગલા પાટલૂન માટે
ચોતારી ખાદી—સફેદ ધોયેલ
પનો ઇંચ ૨૭, વારના રૂા. ૦–૬–૬

લજપત ખાખી ખાદી
ખમીસ, પહેરણ માટે—પનો ઇંચ ૨૭
કિં. રૂા. ૦–૫–૩ વારના

ખાસ ધોલાઈની સફેદ ખાદી
ખમીસ, પહેરણ તથા કોટ માટે
ખાદી નં. ૧ — તૈયાર છે
પનો ઇંચ ૨૭, દર રૂા. ૦–૭–૩ વારના

લજપત ખાખી કોટિંગ
કોટ, નિકર, પાટલૂન માટે
પનો ઇંચ ૨૭
કિં. રૂા. ૦–૯–૦ વારના

સૂચના—૧. બહારગામના ઓર્ડર વી. પી. થી મોકલાશે.
૨. બહારગામથી માલ મંગાવનારે ૨૫ ટકા જેટલી કિંમત ઓર્ડર સાથે અવશ્ય મોકલવી જોઈએ.
૩. એક આનાની પોસ્ટની ટિકિટો મળેથી નમૂનાઓ મોકલવામાં આવશે.
૪. બહારગામથી મંગાવનારે જોઈતી વસ્તુનું જરૂરી માપ લખવું.

સઘળો પત્રવ્યવહાર — ખાદી ભંડાર, નં ૩૯૬ કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨, એ સરનામે કરવો.
ગરમ કાપડનું ઉત્પત્તિકેંદ્ર :—અખિલ ભારત ચરખાસંઘ શ્રીનગર (કાશ્મીર); સરનામું અંગ્રેજીમાં કરવું.

તારનું સરનામું: KHADISHOP

અખિલ ભારત ચરખાસંઘ (વેચાણ વિભાગ)
ખાદી ભંડાર, ૩૯૬, કાલબાદેવી રોડ મુંબઈ નં. ૨.

પ્રકાશક:—મનુભાઈ મગનલાલ વૈદ્ય, 'ખાદી પત્રિકા' ઑફિસ, રીડ રોડ, અમદાવાદ

યંત્રયુગમાં સર્વોત્તમ

Regd. No. B.2339.
ખાદીભંડારના સંગઠનના સમારંભોને માટે

ખાદી પત્રિકા

પાનાં ૭

[માસિક]

પુસ્તક ૪] તંત્રીઃ વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૮

મુદ્રક : મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ, સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ, પાનકોરનાકા, અમદાવાદ.

અમદાવાદ, સંવત ૧૯૮૭ના આષાડ વદ ૩
શનિવાર, તા. ૧, ઑગસ્ટ, ૧૯૩૧

વાર્ષિક લવાજમ :
દેશમાં રૂા ૦-૮-૦
દેશાવર રૂા ૧-૦-૦

કાશ્મીરમાં ઊની ખાદી

ચરખાસંઘની કાશ્મીર શાખાનું ૧૯૩૧ના માર્ચની ૩૧મી તારીખે ત્રીજું હિસાબી વર્ષ પૂરું થાય છે, તે અરસામાં થયેલ કામના આંકડા નીચે મુજબ છે

	જુલાઈ ૧૯૨૮ થી જાન્યુઆરી ૧૯૨૯	ફેબ્રુઆરી ૧૯૨૯થી માર્ચ ૧૯૩૦	એપ્રિલ ૧૯૩૦થી માર્ચ ૧૨૩૧
સરેરાશ મૂડી	૩૦,૦૦૦	૫૦,૦૦૦	૧,૦૦ ૦૦૦
ઉત્પત્તિ	૬૪,૮૮૩	૧,૮૭,૦૫૯	૨,૩૭,૨૬૭
વેચાણ	૫૫,૮૪૧	૧,૪૫,૪૨૭	૨,૮૭,૮૦૪
*કારીગરોને મહેનતાણું	૪૬,૧૨૯	૧,૩૧,૧૨૭	૨,૦૫,૪૦૮
માણસોના પગાર	૯૨૨	૪,૨૭૫	૬,૯૦૧
કુલ નફો	૨,૬૦૪	૧૭,૪૮૨	૨૨,૨૨૭
વ્યાજ	. . .	= ૧,૯૭૩	× ૫,૬૭૯
ખર્ચ	૨,૩૧૪	૧૫,૫૦૯	૧૬,૩૫૪
ચોખ્ખો નફો	૨૯૦	. . .	૧૯૩

* કારીગરોના મહેનતાણાની રકમ સીધી અમે આપી એવુ નથી પણ અમારા કામને અંગે કાશ્મીરમાં મહેનતાણાની ખરચી તેની ગણતરી છે.

= આ વરસમાં છ ટકા વ્યાજ ગણતાં રકમ ઘટવાથી આગલા વરસનો નફો રૂા ૨૯૦) આમાં ઉમેરી આપી દીધો.

× રોકાયેલ મૂડી ઉપર ૭ ટકા લેખે.

અમારુ મુખ્ય મથક શ્રીનગરમાં છે, અને પાપુર, હસ્તિ-ખોડ અને બિજબિહારા એમ ત્રણ સ્થળે શાખાઓ છે ચારે સ્થળોએ કુલ ૩૦–૩૫ ગામડામાંથી માલ પહોંચે છે શ્રીનગરમાં શેઠ જમનાલાલજીને હાથે ખોલાયેલ એક સ્થાનિક વેચાણ માટે દુકાન ચાલે છે તેની વ્યવસ્થાનુ કામ શ્રી શારદાબહેન કોટક સંભાળે છે. આ દુકાનને બે મોસમ પૂરી થઈ. પહેલીમાં તેનું વેચાણ રૂા ૧૮,૫૧૨ હતું, અને બીજીમાં રૂા. ૩૧,૪૮૪. આ દુકાનને સ્થાનિક કેટલીક અડચણોનો સામનો કરીને કામ કરવુ પડે છે, છતા તે દિનપરદિન પોતાની શાખ જમાવતી જાય છે, અને નુકસાન વગર ચાલે છે

કાતનારીઓ સાથે અમારે સીધો સબંધ નથી, પણ જે જે સ્થળે ઘેટાનું ઊન સારુ થાય છે ત્યાંના વેપારીઓ સાથે અમારે જોઈતી કાતવાની ગોઠવણ કીધી છે વિશ્વાસપાત્ર વગેરેને પણ અને રૂપિયા આપી દઈએ છીએ તો તેઓ પોતાની કાંતેલ ઊન મેળવી લે છે.

કાશ્મીરમાં ... છે, અને બે જાતના ઊન કંતાય છે એક કાશ્મીરી ઘેટાનું ઊન' અને બીજુ તીબેટના બકરાનું 'પશ્મીનો.' ઊન ... ગામડામાં કંતાયવણાય છે, અને પશ્મીના શ્રીનગરમાં ... નો સાધારણ આંક (સૂતરના આંક સાથે સરખાવતા) ૧૫ કતાય છે તે બારીકમાં બારીક ૪૦ સુધી અને જાડામાં જાડુ ... આંક સુધી પણ કતાય છે

પશ્મીના સાધારણ રીતે ૨૫ આંકનો અને ૧૦થી માંડી ૧૫૦ આંક સુધીનો કતાય છે. કાશ્મીરમાં કાંતવાની કળા ખૂબ જીવત રહી છે. જો કાશ્મીરની બહેનો પાસે પૂરેપુરુ કામ લેવાની સગવડો હોય તો તેઓ આખા હિંદુસ્તાનને કાપડ પૂરુ પાડે એવી શક્તિ અને ઉદ્યમ તેમનામાં ભરેલા છે

ગામડાની વસ્તીનો મોટો ભાગ ખેડૂત છે. તેમનામાં ઘણાખરા પાસે થોડાઘણા ઘેટાં હોય છે. જથ્થામાં ઘેટા રાખનારા રબારી જેવા બીજા હોય છે. લગભગ દરેક ખેડૂત વણવાનું કામ જાણે છે અને તેની પાસે સાળ હોય છે. લગભગ દરેક કુટુંબ પોતાપૂરતું ગરમ કાપડ કાંતીવણી લે છે, અને વધારાનું વેચી નાખે છે. ગામડાના વણકરમાં વણાટની કળા અદશ્ય રીતે ભરેલી છે. પણ ઉત્તેજનને અભાવે તે ખેડાયેલી નથી. શરૂઆતમાં અમારે કેટલાક વણકરોને માલની સગીનતા, રંગોનાં મિશ્રણ અને નવીનવી તરાહો શીખવવા પડ્યા હતાં. પણ તેમણે એ કામ એટલું જલદી ઉપાડી લીધુ કે થોડા વખતની ભુલાયેલી વાત જાણે જરા યાદ જ કરવી પડી હોય. અને એ થોડા પાસેથી બીજાઓમા એવો જલદી ચેપ ફેલાયો કે અમારે આંગણે કામ માગવા વણકરો ઊભરાવા લાગ્યા. પરંતુ એટલુ કામ આપવાની અમારી અશક્તિએ ઘણાને નિરાશ કર્યા.

કાંતવાવણવાની કળા હમેશા નાનામોટા પ્રમાણમાં જીવત રહેલી હોવાથી તેમાં તથા તેને લગતા હુન્નરોમા આજે પણ ખૂબ કળાકૌશલ્ય ભરેલાં છે. ૬૭ થી ૭૨ ઇંચ પનો ટચલી આંગળીની વીંટીમાંથી નીકળી જાય એવુ આપણે દંતકથા રૂપે માનતા. આજે કાશ્મીરની વૃદ્ધ કાંતનારીઓ અને વૃદ્ધ વણનારીઓ ખૂબ ધીરજપૂર્વક આવી ચીજો કાતીવણી શકે છે.

કાપડને લગતા બીજા હુન્નરોમાં મુખ્ય ભરતકામ, રફુ, વાટ અને મલીદો છે. ભરતકામ માટે કાશ્મીર જમાનાઓથી મશહૂર છે. આ કળા કેટલાક વર્ષો પહેલાં કેવી ખીલેલી હતી તે તે વખતની જૂની ચીજો જોતાં જણાઈ આવે છે. આ કળાનો કેમ નાશ થયો તેની ચોકસ માહિતી મળતી નથી. છતા આજની પતિત દશામા પણ કળામય ભરતકામ થઈ શકે છે રફુ અને વાટ એ એવા કામો છે કે તેનાથી અકસ્માતથી દાઝેલ, ફાટેલ કે તૂટેલ કાપડ ન જાણી શકાય તેવી રીતે દુરસ્ત થઈ શકે છે. અને મલીદાથી જૂનું વપરાયેલ કાપડ ભીંડાયાઈને ઘટ્ટ અને મજબૂત બનાવી ફરી વાપરી શકાય છે કાશ્મીરના ઊનમા અદ્વિતીય ચીકાશ હોવાથી અને તેથી તેના કાપડ ઉપરની ક્રિયાઓ સરસ રીતે થઈ શકતી હોવાથી કાશ્મીરનુ ગરમ કાપડ ખૂબ લાંબા વખત સુધી વાપરી શકાય છે.

ચરખાસંઘની સીધી દેખરેખ નીચે નીચેની મુખ્ય જાતો બને છે –

(૧) વણાટકામની અને ભરતકામની પશ્મીનાની શાલો, (૨) આલવાન, તાફતા, તુશ વગેરે જાતોનું સાદુ કાપડ, (૩)

પશ્મીના શર્ટિંગ અને કોટિંગ (૪) પશ્મીનાની કામળો અને ચારખાના રંગ, (૫) ઊની પટ્ટુ (૬) ટવીડ, (૭) ઊની કામળો અને ચારખાના રંગ (૮) મનીદા કાપડ વગેરે

આમાની ઘણીખરી જાતો ચરખાસંઘની શાખા ખોલાયા બાદ બનાવાઈ છે અને કેટલીકને અશુદ્ધતામાથી શુદ્ધતામા લાવી ગપડની જાતોમાં સુધારા કીધા છે જેમજેમ આમાં ફેરફારો થતા જાય છે તેમતેમ લોકોનુ આકર્ષણ વધતુ જાય છે અને આજે એ સ્થિતિ છે કે અત્યારની મૂડીથી કામ કરવુ મુશ્કેલ થઈ પડયુ છે. ઉપર આપેલ આકડાઓ ઉપરથી જોઈ શકાશે કે જેમજેમ મૂડી મળતી ગઈ તેમતેમ કામનો વિસ્તાર વધતો ગયો અને ત્રણ વરસના અનુભવ પરથી એમ લાગે છે કે જો ઓછામાંઓછી પાચ લાખની મૂડી તત્કાળ મળે તો વગરનુકસાને દશ લાખની ઉત્પત્તિ અને વેચાણ કરી શકાય અને તેમ થાય તો કેટલાક પ્રમાણમા કાશ્મીરના ખેડૂતોનો નકામો જતો વખત કામમા લઈ શકાય, અને કેટલાક પ્રમાણમા દિનપ્રતિદિન કાશ્મીરમા ધોધમધ આવતા અને આવીને કાશ્મીરીને નામે વેચાતા વિદેશી ઊનના વેપારને અમર પહોચાડી શકાય

(નવજીવનમાથી) હ૦ મ૦ કોટક

કેરલની બહેનો પ્રત્યે

તા ૩–૫–૩૧ ને દિવસે બાડાગરે મુકામે ભરાયેલી શ્રી કેરલ પ્રાતીય મહિલા પરિષદના પ્રમુખપદેથી આપેલા શ્રી પદ્માવતી આશરના ભાષણમાથી નીચેના ફકરાઓ લીધેલા છે –

“કેરલમા સામાન્ય રીતે સ્ત્રીઓ સુશિક્ષિત અને બુદ્ધિશાળી છે કાતણકામ માટે તેમને સારી સગવડો પણ છે તેઓ પોતે પોતાનુ રૂ પીંજી શકે અને તેને કાતી સૂતર પણ કાઢી શકે, અને વણકરોની તો ખોટ જ કયા છે?—દેશભરમા ઠેકઠેકાણે જોઇએ તેટલા વણી શકે છે વિશેષમા વળી તમારો સાદો પોશાક અને તમારી સાદી રહેણીકરણી ખાદીને માટે ખાસ અનુકૂળ છે બીજા પ્રાતોની આપણી બહેનોને તો લાબી અને જાતજાતની ભાતીગર સાડીઓ જોઈએ છે જ્યારે તમને એવી ચિત્રવિચિત્રતાનો ખાસ શોખ નથી. તેટલા માટે કેરલ માટે ખાદીનુ પહેરણ ખરેખર મનમાન્યુ, મનગમતુ અને માનવન્તુ છે

× × ×

‘ ઉત્તર તરફની મહિલાઓ જેથી વંચિત છે તેવી હરવાફરવાની પૂર્ણ સ્વતત્રતા તમે ભોગવો છો, અને વળી તમારુ ગૃહિણીપદ તો કઇ ઓર જ કોટીનુ છે ! આથી તમારા દેશના ભાવિ કલ્યાણ અને ઉન્નતિમા પણ તમારી જવાબદારી તેટલી જ વધી છે

× × ×

‘ હિંદની સ્ત્રીઓ ત્યાગ અને સહનશીલતાની મૂર્તિરૂપ છે સમય આવ્યે તે પોતાના પ્રિય પતિ દેશને માટે શો ભોગ નહિ આપે ? જ્યારે તમે આમ એક દિશામા આવા આત્મભોગ આપી શકો છો, તો તે જ નમાને તમે બીજી પ્રવૃત્તિઓમા પણ તેટલી જ સગરાથી ઉતરી શકો છો એથી જ્યારે હુ આ ઉદ્‌ગારો મારી કેરલની બહેનો પ્રતિ કાઢુ છુ ત્યારે શું મારે તેમને પુરાણા સદ્‌ગુણો – ત્યાગ ભોગ, સહનશીલતા વગેરેને ઉદ્દેશીને એવુ કહેવાની જરૂર છે ખરી કે તેમણે તેમના એ જ સદ્‌ગુણોનુ દર્શન દેશની સેવામા પણ કરાવવુ ઘટે છે?’

નોંધમાળા

બહેન પદ્માવતી આશર

જામનગર રાજ્યના સુખી ભાટિયા કુટુબની અદર ઊછરેલ આ વીરાગના હિંદુ રૂઢિચુસ્ત રિવાજોને પાળતી દક્ષિણના એ દૂરના ભાગમા એક શાહસોદાગરની પત્ની છે

દક્ષિણની અંદર પણ વસી રહેલા ગુજરાતીઓ કેટલીક એવી કડક રૂઢિઓને પાળે છે કે પોતાના પતિ સાથે ઘરથી બહાર નીકળવુ અથવા કોઈ જાહેર મેળાવડામા ભાગ લેવો એ ગુજરાતી હિંદુબાઈથી બની જ ન શકે

આવા સંજોગો વચ્ચે રહેલ શ્રી પદ્માબહેન દક્ષિણના એ દૂરના પ્રદેશમા જેલ વહોરવાની હિંમત કરે એ બહુ ભારે વસ્તુ ગણાય. તેમની આ હિંમતના કારણે તેઓ ત્યાના ગુજરાતીઓમાં નવું જોમ જમાવી શક્યા, જેથી એમણે ખરે ટાકણે દેશની ભારે સેવા કરીને અસહકારની લડતને દક્ષિણના દૂરના પ્રદેશમાં જોમ આપ્યુ

આ માટે તેમને તથા તેમના પતિ શ્રી પુરુષોત્તમદાસ આશરને બહુબહુ અભિનદન ઘટે છે, અને દક્ષિણના ગુજરાતીઓ તરફથી એમને એમના જેલવાસ પછી જેજે માનપત્રો મળ્યા છે તેમા પણ રૂઢિના આ અવળા બધનો ખખેરવા પ્રત્યે ગુજરાતીઓની સહાનુભૂતિ માગી છે તેમજ વધુ ગુજરાતી બહેનો એવા દેશકાર્યો પ્રત્યે પ્રેરાય એ પ્રકારની વાછના એમણે પ્રદર્શિત કરી છે

મુબાઈમાં ખાદી વેચાણ

મુબાઈમા ગયા જૂન માસમા થયેલા ખાદીવેચાણના આકડા –

૧ ખાદી ભડાર ૩૯૬, કાલબાદેવી રોડ	રૂ ૨૮૨૦૮–૫–૬
૨ ખાદી પ્રિન્ટિંગ ઍન્ડ ડાઇંગ વર્કર્સ ગિરગામ	૪૧૦૩–૭–૬
૩ શ્રી વલ્લભદાસ ખાદી બજાર માડવી ,	૫૫૭૭–૬–૩
૪ શુદ્ધ ખાદી ભડાર, મોરારજી ગોકળદાસ માર્કેટ ,	૨,૨૫૧–૯–૦
૫ શુદ્ધ ખાદી ભડાર શાખા નં ૧ ,	૬૧૦ ૧૧ ૬
૬ દાદર ખાદી ભડાર દાદર ,	૧૮૫૩–૦–૩
૭ અ ભા ચ સઘ, ખાદી ભડાર, ગિરગામ ,	૧,૧૬૪ ૧૩-૯
કુલ રૂ	૪૩૭૬૯–૫–૯

ચ. સ. વ ખાદીકાર્યાલય–ચલાળા

ખાદીયુગના જન્મકાળ વખતે જનતાને જો કાઈ પણ ઉપયોગ અર્થે ખાદી જોઈતી તો તે ફક્ત કાઠિયાવાડ–અમરેલી ની ૨૭ ઇંચ પનાની ખાદી જ મળતી ખાદીની ગાસડી આવે અને ખોલીને વેચાણ માટે મેજ પર મૂકતાં જ ગ્રાહકોની જે તૂટ પડતી તે દૃશ્ય તો કઈક અજબ જ હતુ સાડી અને ધોતી માટે બારીક જ વસ્તુ જોઈએ તે ભાનમ તે સમયે વિસરાયુ હતું અને જેવી મળે તેવી ખાદીથી ચલાવી લેવા જનતા તત્પર હતી પછી તો મનુષ્યના દરેક રંગઢંગને પોષતી ઝીણી પાતળી, મોટા પનાની ખાદી મળવા લાગી અને ગુજરાતના આ ખાદીરૂપી બાળકને તરછોડાયુ, બીજી જાતોને મૂકામને તે જાદુ લાગવા માડયુ આ રીતે આ ખાદી વિકસી શકી નહિ પ્રોત્સાહનના અભાવે વિરમાઈ નથી

આજે કાઠિયાવાડમા વરસાદની મેચ છે અને લોકો કામ ધધા વગર બેઠા છે તે સમયે કાઠિયાવાડનુ આ ખાદી કાર્યાલય લોકો પાસે કાર્ય માગી રહ્યુ છે તેમની પાસે ખાદીનો ભરાવો થયેલ હોવાથી મૂડીના અભાવે કાર્ય આપવા તગ થતુ રહ્યુ છે આ સમયે સહુ ગુજરાતી ભાઈઓની ફરજ છે કે તેમનો જથ્થો ખપાવી દઈ પોતાના ભાઈબહેનોને થોડુક પણ કામ આપી રાહત આપવી

આ ખાદીની વસ્તુઓ શુદ્ધ ખાદી ભડાર ચલાળા (કાઠિયાવાડ)થી સીધી મગાવવાથી મળી શકશે, તમની પાસે રૂ ૦–૫–૦ થી ૦–૮–૦ વારના ખાદીના તાકા જાજમ, ખોળિયાં વગેરે અનેક જાતોભાતો છે, અને ખાદી કોટ, ટોપી પાટલૂન પહેરણ વગેરે કાર્ય માટે ઉપયોગી ખાદી પણ મળી શકે છે

નિ૦ વ૦ જો૦

'યંત્રયુગમાં પણ એ જ સર્વોત્તમ'

(રિચર્ડ ગ્રેગના 'ઇકોનોમિક્સ ઑફ ખાદી'નો ગુજરાતી અનુવાદ—'ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર' પ્રકાશક કાકા કાલેલકર, ગુજરાતવિદ્યાપીઠ અમદાવાદ કિંમત રૂા ૦ ૧૨–૦ એ પુસ્તકનું અવલોકન)

"રેંટિયો એક યંત્ર છે અને સૂર્યનો તાપ એ બળતણ કરતાં પણ ભારે મંચય છે એનો ઉપયોગ કરવો એ પાછળ હઠવા જેવું અથવા સ્થિર રહેવા જેવું નથી, પણ બહુ જ ડહાપણભરેલું પગલું છે હિંદને વધારે ખર્ચાળ કારખાનાં અને મિલોની જરૂર નથી પણ બેકાર રહેતી મનુષ્યશક્તિને જલદી કામે લગાડવાની જરૂર છે —રિચર્ડ ગ્રેગ

રેંટિયા સામે મોટામાં મોટી દલીલ એ છે કે આજના યંત્રયુગમાં તે ચાલી શકે એમ નથી થોડા જ વખતમાં પુષ્કળ કામ આપનાર યંત્રોને છોડી દઈ બહુ વખતમાં થોડું કામ આપનાર રેંટિયાનો પ્રચાર કરવો એ ઉદ્યોગીઓની દૃષ્ટિએ પ્રગતિનો કાંટો અવળો ફેરવવા બરાબર છે પરંતુ આ મોહક લાગતી દલીલનો બહુ સચોટ જવાબ રિચર્ડ ગ્રેગે પોતાના પુસ્તકમાં આપી દીધો છે એમણે પોતાનું ઇકોનામિક્સ ઑફ ખાદી ૧૯૨૮માં બહાર પાડ્યું પરંતુ ગુજરાતી જનતા માટે એનો અનુવાદ છેક ૧૯૩૧ મા મળે છે ખાદીપ્રવૃત્તિ તો ગુજરાતવિદ્યાપીઠની પ્રિય પ્રવૃત્તિ છે આમ છતાં એ વિષયને લગતા આવા સુંદર પુસ્તકનો ગુજરાતી અનુવાદ આટલો બધો મોડો બહાર શા માટે પાડ્યો એ સમજી શકાતું નથી ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થા માટે આ ઢીલ ક્ષમ્ય કેમ ગણી શકાય?

પરંતુ પુસ્તકના અનુવાદનું અતિ મોડું પ્રકાશન પણ ગુજરાતની જાણ વધારી જ લેશે અનુવાદમાં અનુવાદકોએ બહુ ઉપયોગી બીજી માહિતી આપી છે અને તેમાંયે છેવટના પરિશિષ્ટમાં ખાદીસાહિત્યની અતિ વિસ્તૃત સૂચી આપી પુસ્તકની ઉપયોગિતા ઠીક વધારી છે

ઉપોદ્ઘાત

કાકાસાહેબે લખીને ગ્રંથનું રહસ્ય એમને સહજ એવી રસિક તથા શાસ્ત્રીય શૈલીમાં સમજાવી દીધું છે નિવેદનમાં અનુવાદકોએ ખાદીએ ગયા વર્ષમાં કરેલી અસાધારણ પ્રગતિના છેવટના આંકડા આપી પુસ્તકમાં ચર્ચેલા ખાદી અર્થશાસ્ત્રને વ્યવહારુ દૃષ્ટિએ સરસ પોષણ આપ્યું છે અનુવાદમાં શાસ્ત્રીય ભાષાને સરળ રાખવાના ઠીક પ્રયાસો થયા છે આવા શાસ્ત્રીય પુસ્તકને અંતે જો વિષયસૂચી પણ આપી હોત તો અભ્યાસીઓને પુસ્તકનો ઉપયોગ સરળ થઈ પડત

ખાદીના વ્યાપક અર્થશાસ્ત્રમાં ચર્ચેલી વસ્તુ એટલી બધી ઝીણી વીગતોથી ભરેલી છે કે ગમે તેટલું સુંદર અવલોકન ગ્રંથની બધી ખૂબીઓ ન વર્ણવી શકે રેંટિયા અને ખાદી વિષે રિચર્ડ ગ્રેગે એટલીબધી સચોટ અને સરસ દલીલો રજૂ કરી છે કે વિરોધીઓની ટીકાઓને એમણે નિરર્થક બનાવી દીધી છે પરંતુ એ કંઈ ખાદીના વ્યાપક અર્થશાસ્ત્રની વિશેષતા નથી રિચર્ડ ગ્રેગની વિશેષતા તો એ છે કે ખાદીનું અર્થશાસ્ત્ર એમણે બહુ જ શાસ્ત્રીય ઝીણવટથી તપાસ્યું છે એ શાસ્ત્રીય ચર્ચા પાછળ કર્તાનો વિશાળ અનુભવ, ઊંડો અભ્યાસ અને સૂક્ષ્મ અવલોકનશક્તિ એટલા બધા પ્રમાણમાં પડેલા છે કે એ પુસ્તકમાં રજૂ થયેલા અનુમાનો પ્રમાણભૂત લેખી શકાય છે

આજના યંત્રયુગમાં પણ પોતાનો વિજયવાવટો ફરકાવી રહેનાર રેંટિયામાં એવી તે કઈ શક્તિ પડી છે કે આજની વૈજ્ઞાનિક શોધની છેલ્લી કસોટીમાંથી પણ તે પસાર થઈ શકે છે? રેંટિયામાં પડેલી શક્તિ વીગતો ક્રમ સામાન્ય જનતા એકાએક સમજી ન શકે છતાં એ વીગતો સમજી લેવાની જરૂર છે રેંટિયામાં પણ યંત્રયુગના અનુભવોનાં સાચા તત્ત્વો સમાયાં છે એને દાખલો ગ્રંથકર્તાએ કરી છે, અને એ તત્ત્વો એટલી સુંદર રીતે એમાં સચવાયાં છે કે રેંટિયાને આજના યંત્રયુગના પ્રધાન સૂર તરીકે સ્વીકારવામાં વાંધો ન આવે.

(૧) પ્રથમ તો ગ્રંથકર્તા આપણને બહુ મનોરંજક રીતે સમજાવે છે કે રેંટિયામાં જ યંત્રયુગનું સાચું રહસ્ય સમાયું છે 'ફૉર્ડ' મોટરકારથી વિશ્વવિખ્યાત થઈ પડેલા હેનરી ફૉર્ડ તો યંત્રજગના પાકા અનુભવી લેખી શકાય. એવા અનુભવી જ માને છે કે 'શક્તિનો યોગ્ય ઉપયોગ એ જ મહત્ત્વની વસ્તુ છે યંત્ર તો ગૌણ છે' આજના જળયંત્રો તથા વરાળયંત્રો પોતાની શક્તિનો યોગ્ય અને પૂર્ણ ઉપયોગ આજે કરી શકતા નથી કારણ કે એમાં પડેલી સૂર્યશક્તિનો માત્ર ૧૨॥ ટકા અંશ વપરાશમાં આવે છે પરંતુ મનુષ્યમાં ખોરાકને લીધે સંગ્રહિત થતી સૂર્યશક્તિના ૩૦ ટકા જેટલું કામ તે આપી શકે છે રેંટિયાની ત્રાક સાથે મનુષ્યરૂપી યંત્રો જોડાય છે તો એ ત્રાક વધારે કામ આપી શકે છે વરાળયંત્ર સાથે જોડાયેલી ત્રાક એથી ઓછું જ કામ આપે છે ભારતદેશની વર્તમાન પરિસ્થિતિમાં તો આ યાંત્રિક સત્યનું આવિષ્કરણ વિશેષ રીતે થઈ શકે છે, કારણ કે રેંટિયા ચલાવી શકે એવા મનુષ્યોની શક્તિ આજે આળસ દશામાં પડી છે હિંદના ૧૦ કરોડ અને ૭૦ લાખ ખેડૂતો વર્ષમાં ત્રણ માસ બેકાર હોય છે હિંદમાં ઓછામાંઓછી ગણતરીએ ૫૦ લાખ રેંટિયા એવા પડ્યા છે જે વપરાશમાં તરત આવી શકે એ બેકાર ખેડૂતો પણ અગ્નિરૂપી બળતણથી ચાલતા એન્જિનો છે, પણ માલ ઉત્પન્ન કરનાર કોઈ સાંચા સાથે તેમને જોડવામાં આવ્યા નથી ગાંધીજી તેમને રેંટિયા સાથે જોડવા માગે છે અને સૂર્યશક્તિના ભારે પ્રમાણમાં થઈ રહેલા બગાડને અટકાવવાનું સૂચવે છે ' આથી જ યંત્રજગનું સાચું રહસ્ય રેંટિયામાં પ્રગટ થાય છે શક્તિનો યોગ્ય વ્યય આમાં બહુ સુંદર રીતે થાય છે

યંત્રજગની દૃષ્ટિએ વિચારતા રેંટિયાની બીજી વિશેષતા એ છે કે એમાં જે મનુષ્યશક્તિ વપરાય છે તે અખંડ અવિરત અને અખૂટ દીપ હોય છે સમાજની યોગ્ય અવસ્થામાં જો મનુષ્યને પૂરતો ખોરાક મળતો રહે તો એમાંથી મળી રહેતી સૂર્યશક્તિનો ઉપયોગ હમેશ માટે જ થઈ શકે છે પરંતુ વરાળયંત્ર જળયંત્રમાં રહેલા શક્તિદાયક કોલસા અને પેટ્રોલ કંઈ એટલી જ સરળતાથી હમેશમાટે મળી શકે એમ નથી ખનીજ, કોલસા અને તેલ ખૂટી જવાનો તો સંભવ બહુ ઓછો છે પરંતુ તે વસ્તુઓ ખાણમાંથી કાઢવાનો ખર્ચ વધી જવાનો છે તે આ હકીકત તપાસતા રેંટિયાની યોજના યંત્રજગની યોજના કરતા વિશેષ સ્થાયી અને ઓછી ખરચાળ નીવડે એમ લાગે છે આથી જ આજના યંત્રયુગમાં પુરાણા જેવા રેંટિયાની વૈજ્ઞાનિક મર્મસંગીનતા બહુ લાગે છે

સાચા યંત્રશાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં રેંટિયાની ત્રીજી વિશેષતા એ લાગે છે કે રેંટિયો દ્રવ્યનો ઓછામાં ઓછો વ્યય કરે છે, અને ખર્ચમાં વધારેમાંવધારે કરકસર કરી શકે છે આજના મિલના ભૂંગળાઓ પર જે ખર્ચ થાય છે તેની સંપૂર્ણ વીગતો પુસ્તકના ૭૦–૮૨ પાનાંઓમાં આપી છે એ વીગતો વાંચીને આપણે ઝટ સમજી લઈએ છીએ કે એ ભૂંગળાંઓએ તો સમાજના પૈસાનો ભયંકર દુર્વ્યય કર્યો છે

રેંટિયો તથા હાથશાળ એ સર્વ ખોટા ખર્ચોથી મુક્ત રહે છે આથી જ કામ મેળવવાની દૃષ્ટિએ સમાજમાં હમેશાં મિલો રેંટિયા કરતા મોંઘી જ પડે છે જો એક ત્રાકમાંથી મળતા કામની સરખામણી કરીએ છીએ તો મિલની તથા રેંટિયાની ત્રાક પર જે ખર્ચ થાય છે તેના પ્રમાણમાં રેંટિયાના ૨,૪૦૦ ટકા જેટલું કામ આપે છે, જ્યારે મિલની ત્રાક ફક્ત ૧૦૦ ટકા જેટલું કામ આપે છે, (જુઓ પાનું ૨૦) ઝટ સમજી શકાય એવી ભાષામાં મૂકીએ તો હિંદની અર્ધ ભૂખમાં ટળવળતી બેકાર પ્રજાને જરૂરી કામ આપતા મિલને ૧,૩૨૮ રૂપિયાનો ખર્ચ થાય છે રેંટિયાને ફક્ત રૂ ૨૧ ખર્ચ થાય છે માલની ઉત્પત્તિ કરવામાં રેંટિયા કરતા મિલોના ભૂંગળાં આટલી બધી ભયંકર રીતે ખરચાળ છે એ આ આંકડાઓ બતાવે છે મિલનું કાપડ ખાદી કરતાં સોંઘું મળે છે એ ભ્રમણામાં આપણે રહ્યા છીએ એટલે જ રેંટિયાની સાચી શક્તિ ઓળખી શકતા નથી માલની ઉત્પત્તિ કરવામાં તો મિલો રેંટિયા કરતા અતિશય ખરચાળ છે જ પરંતુ ઉત્પન્ન થતા માલની સોંઘવારીમાં પણ આખરે રેંટિયો જ જીતે છે મિલના કાપડની હરીફાઈમાં ખાદી જ હમેશા સોંઘી પડવાની છે એ વસ્તુ કર્તાએ ત્રીજા પ્રકરણમાં ખૂબ સુંદર રીતે સમજાવી છે ખાદીની સોંઘવારીનું જે સત્ય કર્તાએ આપણા આગળ તાત્ત્વિક અને આર્થિક દૃષ્ટિએ રજૂ કર્યું છે એ જ સત્યનું દર્શન આપણે નરી આંખે બારડોલીમાં આજે જોઈ રહ્યા છીએ. પોતાના જ કપાસમાંથી ખાદી પેદા કરનાર બારડોલીનો ખેડૂત જ્યારે મઢી વણાટમંદિરમાંથી પોતાના જ સૂતરમાંથી ખાદી લઈ જાય છે ત્યારે એ ખાદીનો તાકો રૂ ૦–૨–૦ની કિંમતે વાર પડી રહે છે. એટલે કે એમાંથી એ રૂપિયાનો ધોતીજોટો ખુશીથી મેળવી લે છે ત્રણ વર્ષ અગાઉ ઉનાઈ ગામમાં જ્યારે રાનીપરજ પ્રદર્શન ભરાયું ત્યારે આ જ વસ્તુ નીચે પ્રમાણે પ્રદર્શિત થઈ હતી —

ખેડૂત કપાસ પરદેશ મોકલે છે તો બદલામાં ફક્ત નવ વાર જ વિદેશી કાપડ મળે છે	ખેડૂત જો કપાસ ઘરમાં રાખે છે, તેને સાફ કરી પીંજે છે, પીંજીને પૂણી બનાવે છે, અને કાંતીને વણે છે, તો એ જ પનાની એ ૩૬ વાર ખાદી મેળવે છે

આ હકીકતો વિચારતા સ્પષ્ટ માલૂમ પડે છે કે બધી રીતે વિચારતાં કાપડની સોંઘવારીમાં તેમજ માલની ઉત્પત્તિમા મિલો જ ખરચાળ નીવડે છે, રેંટિયો સોંઘો નીવડે છે યંત્રયુગમાં પણ રેંટિયો પોતાનો વિજયવાવટો ફરકાવી શકે છે એનું આ ત્રીજું કારણ છે

આધુનિક યંત્રયુગની વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારતા રેંટિયાની ચોથી વિશેષતા એ છે કે આજના યંત્રો કરતા રેંટિયામાં પ્રગતિશક્તિ વિશેષ પ્રમાણમાં પડી છે મિલોના ભૂંગળાં ઊભા થયાને આજે વર્ષો વહી ગયા છે, અને એમાં થઈ શકે એવા ઘણા સુધારા થઈ ચૂક્યા છે, એમાં રહેલી પ્રગતિ-શક્તિનો ઘણો અંશ વપરાઈ ચૂક્યો છે 'મિલોમાં પણ વધારે સુધારા તો થવાના જ, પણ તે બહુ નજીવા હોવાનો સંભવ છે, કારણકે અત્યારપહેલાં જ એવી શોધખોળ પાછળ પુષ્કળ વિચાર અને બુદ્ધિશક્તિ ખરચાઈ ચૂક્યા છે' એમાં પરંતુ યંત્રની પ્રગતિશક્તિમાં જ્યારે મર્યાદા લગભગ આવી ગઈ છે, ત્યારે રેંટિયામાં પડેલી પ્રગતિશક્તિનો ઉપયોગ કરવાના અખતરા હમણા જ શરૂ થયા છે સત્યાગ્રહઆશ્રમમાં રાષ્ટ્રીય સપ્તાહમાં રેંટિયા પર થયેલા સંગીન કામના અનુભવે સ્પષ્ટ રીતે સિદ્ધ કર્યું છે કે એકનિષ્ઠાથી શાસ્ત્રીય રીતે જ્યારે કંતામણ-ખર્ચ થાય છે ત્યારે એક અઠવાડિયાના ટૂંક સમયમાં પણ તેમાં ૧૭ ટકા જેટલી પ્રગતિ નોંધાય છે. અખિલ ભારત ચરખાસંઘના ખાદીકેન્દ્રોમાં રેંટિયાની પ્રગતિશક્તિનો ઉપયોગ કરવાના અખતરાઓ સફળ રીતે થઈ રહ્યા છે. મીરત ગાંધીઆશ્રમમાં એ અખતરાને પરિણામે નવ વર્ષમાં ખાદીનો ભાવ (૪૫" પનાનો રૂ ૧) પરથી રૂ ૦–૫–૬ પર આવી ગયો છે ગાંધીજી આનો ઉલ્લેખ કરતા લખે છે તે પ્રમાણે આનો અર્થ એટલો જ કે ખાદી બનાવવાની કળામાં વધારે પ્રાવિણ્ય આવ્યું છે કંતામણ સુધર્યું છે તેથી વણકરને અગવડ ઓછી પડે છે, ને તેથી વણાટના ભાવ ઊતરી શક્યા છે છતાં વણકરની કમાણી ઊતરી નથી ભાવ ઊતરવા રૂપી શુભ પરિણામ આવ્યું છે, કેમકે ખાદીપ્રચાર કરવાનું કામ પરોપકારી સંસ્થા તરફથી થાય છે, તેથી ખાદીની જાત ઉત્તરોત્તર સુધરી છે ને ભાવ ઉત્તરોત્તર ઊતર્યા છે સુધારાને તેમ જ ભાવ ઊતરવાને હજી ઠીક અવકાશ છે અને જેમ-જેમ લોકો તરફથી ઉત્તેજન મળશે તેમતેમ જાત સુધરશે અને દામ ઘટશે દેખીતું છે કે ખાદીની ખપત વધે તેમતેમ તેમાં વધારે લોકોને વધારે હોશિયારીવાળા લોકો રસ લેશે, અને તેમ થાય એટલે જાત સુધરે અને ભાવ ઘટે જ' આ પરથી સ્પષ્ટ થાય છે કે રિચર્ડ ગ્રેગે રેંટિયામાં પડેલી પ્રગતિ-શક્તિનો ઉલ્લેખ કર્યો છે એ તદ્દન સાચો છે પ્રગતિની દૃષ્ટિએ આવી મિલોના યંત્રો કરતા રેંટિયો ચઢી જાય છે યંત્રયુગમાં થઈ રહેલી રેંટિયાની સફળતાનું આ ચોથું વૈજ્ઞાનિક સત્ય છે.

આધુનિક ઔદ્યોગિક યુગમાં વિજ્ઞાન અને યંત્રશક્તિની દૃષ્ટિએ રેંટિયાનું અર્થશાસ્ત્ર તપાસી રિચર્ડ ગ્રેગે આવી રીતે તેને એ કસોટીમાંથી પાર ઉતાર્યો છે એઓ જણાવે છે તેમ ખાદીની પ્રવૃત્તિમાં વિજ્ઞાનનો ત્યાગ નથી ઊલટું વૈજ્ઞાનિકો જેને તાપગતિશાસ્ત્રનો બીજો સિદ્ધાંત કહે છે તેનો અર્થ-શાસ્ત્રમાં બહુ જ ડહાપણભરેલો પ્રયોગ છે ખાદીની પ્રવૃત્તિ આધુનિક વિજ્ઞાન અને કુદરતની વધતી જતી પ્રમાણમાં ઉપયોગ તો કરે જ છે" પણ તે પશ્ચિમના ઉપયોગમાં વપરાય છે તેના કરતાં શક્તિ વાપરવાની જુદી જ પદ્ધતિએ અને જુદી જ જાતના યંત્રોમાં'

ખાદીનું અર્થશાસ્ત્ર આટલી બધી વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ઢબે વટથી રજૂ કરનાર આવું સુંદર પુસ્તક આજે તો ખાદી સાહિત્યમાં એક જ છે એવો સંભવ છે કે જ્યાંસુધી રિચર્ડ ગ્રેગ જેવા વિશ્વપ્રેમી, સૂક્ષ્મ અવલોકનકાર અને પ્રખર અનુભવી બીજા નહિ પાકે ત્યાં સુધી 'ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર' એ એવું એક જ પુસ્તક નીવડશે.

દિલખુશ બ. દિવાનજી

રેંટિયો જ સર્વોત્તમ

શ્રી ગ્રેગના 'ઇકોનૉમિક્સ ઑફ ખાદી'–'ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર'નું શ્રી દિલખુશ દિવાનજીનું આ અંકમાં પ્રગટ થયેલું અવલોકન એ એક ખાદી વિષેના પુસ્તકનું અવલોકન હોવા ઉપરાંત, યંત્રયુગમાં રેંટિયાખાદીની ઉત્તમતા સિદ્ધ કરનારો ઉચ્ચ કોટીનો લેખ પણ છે ખાદી અને રેંટિયાના વિરોધમાં જે 'ધોકાપંથીઓ' કાથીચૂનો લઈને મંડયા છે, તેમના ચક્ષુ ઉઘાડે એવું શ્રી રિચર્ડ ગ્રેગનું એ પુસ્તક છે, અને શ્રી દિવાનજીનું આ અવલોકન પણ છે પરંતુ જેઓ ટ્રફાલગરવાળા નેલ્સનની માફક પોતાની કાણી આંખે ટેલિસ્કોપ લગાડી સત્ય વસ્તુસ્થિતિને જોવા જ ના પાડતા હોય તેમને શું કહેવું! ખરે જ, None are so blind as those who would not see!

વિ ધ જો.

"સ્વરાજ્ય પછીની સ્થિતિનો વિચાર કરતાં, હિંદુસ્તાનનાં કરોડો ભૂખે મરતાં કંગાળના હિતનો વિચાર કરતાં તો ખાદી એ જ એક વસ્તુનો વિચાર કરાય."–ગાંધીજી.

અનેક પ્રકારની ખાદીનું સંગ્રહસ્થાન —— જરૂરીયાત મુજબ ખાદી બહારગામ મોકલાય છે.

જાતજાત પસંદ કરવા નમૂના મોકલાય છે

મજબૂત —— ટકાઉ


ધોયેલ–'લજપત'–ખાદી

૪ આને વાર ખાદી

પનો ઇંચ ૨૭

પહેરણ, ખમીસ, કોટ, પાટલૂન

દરેક કામમાં ઉપયોગી



ચોમાસાની ઋતુ માટે

વૉટરપ્રૂફ કોટ

ખાદીના વરસાદી કોટ

આ જાત ઘણા સમયથી વપરાશમાં છે સંતોષ કારક કામ આપે છે વરસાદમા ભિંજાયા પછી કોટને ખૂબ હલાવીને ખંખેરો અને ખુલ્લી હવામા કે તડકે સૂકવો

વરસાદી કોટ – ખાખી રંગ – કિં રૂ. ૧૯–૦–૦

છાતીનો ઘેરાવો ૩૬, ૩૮, ૪૦, ૪૨ ઇંચ બહાર ગામના ગ્રાહકોએ છાતીના ઘેરાવાનું માપ લખવું

ડૂવન સફેદ ઓવરકોટ – ઠંડીમા પણ ઉપયોગી

સફેદ ચોતારી ગરમ ખાદીમાથી બનાવેલ–લાઇનવાળા

કિં એકના રૂ ૧૦–૦–૦

વર્ષાઋતુની શરદી તથા કડકડતી ઠંડીને હઠાવવા

સંપૂર્ણ ઊની — ગરમ પોશાક ધારણ કરો

શુદ્ધ ખાદીનો ગરમ પોશાક વાપરવાથી ખાતરી થશે કે હાથે કાંતેલ હાથે વણેલ ઊની ગરમ કાપડ સોએ સો ટકા ગરમાવો આપે છે તેમજ હિંદુસ્તાનની આબોહવાને અનુકૂળ છે

સફેદ લાંબાં પહેરણ

— લાંબી બાંય અને ગજવાવાળા —

ઊની સ્વેટરની ગરજ સારે છે

ચોતારી ઊની કાપડના પહેરણ

નંગની કિં રૂ ૩–૬–૦

કાશ્મીરી ગરમ ટવીડનાં પહેરણ

રૂ ૫–૧૨–૦ એક પહેરણના

ગળાનું માપ ૧૪ ૧૪॥, ૧૫ ઇંચ

મુસાફરીના અંગે ટાઢ અને શરદીથી બચવા

કાશ્મીરી ડૂવનના ઓવરકોટ

સરસ કામ આપે છે

તૈયાર છાતીનું માપ ૩૬ ૩૮, ૪૦, અને ૪૨ ઇંચ ખાસ માપના બનાવી આપીશું

ડૂવનપટ્ટુના ઓવરકોટ રૂ ૨૨–૮–૦ એકના

ડૂવનટવીડના ઓવરકોટ રૂ ૧૬–૦–૦ ,,

ગરમ ગંજીફરાકના બદલે ઉપયોગી

કબજા — બંડી — પેટી

પહેરણ યા ખમીસ પર પહેરી શકાય છે

ટવીડ કાપડમાંથી બનાવેલ બંડી

સિંગલ છાતીની–ગજવા સાથે કિં રૂ ૨—૮–૦

ડબલ છાતીની–ગજવા સિવાય કિં રૂ ૨–૧૪–૦

સફેદ ગરમ બંડી

એકતારી ઊની કાપડની બંડી રૂ ૧—૬–૦

ચોતારી ગરમ કાપડની બંડી રૂ ૧–૧૦–૦

આ બંડી સિંગલ છાતીની હોય છે

છાતીનું માપ ૩૨, ૩૪ ૩૬ ૩૮ ઇંચ

'જવાહર' ડૂવન જાકિટ


કાશ્મીરના પટુ કાપડમાંથી બનાવેલ પહેરણ ઉપર પહેરી શકાય છે

કિં. રૂ ૩–૮–૦ નંગના

ગળાનું માપ ૩૨, ૩૪, ૩૬, ૩૮, ૪૦ ઇંચ

— ધોતિયાં —

દરેક પ્રાંતને અનુકૂળ માપનાં ધોતિયાં તૈયાર મળશે



સફેદ અને ધોયેલ

દરેક નંગ જુદું

ભાવ નંગ ૧ નો

સૂતરનો આંક

૧૨થી ૧૪

લંબાઈ	પહોળાઈ	ભાવ
૪॥ વાર	× ૫૦ ઇંચ	રૂ ૨–૧૧–૦
૪ ,,	× ૫૦	રૂ ૨—૬–૦
૪ ,	× ૪૫ ,	રૂ. ૨—૧–૬
૩॥ ,	× ૪૫ ,,	રૂ ૧–૧૩–૩

ટૂંકા ધોતિયાં — પંચિયાં

૩॥ વાર	× ૪૦ ઇંચ	રૂ ૧–૧૦–૬
૩ ,	× ૪૦ ,,	રૂ ૧—૬–૯

રંગીન ચેક સ્યૂટિંગ

જુદીજુદી રંગીન તરાહના કાશ્મીરા જેવી અનેક ભાતના ઘટ્ટ ચોતારા તેમજ પાતળી વણાટ

પનો ૨૭"

વારનો ભાવ રૂ ૦–૭–૯ થી ૦–૧૨–૦

ખાદી લૅાન કલોથ

૩૯ થી ૫૨ ઇંચ પનામાં ૧૦ વારના ધોયેલ તાકા સૂતર નં ૧૨ થી ૧૪

ખમીસ–પહેરણ–ચાદર સાડી વગેરે ઉપયોગ માટે

જાત નંબર	પનો ઇંચ	તાકાનો ભાવ	વારનો ભાવ
૫૨	૫૨	રૂ ૬–૧૨–૯	રૂ ૦–૧૧–૦
૪૮	૪૮	રૂ ૬—૧–૬	રૂ ૦—૯–૮
૪૪	૪૪	રૂ ૫—૬–૩	રૂ ૦—૮–૯
૩૯	૩૯	રૂ ૪–૧૪–૬	રૂ ૦—૮–૦

સસ્તી — સુંદર — સફેદ

લજપત ખાદી

મોટો પનો — ઇંચ ૪૫

વારનો ભાવ રૂ ૦—૮–૦

તાકાનો ભાવ રૂ ૪–૧૩–૦

તાકામાં વાર ૧૦

ખાદીનો ભરાવો

Regd No. B. 2339.
ખાદીમ ઘરના સમગ્રના સમાચારોને માટે

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૪] તંત્રીઃ વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૯

મુદ્રક : મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ, સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ, પાનકોરનાકા, અમદાવાદ

અમદાવાદ, સંવત ૧૯૮૭ ના શ્રાવણ વદ ૪.
મંગળવાર, તા. ૧, સપ્ટેમ્બર ૧૯૩૧

વાર્ષિક લવાજમ
દેશમાં રૂા ૦-૮-૦
દેશાવર રૂા ૧-૦-૦

પંજાબના બેકારોની માગણી

અખિલ ભારત ચરખાસંઘની પંજાબ શાખાના મંત્રી, શ્રી કિશનચંદ ભાટિયા, પંજાબની હાલની હાલત પોતાના આ સંદેશામા રજૂ કરે છે પંજાબભરમા જે સ્થિતિ ગરીબોની થઈ રહી છે તેનુ આ તાદૃશ વર્ણન છે અને અત્યારે દુકાળના વખતમા બેકારીથી પીડાતા આપણા ક્ષુધાર્ત ભાઈબહેનો કામ માગી રહ્યા છે પરંતુ ખાદીકેંદ્રો પાસે ખાદીનો ભરાવો થઈ જવાથી અને ખાદીની માગ ઓછી હોવાથી, કાતનાર તથા વણનારને વધુ કામ આપવા તે અસમર્થ થતા જાય છે

પંજાબ દરેક જાતની ખાદી, ટુવાલ તથા છાપકામની અનેક વસ્તુઓ તૈયાર કરે છે, અને તે તેના ટકાઉપણા માટે પણ મશહૂર છે આ પત્રિકાની જાહેરાતમા પંજાબની થોડીક જાતો આપી છે અને જનતા ખાદી અને તેની જાતોભાતોને ખરીદી એ કેંદ્રો પાસે એકઠો થયેલ ખાદીનો જથો હળવો કરી શકે છે અને ક્ષુધાર્ત બહેન બાંધવને સહાય આપી શકે છે આ રહ્યો શ્રી કિશનચંદનો દિલ પિગળાવનાર સંદેશો —

"ભાઈશ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી,

આશા છે કે ઈશ્વરકૃપાથી તમારી તબિયત પહેલા કરતા સારી હશે +માંદગીને બિછાનેથી તમોએ લખેલ પત્રથી પૂજ્ય મહાત્માજીએ 'નવજીવન' મા 'દરિદ્રનારાયણની હૂંડી' એ શિર્ષક લેખમા જનતાને વિનતિ કરી કે ભાઈબહેનોએ ખાદી તો પોતાથી બની શકે તેટલી વધુનેવધુ ખરીદ કરવી પરંતુ તમારા આવેલ પત્રો પરથી તો એવુ માલૂમ પડે છે કે મહાત્માજીની આ વિનતિનો પણ જનતા પર જોઈએ તેટલો પ્રભાવ પડયો હોય તેમ જણાતું નથી કારણ કે તમારા ભંડારે સંગ્રહ કરેલ ખાદીનો જથ્થો હજી ઓછો થયો જણાતો નથી મેં માસ પછી તમારા ભંડાર તરફથી વધુ વરધીની આશા કેમ રખાય ? જાન્યુઆરીથી મે ૧૯૩૧ સુધીના પાંચ મહિનામા મુંબાઈના બીજા ભંડારોએ જેટલો માલ આદમપૂર (પંજાબ) થી મંગાવ્યા તે છોડી દઈ ફક્ત તમારા જ ભંડારે રૂા ૨૬,૧૪૦ ની રકમની ખાદી એટલે પ્રતિ માસ રૂા ૫,૨૫૮ ની ખાદી આદમપૂરથી મંગાવી છે, અને તેમા શ્રી 'લાજપતરાય' ખાદી અને નં. ૭૨૭ ની ખાદી મુખ્યત છે

મુંબઈની આ ખાદીની માગણીથી આદમપૂર કાર્યાલયે પંજાબના નિર્ધન વણકરોને ખૂબ કાર્ય આપ્યુ ગણત્રી મુજબ પાંચ મહિનામા આદમપૂર કાર્યાલયે માત્ર રૂા ૫૦,૦૦૦ની ખાદી તૈયાર કરવા ઉમેદ રાખેલી, પણ તમારી મદદ મળી જેથી રૂા ૮૮,૦૯૩ ની ખાદી પાંચ મહિનામા ઉત્પન્ન કરી, એટલે ધાર્યા કરતા રૂા ૧૮,૦૯૩ ની વધુ ખાદી ઉત્પન્ન થઈ આ રીતે વૃદ્ધિગત થયેલ કામથી નવરા પડેલ હજારો ચરખા ચાલવા લાગ્યા, અને સેંકડો વણકરોને કામ મળતું રહ્યુ

હવે કાપણીની મોસમ પૂરી થયેલ હોવાથી વણકરો અમારી પાસે સેંકડોની સંખ્યામા દરરોજ કામ માટે આવે છે પરંતુ મે પછી તમારી માગણી બંધ થવાથી અમે તેમને કામ આપી શકતા નથી, અને તેઓ પાછા જતી વખતે કહે છે કે—'તમે એ અમને બહુ રોજી આપવી શરૂ કરી, પણ હવે બંધ ન કરો તો સારૂ હવે શું અમે અમારા પેટ પર પથ્થર બાંધીએ ?

અમે કેટલાયે દિવસો સુધી આ દુખદ શબ્દો સાંભળતા રહ્યા પણ હવે ના અમને એ જ યોગ્ય લાગે છે કે તેમના આ શબ્દો અંગ્રેજી, ઉર્દૂ, હિંદી, ગુજરાતી 'ખાદી પત્રિકા' દ્વારા મુંબઈની જનતાને સંભળાવી દઈએ કારણ કે એ જ મુંબઈની જનતા એ પંજાબની લાજપતરાય ખાદી તેમ જ નં ૭૨૭ની ખાદીને અપનાવી દઈ પંજાબની હજારો કાતનારી બહેનોને અને સેંકડો વણકરોને કામ આપ્યુ છે, અને કામ આપી તેમને પેટમા નાખવા ટુકડો પણ આપ્યો છે જેથી અમે આપની 'ખાદીપત્રિકા' દ્વારા તે મુંબઈના ભાઈ બહેનોનો આ પંજાબની ગરીબ બહેનો અને ભાઈઓ તરફથી ધન્યવાદ માની લેવા અને પંજાબની આ દુખી અવસ્થા મુંબઈની ઉદાર ચિત્ત જનતા સમક્ષ રજૂ કરી દેવા અમારી ફરજ સમજીએ છીએ

પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે તમને તે સંપૂર્ણ સ્વસ્થતા આપે, કે જેથી તમો ખાદીનો ભરાવો હલકો કરવા લગાતાર પ્રયત્ન અને પ્રબંધ કરો કે જેથી ગરીબ લોકો પેટ પર પથ્થર ન બાંધે

લિ આપનો કિશનચંદ ભાટિયા,

મંત્રી, પંજાબ ચરખાસંઘ—આદમપુર, દોઆબ

વિ. વ. જે

+ આ પત્ર પ્રગટ થાય છે ત્યારે મારી તબિયત સુધરેલી છે, અને ઈશ્વરકૃપાથી ફરીને દરિદ્રનારાયણની સેવામા હાજર થઈ શક્યો છું

રાષ્ટ્રધ્વજ

જાતિસૂચક ત્રિરંગી ધ્વજના બદલે શૌર્ય, ત્યાગ, શાંતિ, સત્ય, શ્રદ્ધા અને પુરુષાર્થસૂચક રંગોની મેળવણી કરી, મુંબઈમાં મળેલ અખિલ ભારત મહાસભા સમિતિએ નવા રાષ્ટ્રધ્વજનો સ્વીકાર કર્યો છે આ રહ્યા તે રંગો —

૧ કેસરી ૨ સફેદ ૩ લીલો

તેમા પણ હિંદની આર્થિક વિટંબણા ટાળનાર રેંટિયો કેમ ભુલાય ? આ ધ્વજમા દરિદ્રનારાયણના પ્રતીક રેંટિયાને પણ સ્થાન છે એટલે રેંટિયા સિવાયના ધ્વજ તે રાષ્ટ્રધ્વજ તરીકે ન હોય. આ રેંટિયાવાળા રાષ્ટ્રધ્વજના માપમા પહોળાઈ કરતા લંબાઈ દોઢ ગણી હોવી જોઈએ વાવટો પણ શુદ્ધ ખાદીમાંથી જ બનેલો હોય.

આ રાષ્ટ્રધ્વજ મધ્યાસંઘે તૈયાર કરી મુંબઈના ખાદી ભંડારમા રાખેલ છે અને નીચે પ્રમાણેના માપના તૈયાર સુતરાઉ રાષ્ટ્રધ્વજો નીચેના ભાવે મળી શકશે—

૯ ફૂટ × ૬ ફૂટ	રૂ ૭—૦—૦
૬ „ × ૪॥ „	„ ૧—૧૨—૦
૪॥ „ × ૩ „	„ ૧—૦—૦
૩ „ × ૨ „	„ ૦—૮—૦
૨૭ ઇંચ × ૧૮ ઇંચ	„ ૦—૬—૦
૨૧ „ × ૧૪ „	„ ૦—૪—૦
૧૮ „ × ૧૨ „	„ ૦—૩—૦
૯ „ × ૬ „	„ ૦—૧—૬

'વિદેશી વસ્ત્રે હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાં બરબાદ કર્યાં છે.'

સ્ત્રી ઉપયોગી

નવીન જાતભાતના બ્લાઉઝ ખાસ તૈયાર કરવામાં આવેલ છે.
એક બ્લાઉઝ-પોલકા માટેના ટુકડાઓ

રંગીન સુતરાઉ બ્લાઉઝ પીસ

રંગીન ખાદી પર બાય તથા ગળાના ભાગ છાપેલ — કિં. રૂ. ૦-૧૪-૦.

જાળીવાળા સુતરાઉ બ્લાઉઝ

સફેદ ખાદીમાં નેટની માફક જાળી કાઢી રેશમથી ભરેલ—કિં. રૂ. ૧-૧૨-૦.

અનેક ભાતીગર રેશમી બ્લાઉઝ

દરેક ટુકડો એક બ્લાઉઝ યા એક પોલકાને પૂરા માપનો હોય છે.
બ્લાઉઝ અથવા પોલકાં સિવરાવી લેવાય છે

છાપકામની વિગત	કિંમત દરેકની
બાંધણીની તરાહની છાપ	રૂ. ૩—૨—૦
રંગબેરંગી કોર તથા બુટ્ટાવાળુ	રૂ. ૩—૨—૦
ફેન્સી તરાહની કિનાર તથા વેલા ભાતની છાપ	રૂ. ૪-૧૨-૦

ઘાઘરા — ચણિયા

ખાદીમાંથી બનાવેલ જાળીવાળા

ઘાઘરા — ચણિયા

એક કિનાર તરફથી દોરા કાઢી લઈ નેટની માફક રેશમથી ગૂંથેલ છે. આ જાળીવાળું કાપડ ૩ વાર લાંબુ તથા ૩૩ ઇંચ પનાનુ હોય છે. જોઈતા માપના ઘાઘરા સિવી શકાય છે.
કિં. રૂ. ૨-૪-૦ એકના

કોકટી કાપડની બારીક છીંટ

વેલાતરાહમા છાપેલ છીંટના આ કોકટીના બ્લાઉઝ, પોલકા અને ફરાક સુશોભિત બને છે.
પનો ઇંચ ૩૬"—વારની કિં. રૂ. ૨-૮-૦

પોલકા, બ્લાઉઝ, ચણિયા, ફરાક માટે

રંગીન છીંટ તથા ઘાઘરાપાટ

એક રંગી બુટ્ટી છાપેલ છીંટ — તાકામાં વાર ૧૬, એક વારના રૂ. ૦-૫-૬

સસ્તામાં સસ્તી ખાદી

ખરીદીને પણ તમે હિંદુસ્તાનનાં અનેક ક્ષુધાર્તોને અન્ન આપી શકો છો

કોટ, પાટલૂન, પહેરણ, ચડ્ડી અનેક ઉપયોગમાં આવે તેવી

સસ્તી તથા ધોયેલ ખાદી

૧૫ા થી ૧૬ વારના તાકા
પનો ઇંચ ૩૦"

જાત નંબર	વારનો ભાવ	તાકાની રકમ
૧૦	રૂ ૦-૬-૩	રૂ. ૫-૧૪-૬
૨૦	,, ૦-૬-૦	,, ૫-૧૦-૦
૩૦	,, ૦-૫-૬	,, ૫—૩-૩


પનો ઇંચ ૨૭ — જાત નં. ૭૦

તાકાના	વારનો ભાવ
રૂ. ૪-૦-૩	રૂ. ૦-૪-૩

સુંદર ધોલાઈની સસ્તી ખાદી

તાકામાં વાર ૧૫ થી ૨૦ — પનો ઇંચ ૨૭
૧ વારના ૦-૪-૦ ફક્ત.

ખાદીના ટુવાલ તથા નેપકિન ટકાઉપણામાં તથા સ્વચ્છતા જાળવવામાં અજોડ છે.



— શરીર સાફ કરવા તથા હાથમોઢું લૂછવા સંપૂર્ણ ઉપયોગી —

ખાદીના ટુવાલ — **ખાદીના નેપકિન**

ઉપયોગ	માપ લંબાઈ પહોળાઈ	ટુનીકોમ ખાડાવાળા ટુવાલ નંગના	ડઝનના	ચોતારા ટુવાલો નંગના	ડઝનના	સસ્તા સાદા ટુવાલ નંગના	ડઝનના
નાહીને શરીર પર લપેટવા	૧॥। વાર×૩૧"	૦-૧૫-૨	૧૧-૫-૦	૦-૧૪-૦	૧૦-૬-૬	૦-૮-૬	૬-૪-૦
નાહીને શરીર લૂછવા તથા પહેરવા	૧॥ વાર×૨૭"	૦-૧૦-૯	૭-૧૫-૦	૦—૯-૬	૭-૦-૦	૦-૬-૦	૪-૬-૦
નાહીને શરીર સાફ કરવા	૧॥ વાર×૨૭"	૦—૬-૦	૬-૧૦-૦	૦—૭-૦	૫-૩-૩	૦-૫-૦	૪-૨-૦
ખાદીના નેપકિન							
હાથમોઢુ લૂછવા સાફસૂફ કરવા	૨૨"×૩૬"	૦—૬-૩	૪—૯-૦	..	...	...	...
"	૧ વાર×૨૭"	...	...	...	...	૦-૪-૦	૨-૧૪-૦
"	૨૨"×૨૨"	..	..	૦—૩-૯	૨-૧૧-૦	૦-૨-૩	૧—૯-૦

કાશ્મીરની કુદરતી ઉત્પત્તિ

શુદ્ધ મધ—શાસ્ત્રીય પ્રયોગથી ગાળેલુ બાટલીમાં ભરી પેક કરેલ ૦ાા રતલની બાટલીની કિં. રૂ ૦-૧૫-૦

— પેક કરેલ બાટલીમા શુદ્ધ કેસર —

તોલા	૦ાા	૧	૨	૫	૧૦
કિંમત રૂ.	૦-૧૨-૦	૧-૮-૦	૩-૦-૦	૭-૨-૦	૧૪-૦-૦

છૂટું કેસર—૧ રતલના રૂ. ૫૨-૦-૦ — પેકિંગ તથા મોકલવાનુ ખર્ચ જુદું

સૂચના—૧. બહારગામના ઑર્ડર વી. પી થી મોકલાશે.
૨. બહારગામથી માલ મગાવનારે ૨૫ ટકા જેટલી કિંમત ઑર્ડર સાથે અવશ્ય મોકલવી જોઈએ.
૩. એક આનાની પોસ્ટની ટિકિટો મળેથી નમૂનાઓ મોકલવામાં આવશે
૪. બહારગામથી મગાવનારે જોઈતી વસ્તુનુ જરૂરી માપ લખવું.

સઘળો પત્રવ્યવહાર — ખાદી ભંડાર, નં ૩૯૬ કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨, એ સરનામે કરવો.
ગરમ કાપડનું ઉત્પત્તિકેંદ્ર.—અખિલ ભારત ચરખાસંઘ, શ્રીનગર (કાશ્મીર), સરનામુ અંગ્રેજીમા કરવુ.

તારનુ સરનામું: KHADISHOP

અખિલ ભારત ચરખાસંઘ (વેચાણ વિભાગ)
ખાદી ભંડાર, ૩૯૬, કાલબાદેવી રોડ મુંબઈ નં. ૨.

પ્રકાશક—મનુભાઈ મગનલાલ વૈદ્ય, 'ખાદી પત્રિકા' ઑફિસ, રીડ રોડ, અમદાવાદ

ખાદીનો ભરાવો

Regd No. B. 2339.
ખાદીસ ગ્રારના સ ગ્રહના સભાસદોને મફત

ખાદી પત્રિકા

[માસિક]

પુસ્તક ૪] તંત્રી: વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી [અંક ૯

મુદ્રક મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ, સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ, પાનકોરનાકા, અમદાવાદ | અમદાવાદ, સંવત ૧૯૮૭ ના શ્રાવણ વદ ૪. મંગળવાર, તા. ૧, સપ્ટેમ્બર ૧૯૩૧ | વાર્ષિક લવાજમ દેશમા રૂ ૦—૮—૦ દેશાવર રૂ ૧—૦—૦

પંજાબના બેકારોની માગણી

અખિલ ભારત ચરખાસંઘની પંજાબ શાખાના મંત્રી, [શ્રી] કિશનચંદ ભાટિયા, પંજાબની હાલની હાલત પોતાના આ મ[ન]માં રજૂ કરે છે પંજાબભરમા જે સ્થિતિ ગરીબોની થઈ રહી છે [ત]નુ આ તાદૃશ વર્ણન છે અને અત્યારે દુષ્કાળના વખતમા [બે]કારીથી પીડાતા આપણા ક્ષુધાર્ત ભાઈબહેનો કામ માગી [ર]હ્યા છે પરંતુ ખાદીકેંદ્રો પાસે ખાદીનો ભરાવો થઈ જવાથી [અ]ને ખાદીની માગ ઓછી હોવાથી કાતનાર તથા વણનારને [વ]ધુ કામ આપવા તે અસમર્થ થતા જાય છે

પંજાબ દરેક જાતની ખાદી, ટુવાલ તથા છાપકામની [અ]નેક વસ્તુઓ તૈયાર કરે છે, અને તે તેના ટકાઉપણા માટે [પ]ણ મશહૂર છે આ પત્રિકાની જાહેરાતમા પંજાબની થોડીક [જા]તો આપી છે, અને જનતા ખાદી અને તેની જાતોભાતોને [ખ]રીદી એ કેંદ્રો પાસે એકઠો થયેલ ખાદીનો જથ્થો હળવો [ક]રી શકે છે, અને ક્ષુધાર્તબહેન બાંધવને સહાય આપી [શ]કે છે આ રહ્યો શ્રી કિશનલાલનો દિલ પિગળાવનાર સંદેશો —

"ભાઈશ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી,

આશા છે કે ઈશ્વરકૃપાથી તમારી તબિયત પહેલા કરતા સારી [હ]શે. +માંદગીને બિછાનેથી તમોએ લખેલ પત્રથી પૂજ્ય મહાત્માજીએ 'નવજીવન' મા 'દરિદ્રનારાયણની હૂંડી' એ શિર્ષક લેખમા જનતાને વિનંતિ કરી કે ભાઈબહેનોએ ખાદી તો પોતાથી બની શકે તેટલી [વ]ધુનેવધુ ખરીદ કરવી પરંતુ તમારા આવેલ પત્રો પરથી તો એવુ [મ]ાલૂમ પડે છે કે મહાત્માજીની આ વિનંતિનો પણ જનતા પર જોઈએ તેટલો પ્રભાવ પડયો હોય તેમ જણાતુ નથી કારણ કે તમારા ભંડારે [સં]ગ્રહ કરેલ ખાદીનો જથ્થો હજી ઓછો થયો જણાતો નથી બે માસ પછી [ત]મારા ભંડાર તરફથી વધુ વરધીની આશા કેમ રખાય ? જાન્યુઆરીથી [મ]ે ૧૯૩૧ સુધીના પાંચ મહિનામા મુંબાઈના બીજા ભંડારોએ જેટલો માલ આદમપૂર (પંજાબ) થી મંગાવ્યા તે છોડી દઈ ફક્ત તમારા જ ભંડારે રૂા ૨૬,૨૪૦ ની રકમની ખાદી એટલે પ્રતિ માસ રૂા ૫,૨૫૮ ની ખાદી આદમપૂરથી મંગાવી છે અને તેમા શ્રી 'લાજપતરાય ખાદી અને નં. ૭૨૭ ની ખાદી મુખ્યત છે

મુંબઈની આ ખાદીની માગણીથી આદમપૂર કાર્યાલયે પંજાબના નિર્ધન વણકરોને ખૂબ કાર્ય આપ્યુ ગણત્રી મુજબ પાંચ મહિનામા આદમપૂર કાર્યાલયે માત્ર રૂા ૫૦,૦૦૦ની ખાદી તૈયાર કરવા ઉમેદ રાખેલી, પણ તમારી મદદ મળી જેથી રૂા ૬૮,૦૯૩ ની ખાદી પાંચ મહિનામા ઉત્પન્ન કરી, એટલે ધાર્યા કરતા રૂા ૧૮,૦૯૩ ની વધુ ખાદી ઉત્પન્ન થઈ આ રીતે વૃદ્ધિગત થયેલ કામથી નવરા પડેલ હજારો ચરખા ચાલવા લાગ્યા, અને સેંકડો વણકરોને કામ મળતુ રહ્યુ

હવે કાપણીની મોસમ પૂરી થયેલ હોવાથી વણકરો અમારી પાસે સેંકડોની સંખ્યામા દરરોજ કામ માટે આવે છે પરંતુ મે પછી તમારી માગણી બંધ થવાથી અમે તેમને કામ આપી શકતા નથી, અને તેઓ પાછા જતી વખતે કહે છે કે-"તમેએ અમને બટકુ રોટી આપવી શરૂ કરી, પણ હવે બંધ ન કરો તો સારૂ હવે શું અમે અમારા પેટ પર પથ્થર બાંધીએ ?

અમે કેટલાયે દિવસો સુધી આ દુખદ શબ્દો સાંભળતા રહ્યા. પણ હવે તો અમને એ જ યોગ્ય લાગે છે કે તેમના આ શબ્દો આપશ્રી, ઉર્દૂ, હિંદી, ગુજરાતી 'ખાદી પત્રિકા' દ્વારા મુંબઈની જનતાને સંભળાવી દઈએ કારણ કે એ જ મુંબઈની જનતાએ પંજાબની લાજપતરાય ખાદી તેમ જ નં ૭૨૭ ની ખાદીને અપનાવી હજારો પંજાબની કાતનારી બહેનોને અને સેંકડો વણકરોને કામ આપ્યુ છે, અને કામ આપી તેમને પેટમા નાખવા ટુકડો પણ અન્ન દીધુ છે જેથી અમે આપની 'ખાદીપત્રિકા' દ્વારા તે મુંબઈના ભાઈ બહેનોનો આ પંજાબની ગરીબ બહેનો અને ભાઈઓ તરફથી ધન્યવાદ માની લેવા અને પંજાબની આ દુખી અવસ્થા મુંબઈની ઉદાર ચિત્ત જનતા સમક્ષ રજૂ કરી દેવા અમારી ફરજ સમજીએ છીએ

પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે તમને તે સંપૂર્ણ સ્વસ્થતા બક્ષે, કે જેથી તમો ખાદીનો ભરાવો હલકો કરવા લગાતાર પ્રયત્ન અને પ્રબંધ કરો કે જેથી ગરીબ લોકો પેટ પર પથ્થર ન બાંધે

લિ આપનો કિશનચંદ ભાટિયા,

મંત્રી પંજાબ ચરખાસંઘ—આદમપૂર, દોઆબ.

વિ. વ. જે

+ આ પત્ર પ્રગટ થાય છે ત્યારે મારી તબિયત સુધરેલી છે, અને ઈશ્વરકૃપાથી ફરીને દરિદ્રનારાયણની સેવામા હાજર થઈ શક્યો છુ

રાષ્ટ્રધ્વજ

જાતિસૂચક ત્રિરંગી ધ્વજના બદલે શૌર્ય, ત્યાગ, શાંતિ, સત્ય, શ્રદ્ધા અને પુરુષાર્થસૂચક રંગોની મેળવણી કરી, મુંબઈમા મળેલ અખિલ ભારત મહાસભા સમિતિએ નવા રાષ્ટ્રધ્વજનો સ્વીકાર કર્યો છે આ રહ્યા તે રંગો —

૧ કેસરી ૨ સફેદ ૩ લીલો

તેમા પણ હિંદની આર્થિક વિટંબણા ટાળતો રેંટિયો કેમ ભુલાય ? આ ધ્વજમા દરિદ્રનારાયણના મહાન રેંટિયાને પણ સ્થાન છે એટલે રેંટિયા સિવાયના ધ્વજ તે રાષ્ટ્રધ્વજ તરીકે ન હોય. આ રેંટિયાવાળા રાષ્ટ્રધ્વજના માપમા પહોળાઈ કરતા લંબાઈ દોઢ ગણી હોવી જોઈએ વાવટો પણ શુદ્ધ ખાદીમાંથી જ બનેલો હોય

આ રાષ્ટ્રધ્વજ સંખ્યાબંધ તૈયાર કરી મુંબઈના ખાદી ભંડારમા રાખેલ છે અને નીચે પ્રમાણેના માપના તૈયાર સુતરાઉ રાષ્ટ્રધ્વજો નીચેના ભાવે મળી શકશે —

૯ ફૂટ × ૬ ફૂટ	રૂા. ૩—૦—૦
૬ ,, × ૪॥ ,,	,, ૧—૧૨—૦
૪॥ ,, × ૩ ,,	,, ૧—૦—૦
૩ ,, × ૨ ,,	,, ૦—૯—૦
૨૭ ઇંચ × ૧૮ ઇંચ	,, ૦—૬—૦
૨૧ ,, × ૧૪ ,,	,, ૦—૪—૦
૧૮ ,, × ૧૨ ,,	,, ૦—૩—૦
૯ ,, × ૬ ,,	,, ૦—૧—૬

વિ. વ. જે.

ખાદી પત્રિકા
તા ૧ સપ્ટેમ્બર ૧૯૩૧

ખાદીનો ભરાવો

ખાદી ઉત્પત્તિકેંદ્રોમાંથી ખબર આવતી જ રહે છે કે તેમની પાસે ખાદીનો જથો મોટા પ્રમાણમા એકઠો થઈ ગયો છે કેટલેક સ્થળે તો કેંદ્રની સંગ્રહશક્તિ જેટલો જથો થઈ જવાથી વધુ કામ કરતા અટકી જવા વખત આવી લાગ્યો છે આ ખાદીજથાનો નિકાસ જે ઝડપે થવો જોઈએ તેટલો જલદી હાલ થતો નથી આ કારણે અખિલ ભારત ચરખાસંઘના વેચાણવિભાગો પણ ઉત્પત્તિકેંદ્રોના જથાને હળવો કરી શકતા નથી

અનાજ અને રૂના ભાવ એકદમ બેસી જવાના કારણે ગામડાનો ખેડૂતવર્ગ ભારે મૂઝવણમા આવી પડ્યો છે

વણકરો અને કાતનારાઓ પોતાની વણવા અને કાતવાની ઓછી મજૂરીથી પણ કામ મેળવવા આતુર છે પણ ખાદીનો જથો દેશભરમા એકઠો થઈ ગયો છે અને તેમા ચરખાસંઘની મૂડીની પૂરેપૂરી રોકાણ થઈ જવાને કારણે ઓછી મજૂરીથી પણ કાતનારવણનારને કામ આપવુ મુશ્કેલ થતું જાય છે

આ સજોગોમા ખાદીના ભાવ ઘટ્યા છે અને ખાદી પ્રમાણમા સસ્તી થઈ છે

પરદેશી કાપડનો બહિષ્કાર ખાદી મારફતે કરવા મહાસભાએ ઠરાવ્યુ છે આ ઠરાવનો અમલ દેશભરમા જો પૂરો અને નિશ્ચિતપણે થાય તો આજે જે અનુકૂળ સજોગો ખાદી ઉત્પન્ન કરવા માટે છે તે જોતા કાપડબહિષ્કારનો કાર્યક્રમ ભારે વેગથી વધે અને ઠીક જલદી પાર પડે

આપણો એક કાર્યક્રમ દેશ જેટલી તાકીદે પાર પાડે તેટલે દરજ્જે સ્વરાજ નજદીક લાવી શકાય.

મુંબઈ જેમ બીજી રીતે મોખરે રહે છે તેમ ખાદી વેચાણમા પણ તે મોખરે રહેવાનો દાવો કરી શકે છે—રહી શકે છે પણ મુંબઈના ખાદીવેચાણના જે આંકડા નીચે આપ્યા છે તે પરથી સમજાશે કે ખાદીની ખપતમાં મુંબઈની જનતા પણ ઓસરી છે

એપ્રિલ ૧૯૩૧	રૂા	૮૮૧૪૪
મે	રૂા	૩૯૫૭૮
જૂન	રૂા	૪૩૭૬૯
જુલાઈ	રૂા	૪૨૧૩૦

આ આંકડા પરથી સમજી શકાય છે કે ખપતમાં ઘણો ઘટાડો થતો ગયો છે જેમ મુંબઈના આંકડા ઘટતા ચાલ્યા છે તેમજ બીજે પણ સમજવુ

આ આખી વિગતનો એક જ ઉકેલ હોય. અને તે ગામડાંના ગરીબોના કંગાળ ઝૂંપડામાં ફરતો રેંટિયો કાયમ રાખવા અર્થે દરરોજના ચાર પૈસાની રોજી રળતાના કંકાલ માટે જે જરૂરી છે તે ઝૂંપડે ઝૂંપડે પહોંચાડી શકાય તે અર્થે, સ્વરાજને નજદીક લાવવા અર્થે તેમજ પરદેશી કાપડનો બહિષ્કાર કરવા અર્થે અને આપણી કાપડની જે જે જરૂરિયાતો આજે હોય તે માટે ખાદી સિવાય બીજું કોઈ પણ કાપડ ન જ ખરીદીએ ખાદીમા તો આજે અનેક મનપસંદ જાતભાત પણ તૈયાર થતી રહી છે અને કાપડની જરૂરિયાત દરેક રીતે પૂરી પાડવાનું સામર્થ્ય આજે દેશભરમાં જે જામે છે તેને વધતી સીધી કાંતનારવણનારાનો જે વેગ અત્યારે રોકાયો છે તે પૂર ઝડપથી પકડી વહેતો થશે, અને દરેક માગણી પૂરેપૂરી પહોંચી વળવા દેશભરની તાકાદ ખીલી નીકળશે.

વિઠ્ઠલદાસ વસનજી જેરાજાણી

નોંધ

સોદપુરની સાડીઓ

બંગાળમા કલકત્તા પાસે સોદપુર ગામમા 'ખાદીપ્રતિષ્ઠાન' કરીને એક ખાદીનુ મુખ્ય કેંદ્ર છે અત્યારે ત્યા ચાલી રહેલ દુર્ભિક્ષના સમયમા કેટલી કરુણાજનક હાલત છે તે દર્શાવતો ખાદીપ્રતિષ્ઠાનના સંરક્ષક શ્રીમતી હેમપ્રભાદેવીનો પત્ર અમે નીચે આપીએ છીએ —

"ભાઈ જેરાજાણી

આપનો પત્ર મળ્યો છે અહી તો દુર્ભિક્ષ–દુકાળનો આરંભ થઈ ગયો છે જ્યા બારીક સૂતર કતાય છે ત્યા તો દયાજનક હાલત થવા લાગી છે જે બહેનો કાલાવાલા કરવા છતા પણ કાતવા તરફ નજર કરતી નહોતી તેઓ અત્યારે ખૂબખૂબ કામ માગી રહી છે, તેમ જ ઓછા દરથી પણ કાતવા તૈયાર છે મારો ખ્યાલ છે કે હુ અહીની બારીક સૂતરની સાડીઓ આપની જાતો કરતા સસ્તા ભાવથી આપી શકીશ અને તમે લો તે લઈ શકો તો અનેક દુખી ભાઈ બહેનો આ દુકાળમાથી બચે નમૂનાને એમાની બે સાડીઓ નમૂનારૂપે મોકલું છું આ જાતની તેમ જ તે કરતા પણ બારીક જાતની સંખ્યાબંધ સાડીઓ આપી શકાશે

હુ જાણુ છું કે સહુ જગાએ ખાદીનો ભરાવો થઈ ગયો છે, પરંતુ બારીક જાતની માગ હર સમય માટે રહે છે, જેથી મને આશા છે કે હુ આપને કોઈને કોઈ જાત તો આપી શકીશ જ

લિ તમારી બહેન
હેમપ્રભાદેવી"

દેશાંતરમા ખાદી

શ્રીમતી એરના સિંવડ (શ્રી શિવરામ નાનજી સિંવડનાં પત્ની) બ્રસેલ્સ (બેલ્જિયમ)થી નીચે પ્રમાણેનો પ્રેરણાત્મક સંદેશો પાઠવે છે —

મને હમેશા ઊનની ઘણી જ જરૂર પડે છે, કારણ કુટુંબ માટેના ઘણાખરા અંદર પહેરવાના કપડા હુ જાતે જ ગૂંથી લઉ છું નાનાલાલ (ચિખલીકરનો પુત્ર)ને એનો નવો કામળો ઘણો જ પસંદ પડ્યો છે મેં એની ત્રણ ગડી પાડીને એને એ આપ્યો છે આખા શિયાળા મધ્યે એને બીજું કાંઈ ઓઢવાની જરૂર પડી નથી બલકે બીજુ ઓઢવાનું આપતા તેણે ના પાડી છે તમારા ખાદીના કામળાથી એને જોઈએ તેટલા ગરમાવો અને હૂંફ મળી રહ્યા છે

× × ×

'હિંદુસ્તાન માટે મને બીજા કોઈ દેશ કરતા ખાસ કંઈ પણ પક્ષપાત નથી પરંતુ મારી સહધર્મચારીએ મને એ દેશ સાથે જોડી છે એવું મને લાગ્યા કરે છે, અને મારા પુત્રનો તેના પિતાની માતૃભૂમિ સાથેનો એ સંબંધ જળવાઈ રહે એમ હુ ઇચ્છું છું અને એ સંબંધ જાળવી રાખનાર તે ખાદી આ દૃષ્ટિએ ખાદીને હુ મારા પુત્રને હિંદુસ્તાન સાથે જોડનાર એક સાંકળ સમાન ગણું છું મને ખાદી ઘણી પ્રિય છે અને તેનું કારણ એ કે ખાદી ગરીબ બેકારોને કામ આપે છે નહિ કે દાન દક્ષિણા—કે જેનાથી માણસ અપંગ બની સમાજને બોજારૂપ થઈ પડે છે બીજુ એ કે એ ઘણા કામમા સારી ઉપયોગી થઈ પડે છે અને ટકે છે પણ સારી"

મુંબઈમા ખાદીવેચાણ

મુંબઈમાં જુલાઈ માસનું ખાદીનું વેચાણ નીચે મુજબ છે —

ખાદીભંડાર ૩૯૬ કાલબાદેવી	રૂા	૨૫૮૭૮—૫—૩
ખાદી ડાઈંગ ઍન્ડ પ્રિન્ટિંગ વર્ક્સ	રૂા	૩૮૪૩—૭—૯
શ્રીજી વલ્લભદાસ ખાદીભંડાર	રૂા	૫૬૫૨—૯—૯
શુદ્ધ ખાદીભંડાર કાલબાદેવી	રૂા	૨૬૫૭—૧૦—૦
શાખા નં ૧	રૂા	૫૧૬—૯—૦
દાદર ખાદીભંડાર	રૂા	૧૪૦૧—૨—૯
અ ભા ચરખાસંઘ ખાદીભંડાર ગિરગામ	રૂા	૧૧૨૬—૯—૬
કુલ વેચાણ	રૂા	૪૨૧૩૦—૬—૦

ચિ. વ. જો

પંજાબની ખાદીની જાતો

સફાઈ, મજબૂતી અને સસ્તાપણા માટે મશહૂર છે

પંજાબની ખાસ સસ્તી ખાદી

'લજપત' ખાદી
૪ આને ૧ વાર
દરેક ઉપયોગમાં
આવે તેવી જાત
ખમીસ પહેરણ માટે ખાસ ઉપયોગી

ખૂબ સસ્તી જાત
રૂા. ૦-૩-૬
એક વાર ખાદી
સર્વ સાધારણ ઉપયોગ
અને વપરાશ માટે

તાકામા વાર ૨૦, પનો ઇચ ૨૭

પંજાબની ઘટ્ટ વણાટની ખાદી

કોટ, ખમીસ, પહેરણ પાટલૂન તેમજ અનેક ઉપયોગ માટે

તાકામા વાર ૨૦

ખાદી જાત નં. ૧૫
પનો ઇચ ૨૭
વારનો ભાવ રૂા ૦-૬-૬
તાકાનો ભાવ રૂા ૮-૦-૦

ખાદી જાત નં. ૧૬
પનો ઇંચ ૩૫
વારનો ભાવ રૂા ૦-૭-૯
તાકાનો ભાવ રૂા ૯-૯-૦

ચાલુ ધોલાઈની ખાદી
પનો ઇચ ૩૪, જાત નં ૫
વારનો ભાવ રૂા ૦-૫-૬
૨૦ વારના તાકાનો ભાવ રૂા ૬ ૧૨ ૦

દૂધમલ સફેદ ધોલાઈ
ખાદી નં ૧૬૦
પનો ઇચ ૩૩ રૂા ૦-૮-૩ વારના
૨૦ વારના તાકાનો ભાવ રૂા ૧૦-૩-૦

ખમીસ પહેરણની ખાદી

ઘટ્ટ વણાટ

૪૫ ઈંચ પનાની 'લજપત' ખાદી

સફેદ ધોયેલ તાકામા વાર ૧૫

વારની કિંમત રૂા ૦-૮-૦

તાકાની કિંમત રૂા ૭-૬-૦

વોલન્ટિયર પોશાક માટે

પંજાબનું ખાખી શર્ટિંગ
ખમીસ પહેરણ માટે
પનો ઈંચ ૨૭, રૂા ૦-૫-૩ વારના

ખાખી કોટિંગ
કોટ, પાટલૂન, નિકર માટે —
પનો ઇંચ ૨૭, રૂા ૦-૯-૦ વારના

દૂધમલ ધોયેલ

લાનકલોથ ખાદી

ખમીસ-પહેરણ ચાદર ધોતી, સાડી વગેરે
માટે ઉપયોગી સૂતર નં ૧૨ થી ૧૫
વજનમાં હલકી ૧૦ વારના
ખાસ ધોલાઈના તાકા

જાત નં.	પનો	વારનો ભાવ	તાકાનો ભાવ
૪૫	૪૦"	રૂા ૦-૯-૩	રૂા ૫-૧૧-૬
૫૦	૫૦'	રૂા ૦-૧૦ ૬	રૂા ૬-૭-૬
૫૪	૪૮'	રૂા ૦ ૧૧-૯	રૂા ૭-૩-૬

મસ્તામાં મસ્તી ખાદી

ખરીદીને પણ તમે હિંદુસ્તાનના અનેક
ક્ષુધાર્તોને અન્ન આપી શકો છો

કોટ, પાટલૂન, પહેરણ, ચડ્ડી
અનેક ઉપયોગમા આવે તેવી

ધોયેલ ખાદી

૧૫ાા થી ૧૬ વારના તાકા પનો ઈંચ ૩૦

જાત નમ્બર	વારનો ભાવ	તાકાની રકમ
૧૦	રૂા ૦-૬-૩	રૂા ૫-૧૪-૬
૨૦	, ૦-૬-૦	, ૫-૧૦-૦
૩૦	૦-૫-૬	૫-૩-૩

પનો ઈંચ ૨૭ — જાત નં ૭૭

તાકાના	વારનો ભાવ
રૂા ૪-૦-૩	રૂા ૦-૪-૩

સુદર ધોલાઈની ખાદી

તાકામા વાર ૧૫ થી ૨૦ – પનો ઈંચ ૨૭
૧ વારના રૂા ૦-૪-૦ ફક્ત

પંજાબના ટુવાલ તથા નેપકિન

— હનીકોમ ટુવાલ —

ઉપયોગ	માપ	ભાવ નગનો	ભાવ ડઝનનો
વિંટાળવા	૧ાાx૩૧'	રૂા ૦ ૧૫ ૩	૧૧-૫-૦
પહેરવા	૧ાx૨૭"	,, ૦ ૧૦-૨	૭-૧૫ ૦
સાફ કરવા	૧ાx૨૭'	, ૦-૯-૦	૬ ૧૦ ૦
નાહીને પહેરવા પૂરતા માપના	૨x૩૬"	,, ૧-૩-૩	૧૪-૫-૦

હનીકોમ નેપકિન

— સાફસફ માટે —

માપ	ભાવ નગનો	ભાવ ડઝનનો
૩૬"x૨૨'	રૂા ૦-૬-૩	૪-૯-૦
૨૨"x૨૨"	,, ૦-૪-૬	૩-૪-૦

શુદ્ધ સ્વદેશી—રેશમ

— રેશમી સાડીઓ —

તરેહવાર સાડીઓ, ૬ વાર × ૪૫ ઇંચ

છાપેલ કિનારની સાડીઓ

સફેદ પોતના	રૂા ૧૭—૪—૦
રંગીન પોતના	રૂા ૧૮—૪—૦
રંગીન પોત તથા બાધણી ભાતના	રૂા ૧૯—૪—૦

૬ × ૫૦ ની સાડીઓ

રંગીન પોત તથા તરેહવાર છાપેલ કિનાર	રૂા ૨૧—૧૨—૦
ફૂલ તથા વેનાતરાહમા છાપેલ પોતની સાડીના	રૂા ૨૯—૪—૦
રંગીન પોત તથા વચ્ચે ભાત	રૂા ૨૪—૮—૦

— અનેક ભાતીગર રેશમી બ્લાઉઝ —

દરેક ટુકડો એક બ્લાઉઝ યા એક પોલકાને પૂરા માપનો હોય છે

બ્લાઉઝ અથવા પોલકા સિવરાવી લેવાય છે

છાપકામની વિગત	કિંમત દરેકની
બાધણીની તરાહની છાપ	રૂા ૩—૨—૦
રંગબેરંગી કોર તથા બુટ્ટાવાળુ	રૂા ૩—૨—૦
ફેન્સી તરાહની કિનાર તથા વેલા ભાતની છાપ	રૂા ૪—૧૨—૦

— રેશમી રૂમાલ —

વિધવિધ ભાતમા છાપેલ રંગીન તથા સફેદ

ચાલુ સફેદ જાત	૨૨ × ૨૨	રૂા ૦—૧૪—૦ થી રૂા ૧—૦—૦ સુધી
વિવિધ ભાત	૨૨ × ૨૨	રૂા ૧—૬—૦
	૨૨ × ૨૨	રૂા ૧—૧૪—૦

— સ્ત્રીઉપયોગી રેશમી રૂમાલ —

માપ	નગના
૧૨ × ૧૨'	રૂા ૧—૨—૦
૧૮ × ૧૮	રૂા ૧—૮—૦

ડગલા માટે રેશમી કાપડ

પનો ઇંચ ૩૬ ભાવ વારના રૂા ૫—૮—૦

— પંજાબની છાપેલ જાજમ —

આકર્ષક તરાહો — ઘટ વણાટ

	માપ	ભાવ નગનો
ત્રણ રંગમાં છાપેલ	૪ વાર × ૩ વાર	રૂા ૧૧—૧૧—૦
	૩ વાર × ૫૪'	રૂા ૫—૮—૦
બે રંગમા છાપેલ	૪ વાર × ૩ વાર	રૂા ૯—૧૩—૦
	૩ વાર × ૫૪	રૂા ૩—૨—૦

કાશ્મીરની કુદરતી ઉત્પત્તિ

મધ═══તથા═══કેસર

કેસર —હિન્દ ભરમા માત્ર કાશ્મીર એક જ પ્રદેશ છે કે જ્યાના ખેતરોમા કેસરનો પાક કુદરતી નીપજે છે

સ્વદેશી અને પવિત્ર કેસર તરીકે

આ એક જ જાત હિંદમા છે

કાશ્મીરમા ભંડારની શાખા હોવાને કારણે કુદરતનો એ પાક સીધો ખેતર પરથી ખરીદી કરી જાતી દેખરેખ હેઠળ લાવવામા આવે છે

શુદ્ધ પવિત્ર અને એક જ સ્વદેશી

— કેસર —

બાટલીઓમા પેક થય છે

તોલા	૦॥	૧	૨	૫	૧૦	૨૦
ભાવ રૂા	૦—૧૨—૦	૧—૮—૦	૩—૦—૦	૭—૪—૦	૧૪	૨૭

છૂટુ કેસર — એક રતલના રૂા ૫૨—૦—૦

જથ્થાબંધનુ પૅકિંગ ખર્ચ જુદુ

મધ —કાશ્મીરના જંગલો વિશાળ છે આ જંગલોમા ફૂલ અને ફળ મોટા પ્રમાણમા હોય છે

મધમાખીને મધનો રસ લેવા અને મધપૂડામા ભરવા કુદરતની આવી મગવડ હિન્દના બીજા ભાગોમા ભાગ્યે જ છે

મધપૂડા —કાશ્મીરના ગામડિયાઓ મધપૂડા ઉછેરી મધનો સંગ્રહ કરે છે આ ગામડાઓ સાથે ખાદી વિભાગને અને ભંડારની કાશ્મીર શાખાનો સંબંધ હોવાથી જાતી દેખરેખ નીચે મધ એકઠુ કરાય છે

ચોખ્ખુ —આ મધ શાસ્ત્રીય પદ્ધતિએ સાફસૂફ થતુ હોવાથી દવામા ઉપયોગી છે

બાટલીમા રતલ	૦॥	૧ (ખાસ પેચદાર બાટલી)	૨
ભાવ રૂા	૦—૧૧—૦	૧—૪—૦	૧—૧૪—૦

જથ્થાબંધ	૧૦ રતલ	૨૦ રતલ	૪૦ રતલ
	૮—૮—૦	૧૬—૦—૦	૩૨—૦—૦

જથ્થાબંધનુ પૅકિંગ ખર્ચ જુદુ

સૂચના—૧ બહારગામના ઓર્ડર વી પી થી મોકલાશે

૨ બહારગામથી માલ મગાવનારે ૨૫ ટકા જેટલી કિંમત ઓર્ડર સાથે અવશ્ય મોકલવી જોઇએ

૩ એક આનાની પોસ્ટની ટિકિટો મળ્યે નમૂનાઓ મોકલવામા આવશે

૪ બહારગામથી મગાવનારે જોઇતી વસ્તુનું જરૂરી માપ લખવુ

સઘળો પત્રવ્યવહાર — ખાદી ભંડાર, નં ૩૯૬ કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨, એ સરનામે કરવો.

ગરમ કાપડનું ઉત્પત્તિ કેન્દ્ર —અખિલ ભારત ચરખાસંઘ, શ્રીનગર (કાશ્મીર) મગનામુ અમૃતસરમા કરવુ

તારનુ સરનામુ — KHADISHOP	**અખિલ ભારત ચરખાસંઘ** (વેચાણ વિભાગ) ખાદી ભંડાર, ૩૯૬, કાલબાદેવી રોડ, મુંબઈ નં ૨.

પ્રકાશક—મનુભાઈ મગનલાલ વૈદ્ય 'ખાદી પત્રિકા' ઑફિસ રીલીફ રોડ અમદાવાદ